દૈનિક

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 102 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 May 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સરહદ પર નવાજૂનીના એંધાણ


SCAN FOR TODAY'S GOLD RATE

WE BUY OLD GOLD AT BEST RATE

ANTARA GOLD & DIAMONDS

DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


## મોદીએ મોસ્કોનો પ્રવાસ રદ કર્યો

મોસ્કો: વડા પ્રધાન નરેન્દ્ર મોદી રશિયામાં નવમી મેએ યોજાનારાં ૮૦મા 'વિક્ટરી ડે'ની ઉજવણીમાં હાજરી નહીં આપે, એમ ક્રેમલિનના પ્રવક્તા દમિત્રી પૅસ્કૉવએ બુધવારે કહ્યું હતું.

મોદીએ મોસ્કો પ્રવાસ રદ કર્યો હોવાને કારણે આ કાર્યક્રમમાં હાજર નહીં રહી શકે.

મોદીને બદલે ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ આ કાર્યક્રમમાં હાજરી આપશે, એમ તેમણે કહ્યું હતું. વર્ષ ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધ (જુઓ પાનું ૨)

## ભારતે પાકને હોટલાઈન પર ચેતવણી આપી

નવી દિલ્હી: ભારતના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સે હોટલાઇન પર પાકિસ્તાનના લશ્કરના ઉચ્ચ અધિકારીની સાથે વાત કરીને તેઓને કોઇ પણ ઉશ્કેરણી વિના કરાતા ગોળીબારને તાત્કાલિક રોકવાનું જણાવીને ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેવાની ચેતવણી આપી હતી.

કોઈપણ પ્રકારની ઉશ્કેરણી વિના પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા શસ્ત્રવિરામ ભંગના મુદ્દે ભારતના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સે પાકિસ્તાનના લશ્કરના (જુઓ પાનું ૨)

## પીઓકેની ફ્લાઈટ રદ કરતી પાકિસ્તાની ઍરલાઈન્સ

ઈસ્લામાબાદ: પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે નિર્માણ પામેલી તણાવપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પાકિસ્તાની ઍરલાઈન્સે સુરક્ષાના કારણોસર બુધવારે પીઓકેના ગિલગિટ, સ્કાર્દુ સહિતના વિસ્તારોની ફ્લાઈટ રદ કરી દીધી હોવાનું સ્થાનિક પ્રસારમાધ્યમના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ફ્લાઈટના સમયપત્રકને ટાંકતાં ઉર્દુ દૈનિક 'જંગ'માં જણાવવામાં આવ્યું હતું કે પાકિસ્તાન ઈન્ટરનેશનલ (જુઓ પાનું ૨)


### અમૂલ દૂધની કિંમતોમાં વધારો.

| પ્રકાર | SKU | હાલની એમઆરપી* (₹) | નવી એમઆરપી* (₹) |
|---|---|---|---|
| અમૂલ ભેંસનું દૂધ | 500 મિલી | 36 | 37 |
| | 1 લીટર | 71 | 73 |
| અમૂલ ગોલ્ડ | 500 મિલી | 34 | 35 |
| | 1 લીટર | 67 | 69 |
| અમૂલ ટી – સ્પેશ્યલ | 500 મિલી | 28 | 29 |
| | 1 લીટર | 55 | 57 |
| અમૂલ ગાયનું દૂધ | 500 મિલી | 28 | 29 |
| | 1 લીટર | 55 | 57 |
| અમૂલ તાજા | 500 મિલી | 28 | 29 |
| | 1 લીટર | 55 | 57 |
| | 2 લીટર | 108 | 112 |

*એમઆરપી (બધાં કરવેરા સહિત) શરતો લાગુ.

નવી કિંમતો 1 મે, 2025 ના રોજ સવારથી મુંબઇ અને નજીકના માર્કેટમાં લાગુ રહેશે.

અમૂલ દૂધ

Amul The Taste of India

અમે દૂધની કિંમતોમાં વધારો કર્યો છે, જે દૂધ ઉત્પાદન ખર્ચમાં વધારો થવાને લીધે કરાયો છે. વધુ માહિતી માટે કૃપા કરી અહીં સંપર્ક કરો – 1800-258-3333 / ઈમેઈલ: customercare@amul.coop


## કરાચી ઈન્ડેક્સમાં ૩૫૪૬ પોઈન્ટનો જોરદાર કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ/કરાચી: જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સાથે વધતા તણાવને કારણે બુધવારે પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ (પીએસએક્સ)માં ટ્રેડિંગ નકારાત્મક રહ્યું હતું અને મોટું ધોવાણ જોવા મળ્યું હતું.

કરાચીનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ સત્ર દરમિયાન ૧,૧૪,૦૬૬.૧૩ પોઇન્ટની ઊંચી, ૧,૧૦,૬૩૧.૮૪ પોઇન્ટની નીચી સપાટીને અથડાઇને અંતે પાછલા બંધ સામે ૩,૫૪૫.૬૦ પોઇન્ટ અથવા તો ૩.૦૯ ટકાના જોરદાર કડાકા સાથે ૧,૧૧,૩૨૬.૫૮પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

પાકિસ્તાન સામે ભારત લશ્કરી હુમલા કરી શકે છે, તેવી અટકળોને કારણે સર્જાયેલી અનિશ્ચિતતાના માહોલ વચ્ચે પીએસએક્સ પરના શેરોમાં ૨,૦૦૦ પોઈન્ટથી મોટો કડાકો નોંધાયો હતો.

મંગળવારે સાંજે, માહિતી પ્રધાન અતાઉલ્લાહ તરારએ દાવો કરીને અનિશ્ચિતતામાં વધારો કર્યો કે ભારત આગામી ૨૪થી ૩૬ કલાકમાં તેની સામે લશ્કરી કાર્યવાહી (જુઓ પાનું ૨)

## યુદ્ધની શક્યતા વધી રહી છે: પાક પ્રધાન

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના સંરક્ષણપ્રધાન ખ્વાજા આસીફે બુધવારે કહ્યું હતું કે વિવિધ દેશો બે પડોશી ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદિલી દૂર કરવાના પ્રયાસ કરી રહ્યા હોવા છતાં સમય વિતવાની સાથે ભારત સાથેની અથડામણની સંભાવના વધતી જાય છે. સંસદની બહાર સુરક્ષા પરિસ્થિતિ વિશે પૂછવામાં આવતાં આસીફે આ ટિપ્પણી કરી હતી. આસિફે આ સાથે કહ્યું હતું કે પાકિસ્તાન પરના કોઈ પણ આક્રમણનો પાકિસ્તાન યોગ્ય જવાબ આપશે. જોકે તેમણે પાકિસ્તાની પ્રતિસાદની વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો.

દરમિયાન પાકિસ્તાનના માહિતી પ્રધાન અતાઉલ્લાહ તરારએ બુધવારે એક્સ પર એક નિવેદન જારી કરીને પોતાનો ભય જાહેર કર્યો હતો કે અમારી પાસે વિશ્વસનીય ગુપ્ત માહિતી છે કે ભારત આગામી ૨૪-૩૬ કલાકમાં પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી કરી શકે છે.

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમ સીમાએ છે ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ત્રણેય સેનાના વડાઓ સાથે યોજેલી બેઠકની સીધી અસર પાકિસ્તાન પર જોવા મળી હતી. તરારે ભારત પર આરોપ લગાવ્યો છે કે કોઈપણ નિષ્પક્ષ તપાસને બદલે, ભારતે સીધો લશ્કરી (જુઓ પાનું ૨)

## રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડના અધ્યક્ષ બન્યા આલોક જોશી

નવી દિલ્હી: સરકારે નેશનલ સિક્યોરિટી એડવાઈઝરી બોર્ડ (એનએસએબી)માં સુધારો કર્યો હતો અને આલોક જોશીની રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂક કરી હતી. પહલગામ આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની સંડોવણીને ધ્યાન પર લેતાં ભારત પાકિસ્તાન વિરુદ્ધ વળતું પગલું લેશે કે નહીં એવી વહેતી થયેલી અટકળો વચ્ચે સરકારે આ નિર્ણય લીધો હતો.

રૉના ભૂતપૂર્વ વડા આલોક જોશીની રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. એનએસએબી સલાહકાર સંસ્થા છે જે નેશનલ સિક્યોરિટી કાઉન્સિલ સૅક્રેટરિયેટને ગુપ્ત માહિતી પૂરી પાડે છે. એનએસએબીમાં નિમવામાં આવેલા નવા સભ્યોમાં ભૂતપૂર્વ વેસ્ટર્ન ઍર કમાન્ડર માર્શલ પી. એમ. સિંહા, ભૂતપૂર્વ સાઉથર્ન આર્મી કમાન્ડર લે. જન. એ. કે. સિંહ અને રિઅર એડમિરલ (નિવૃત્ત) મૉન્ટી ખન્નાનો સમાવેશ થાય છે. ભૂતપૂર્વ રાજદ્વારી બી, વેંકટેશ વર્મા અને નિવૃત્ત આઈપીએસ રાજીવ રંજન વર્માની પણ એનએસએબીના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી. (એજન્સી) ■

## દૂધ મોંઘું થયું

નવી દિલ્હી: અમૂલ અને મધર ડેરીએ દૂધના ભાવમાં વધારો કર્યો છે. અસહ્ય મોંઘવારીથી ત્રસ્ત ગુજરાતના લોકોને મોંઘવારીના માર વચ્ચે વધુ એક ફટકો પડ્યો હતો. અમૂલે દૂધના ભાવમાં વધારો કરતા મધ્યમ વર્ગને મોટો ફટકો પડ્યો છે, અમૂલે પ્રતિ લિટરે ૨ રૂપિયા અને ૫૦૦ મિલીલિટરમાં ૧ રૂપિયાનો વધારો ઝીંક્યો હતો. અમૂલ દ્વારા કરવામાં આવેલો દૂધના ભાવનો વધારો આવતીકાલે ગુરુવાર (૧ મે, ૨૦૨૫)થી લાગુ થશે. સાબરકાંઠા સહિત ગુજરાત અને અન્ય રાજ્યોમાં અમૂલના તમામ દૂધ ઉત્પાદનોમાં ભાવવધારો કરવામાં આવ્યો હતો. અમૂલ ડેરીએ જાહેર કરેલી સૂચના મુજબ, આણંદ તથા ખેડા જિલ્લામાં ૧ મે, ૨૦૨૫ની સવારથી દૂધના ભાવનો વધારો અમલમાં આવશે, જેમાં અમૂલ સ્ટાન્ડર્ડ દૂધ, અમૂલ બફેલો દૂધ, ગોલ્ડ દૂધ, અમૂલ ટી સ્પેશિયલ, તાઝા સહિતની અમૂલના દૂધની પ્રોડક્ટમાં લિટર દિઠ બે રૂપિયા અને ૫૦૦ મિ.લિ. દિઠ ૧ રૂપિયાનો ભાવનો વધારો કરવામાં આવ્યો હતો. સાબરડેરીનાં સૂત્રો મુજબ, અમૂલ ગોલ્ડ ૫૦૦ મિ.લિ.નો ભાવ રૂ.૩૩થી વધીને રૂ.૩૪ થયો છે. અમૂલ શક્તિ હવે રૂ.૩૦ને બદલે રૂ.૩૧માં મળશે. બંને પ્રકારનાં દૂધ ૫૦૦ એમએલના પાઉચમાં વેચાય છે. તે જ પ્રમાણે અન્ય (જુઓ પાનું ૨)

## જાતિ આધારિત વસતિગણતરીને મંજૂરી

નવી દિલ્હી: ભવિષ્યમાં હાથ ધરવામાં આવનારી વસતિ ગણતરીમાં પારદર્શિતા જળવાય તે માટે જાતિ આધારિત વસતિગણતરીનો પણ સમાવેશ કરવાનો સરકારે બુધવારે નિર્ણય લીધો હતો.

જાતિ આધારિત વસતિગણતરીને બુધવારે મંજૂરી આપવામાં આવી હતી. કેબિનેટ કમિટી ઑન પોલિટિકલ અફેર્સ દ્વારા લેવામાં આવેલા નિર્ણયની જાહેરાત કરતાં કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે વસતિગણતરી કેન્દ્ર સરકારના અધિકાર ક્ષેત્રમાં આવે છે, પરંતુ અમુક રાજ્યોએ સર્વેક્ષણના નામે જાતિ આધારિત જનગણના કરી હતી.

વિપક્ષશાસિત રાજ્યોએ રાજકીય કારણોસર સર્વેક્ષણના નામે જાતિ આધારિત જનગણના કરી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

ભવિષ્યમાં હાથ ધરવામાં આવનારી વસતિ ગણતરીમાં પારદર્શિતા જળવાય તે માટે જાતિ આધારિત વસતિગણતરીનો પણ સમાવેશ કરવાનું મોદી સરકારે નક્કી કર્યું છે, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૨૦માં જનગણનાની કવાયત હાથ (જુઓ પાનું ૨)

## ઈન્કમ ટૅક્સ રિટર્ન્સના ફોર્મ ૧ અને ૪ બહાર પડાયા

નવી દિલ્હી: આવકવેરા ખાતાએ ૨૦૨૫-૨૬ના આકારણી વર્ષ માટેના ઈન્કમ ટૅક્સ રિટર્ન્સનાં ફોર્મ એક અને ચારનું જાહેરનામું બહાર પાડ્યું હતું. આ ફોર્મ વર્ષમાં ૫૦ લાખ રૂપિયા આવક ધરાવનારા વ્યક્તિ અને એન્ટિટીએ ભરવાનું છે.

હવે વ્યક્તિની નાણાકીય વર્ષમાં લાંબા ગાળાની કેપિટલ ગેન હોય એ પણ આઈટીઆર-એક ફોર્મ ભરી શકે. અગાઉ આવી વ્યક્તિ આઈટીઆર-બે ફોર્મ ભરતી હતી.

આ જાહેરનામાને લીધે વ્યક્તિ, એચયુએફ, ફર્મ જેની આવક ૫૦ લાખ રૂપિયા અને ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં (એપ્રિલ-માર્ચ) બિઝનેસ અને પ્રોફેશનમાં કમાણી કરનારા કરદાતાઓ નાણાકીય વર્ષમાં કરેલી કમાણી માટે આઈટી રિટર્ન ભરવાનું ચાલુ કરી દે.

આઈટીઆર ફોર્મ એક (જુઓ પાનું ૨)

## પવિત્ર ચારધામ યાત્રાનો પ્રારંભ



**મંદિર તારું વિશ્વ રૂપાળું:** ઉત્તરકાશીમાં અક્ષય તૃતીયા નિમિત્તે ગંગોત્રી મંદિરના દરવાજા ખોલવા યોજાયેલા સમારોહ દરમિયાન શ્રદ્ધાળુઓ ઊમટી પડ્યા હતા. (એજન્સી)

હૃષીકેશ: અક્ષય તૃતીયાના શુભ અવસર પર બુધવારે ભારે સુરક્ષા વ્યવસ્થા સાથે ચારધામ યાત્રાનો શુભારંભ થયો હતો.

અક્ષય તૃતીયાના આ શુભ દિવસે, ગંગોત્રી ધામના કપાટ સવારે ૧૦.૩૦ વાગ્યે અને યમુનોત્રી ધામના કપાટ સવારે ૧૧.૫૦ વાગ્યે ખોલવામાં આવ્યા હતા.

કેદારનાથ ધામના કપાટ ભક્તો માટે ૨ મે, ૨૦૨૫, શુક્રવારના રોજ સવારે ૭ વાગ્યે ખૂલશે.

આ ઉપરાંત, બદ્રીનાથ ધામના કપાટ રવિવાર, ૪ મે, ૨૦૨૫ના (જુઓ પાનું ૨)




## સીઆઈએસસીઆઈનું ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ જાહેર

નવી દિલ્હી : ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન (સીઆઈએસસીઈ)ના દસમા અને બારમાની પરીક્ષાના બુધવારે જાહેર થયેલાં પરિણામોમાં છોકરીઓએ છોકરાઓને પાછળ મૂકી દીધા છે.

દસમા ધોરણની પરીક્ષામાં છોકરીઓની પાસ થવાની ટકાવારી ૯૯.૪૫ ટકા હતી, જ્યારે છોકરાઓની ઉત્તીર્ણ થવાની ટકાવારી ૯૮.૬૪ ટકા હતી. બારમાં ધોરણમાં પણ છોકરીઓનો દબદબો રહ્યો છે. છોકરીઓના પાસ થવાની ટકાવારી ૯૯.૪૫ ટકા અને છોકરાઓની પાસ થવાની ટકાવારી ૯૮.૬૪ રહી હતી.

આઈસીએસઈ પરીક્ષા (દસમા ધોરણ) ૬૭ લેખિત વિષયોમાં લેવામાં આવી હતી. આમાંથી ૨૦ ભારતીય ભાષા, ૧૪ વિદેશી ભાષા અને (જુઓ પાનું ૨)

## કોલકાતાની હૉટેલમાં ભીષણ આગ: ૧૪નાં મોત

કોલકાતા: કોલકાતાના બોરા બજાર વિસ્તારમાં મહાત્મા ગાંધી રોડ પર આવેલી એક હૉટેલમાં મંગળવારે રાત્રે લગભગ ૮.૧૫ વાગ્યે ભીષણ આગ ફાટી નીકળી હતી.

આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૪ લોકોનાં મોત થયાં છે, જ્યારે બચાવ ટીમોએ ઘણા લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે.

ફાયર બ્રિગેડની ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને તાત્કાલિક આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી અને આગ પર નિયંત્રણ મેળવવામાં આવ્યું, આગની તીવ્રતાને કારણે બચાવ કાર્યમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

આગની જ્વાળાઓ અને ગાઢ ધુમાડાએ આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જ્યો હતો, જેના કારણે સ્થાનિક રહેવાસીઓને શ્વાસ (જુઓ પાનું ૨)


Summer Holidays

પ્યોર જૈન - વેજ ટુર બધા સમાવેશ સાથે

ગ્રાન્ડ યુએસએ - ૨૧ દિવસ

ગ્રાન્ડ યુરોપ - ૧૯ દિવસ

બેસ્ટ ઓફ દક્ષિણ આફ્રિકા સાથે મોરેશિયસ - ૧૫ દિવસ

બેસ્ટ ઓફ યુરોપ -૧૪ દિવસ (બેસ્ટ સેલર)

બેસ્ટ ઓફ ઓસ્ટ્રેલિયા-૧૩ દિવસ

ફાર ઈસ્ટ થાઈલેન્ડ / મલેશિયા /સિંગાપોર ક્રુઝ સાથે-૧૫ દિવસ

કોઈ છુપાયેલા ખર્ચ વગર તમામ સમાવિષ્ટ સાથેના પેકેજ

વધુ વિગતો માટે સંપર્ક કરો

Guideline™ making travel an art!

HEAD OFFICE : 40622222 / 40622205

GHATKOPAR: 9820089928 KANDIVALI: 9619251138

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જ્ઞાતિ આધારિત વસતિગણતરી, ભાજપે કેમ ગુલાંટ લગાવી?

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકારે બહુ મોટી ગુલાંટ લગાવીને જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની જાહેરાત કરી નાંખી. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ૨૨,૮૬૪ કરોડ રૂપિયાના ખર્ચે શિલોંગથી સિલચર (મેઘાલય-આસામ) હાઈસ્પીડ કોરિડોર બનાવવાની દરખાસ્તને પણ મંજૂરી આપી દેવાઈ છે. આ ઉપરાંત મોદી સરકારે ૨૦૨૫-૨૬ માટે શેરડીની ફેર અને રિમ્યુનરેટિવ એટલે કે ન્યાયી અને ખેડૂતોને વળતર મળે એવી કિંમતો પણ નક્કી કરી છે.

કેન્દ્ર સરકારે નક્કી કરેલી શેરડીની ફેર અને રિમ્યુનરેટિવ પ્રાઈસ ૩૫૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે તેથી તેનાથી નીચી કિંમતે શેરડી ખરીદી શકાશે નહીં. આ બંને નિર્ણયો પણ મહત્ત્વના છે પણ વધુ મહત્ત્વનો નિર્ણય જ્ઞાતિ આધારિત વસતિગણતરીનો છે કેમ કે મોદી સરકાર અત્યાર સુધી જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની વિરુદ્ધ હતી.

ભારતમાં દર ૧૦ વરસે વસતી ગણતરી થાય છે પણ આ વખતે કોરોનાના કારણે ૨૦૨૧માં વસતિગણતરી થઈ શકી નહોતી. એ પછી બીજા ત્રણ વર્ષ જતાં રહ્યાં ને હવે ૨૦૨૫ પણ અડધો થવા આવ્યો છતાં વસતિગણતરી શરૂ થઈ નથી તેથી સરકારે વસતિગણતરી પણ કરાવવાની બાકી છે. સરકારે કરેલી જાહેરાત પ્રમાણે, મૂળ વસતિગણતરીમાં જ જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવી લેવાશે. ૨૦૨૧થી ૨૦૨૩ સુધી કોરોનાની અસર રહી તેના કારણે વસતિગણતરીને મુલતવી રાખવામાં આવી હતી અને તેના કારણે વસતિગણતરીનું ચક્ર પણ બદલાઈ ગયું છે. વસતિગણતરી સામાન્ય રીતે દર ૧૦ વર્ષે કરવામાં આવે છે પણ આ વખતે ૫ વર્ષનો વિલંબ થયો છે તેથી હવે પછીની વસતિગણતરી ૨૦૩૫માં થશે.

અત્યારે વ્યક્ત કરાયેલી શક્યતા પ્રમાણે વસતિગણતરી આ વર્ષે સપ્ટેમ્બરથી શરૂ કરી શકાય છે અને વસતિગણતરી પૂરી થવામાં ઓછામાં ઓછાં ૨ વર્ષ લાગશે તેથી જ્ઞાતિ આધારિત વસતિગણતરીના આંકડા આવતાં આવતાં ૨૦૨૭ પતી જશે. સપ્ટેમ્બરમાં પણ વસતિગણતરીની પ્રક્રિયા શરૂ થશે તો અંતિમ આંકડા ૨૦૨૭ના અંત કે ૨૦૨૮ની શરૂઆતમાં આવશે એ જોતાં ૨૦૨૯ની લોકસભાની ચૂંટણીમાં ભાજપ જ્ઞાતિ આધારિત વસતિગણતરીના આધારે ઓબીસી કાર્ડ રમશે એવું મનાય છે.

ભાજપ સરકારે પહેલાં જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની ના પાડીને અચાનક જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની જાહેરાત કરી એ પાછળ બિહાર વિધાનસભાની ચૂંટણી કારણભૂત મનાય છે. બિહારમાં નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી છે. બિહારમાં ઓબીસી મતબેંક મોટી છે તેથી તેને લોભાવવા માટે રાષ્ટ્રીય જનતા દળ અને કૉંગ્રેસ ક્યારનાંય જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની જીદ પકડીને બેઠાં છે.

નીતિશે પોતે જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની માગ શરૂ કરેલી પણ ત્યારે એ આરજેડી-કૉંગ્રેસ સાથે હતા. ભાજપ સાથે આવ્યા પછી તેમણે પોતે સાવ વટલાઈ નથી ગયા એ સાબિત કરવા માટે બિહારમાં જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવી પણ એ સત્તાવાર અને આધારભૂત ના કહેવાય તેથી નીતીશ કુમાર કેન્દ્ર સરકાર પણ જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવે એવી જીદ પકડીને બેઠા હતા. ભાજપ પાસે લોકસભામાં સ્પષ્ટ બહુમતી નથી ને નીતીશની જેડીયુના સહારે તેમની સરકાર ટકેલી છે એટલે નીતીશની વાત માન્યા વિના છૂટકો નહોતો તેથી ભાજપે ઝૂકવું પડ્યું છે.

હાસ્યાસ્પદ વાત એ છે કે, ભાજપે જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની જાહેરાત પોતે કરીને કૉંગ્રેસને ભિડાવવાની કોશિશ કરી છે. આ જાહેરાત કરતાં કેન્દ્ર સરકાર વતી કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે એવો દાવો કર્યો કે, ભારતમાં ૧૯૪૭થી જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવામાં આવી નથી. ડૉ. મનમોહન સિંહે જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની વાત કરી હતી પણ માત્ર સર્વે કરાવ્યો હતો કે જેના આધારે ચોક્કસ આંકડા નહોતા મળ્યા. વૈષ્ણવે એવો પણ આક્ષેપ કર્યો કે, કૉંગ્રેસે જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની વાતનો માત્ર પોતાના ફાયદા માટે ઉપયોગ કર્યો છે. વૈષ્ણવે જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવી એ કેન્દ્ર સરકારનો વિષય છે એવો દાવો કરીને કેટલાંક રાજ્યોએ આ કામ સારી રીતે કર્યું હોવાનું કહીને નીતીશની પીઠ પણ થપથપાવી દીધી.

આ જાહેરાતે સાબિત કરી દીધું કે, ભાજપ કોઈ પણ મુદ્દા પર નક્કર વલણ ધરાવતો નથી. ભાજપ પોતે જ્ઞાતિ આધારિત વસતિગણતરીની તરફેણમાં નથી એવું પહેલાં જ કહી ચૂક્યો છે. બિહારમાં નીતીશ કુમારની સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ જ્ઞાતિ આધારિત વસતિગણતરીની માગ કરી ત્યારે ભાજપ સરકારે એ નહોતી સ્વીકારી. નીતીશે ભાજપથી અલગ થઈને આરજેડી સાથે મળીને સરકાર બનાવી પછી પોતાની રીતે જ્ઞાતિ આધારિત વસતિગણતરીનો નિર્ણય લીધેલો.

ભાજપ જ્ઞાતિ આધારિત વસતિગણતરીની તરફેણમાં નથી તેનું કારણ મતબેંકનું રાજકારણ હતું. ભાજપે ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવીને સત્તા માટે દેશમાં ધર્મના આધારે ભાગલા પાડી જ દીધા છે. હિંદુ વર્સિસ મુસ્લિમનું ગંદું રાજકારણ ભાજપ રમે જ છે પણ જ્ઞાતિ આધારિત વસતિગણતરી તેને પસંદ નથી કેમ કે કૉંગ્રેસ સહિતના પક્ષો હિંદુઓમાં ભાગલા પાડવા માગે છે. હિંદુઓમાં જ્ઞાતિના આધારે વિભાજન થશે તો તેના કારણે પોતાનો ગરાસ લૂંટાશે એવો ભાજપને ડર હતો. ભાજપ અંદરખાને સોશિયલ એન્જિનિયરિંગના નામે જ્ઞાતિવાદનું ગંદુ રાજકારણ રમે જ છે તેથી ભવિષ્યમાં ભાજપ પણ વિરોધ પડતો મૂકીને જ્ઞાતિ આધારિત વસતિગણતરીની તરફેણ કરતો થઈ જાય એવું બને એવી આશંકા પહેલાં જ વ્યક્ત કરાયેલી ને એ સાચી પડી છે.

જ્ઞાતિ આધારિત વસતિગણતરી દેશના ફાયદામાં નથી કેમ કે તેનો ઉદ્દેશ જ્ઞાતિના આધારે કલ્યાણ યોજનાઓ માટે નાણાં ફાળવવાનો છે. કલ્યાણ યોજનાઓ માટેનાં નાણાં આર્થિક સ્થિતિના આધારે ફાળવવાના બદલે જ્ઞાતિના આધારે ફાળવાય તેના કારણે સમાજ જ્ઞાતિઓમાં વિભાજિત થશે તેથી રાષ્ટ્રીયતાના વિચારનો જ છેદ ઊડી જશે.

કૉંગ્રેસે જ્ઞાતિ આધારિત વસતિગણતરીના મુદ્દાનો ઉપયોગ રાજકીય ફાયદો માટે કર્યો છે એવો ભાજપે આક્ષેપ કર્યો છે એ હાસ્યાસ્પદ છે. કૉંગ્રેસે તો બહુ પહેલાં જ એટલે કે કર્ણાટક વિધાનસભાની ચૂંટણી વખતે જ જ્ઞાતિ આધારિત વસતિગણતરીને પોતે રાષ્ટ્રીય મુદ્દો બનાવશે તેનો સંકેત આપી દીધેલો. રાહુલ ગાંધી તો ૨૦૨૩થી 'જિતની આબાદી, ઉતના હક'નો રાગ છેડીને બેસી ગયા હતા પણ ભાજપ તેના વિરોધમાં હતો.

રાહુલનું કહેવું હતું કે, વિકાસમાં તમામને ભાગીદાર બનાવવા હોય તો એ તો ખબર હોવી જોઈએ ને કે કોની કેટલી વસતિ છે? આપણને એ જ ખબર ના હોય કે, દેશમાં ઓબીસી, દલિત, આદિવાસી અને બીજા સમુદાયોની કેટલી વસતિ છે તો બધાંને વિકાસમાં ભાગીદાર કઈ રીતે બનાવીશું?

કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને દેશમાં જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની માગ કરી હતી પણ ભાજપ તેના વિરોધમાં હતો. આ સંજોગોમાં કૉંગ્રેસ શું કરે છે તેની વાત કરવાના બદલે ભાજપે પોતે શું કરે છે તેની વાત કરવી જોઈએ અને પોતે કેમ ગુલાંટ લગાવી તેનો લોકોને જવાબ આપવો જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૧-૫-૨૦૨૫,મહારાષ્ટ્ર – ગુજરાત દ્બિન,

- ભારતીય દ્બિનાંક ૧૧, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૩જો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર મૃગશીર્ષ બપોરે ક. ૧૪-૨૦ સુધી, પછી આર્દ્રા
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૮, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩-૫૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૦ (તા. ૧લી)
- ઓટઃ સવારે ક. ૦૭-૧૧, રાત્રે ક. ૨૦-૦૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ – ચતુર્થી. મહારાષ્ટ્ર – ગુજરાત દિન, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૨૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૨-૨૦ પછી શુભ.
- મુહૂર્ત વિશેષઃ શુદ્ધ સમયમાં લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ગુરુ -રાહુ દેવતાનું પૂજન,શીવ પાર્વતી પૂજા,અગરનાં ઔષધીય પ્રયોગો,નવાં ઔષધ ઉપચાર,વિદ્યારંભ,બાળકને અન્ન પ્રાશન, નામકરણ, દેવદર્શન, મંદિરોમાં ધજા , કળશ પતાકા ચઢાવવી, અભિષેક પૂજા, રાજ્યાભિષેક, બગીચો બનાવવો, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડ-દેવડ, ઘર, ખેતર, જમીન, મકાન લેવડ દેવડ, પ્રાણી પાળવાં,
- આચમનઃચંદ્ર-શનિ ચતુષ્કોણ સંઘર્ષથી સફળતા, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ નાણાંની જવાબદારીમા સાવધાની, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અનીતિમાન
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ. ચંદ્ર ક્રાંતિવૃત્તથી પરમ ઉત્તરે ૫ અંશ ૯ કળાના અંતરે રહે છે. ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ ઉત્તરે ૨૮ અંશ ૩૧ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# જાનવર આદમી સે જયાદા વફાદાર હયઃ ગીતકારની આ પંક્તિ આજે અક્ષરશઃ સાચી પડી રહી છે

**છેલ્લા** ૬૪-૬૫ વર્ષોથી દર ગુરુવારે નિયમિત પ્રગટ થતી કોમ - ભાઈબંધ કોમમાં લોકપ્રિય એવી આ 'મુખ્બિરે ઈસ્લામ' કટારના વાચકોને જાણકારી હશે કે, અલ્લાહ - ઈશ્વર - પ્રભુએ 'અશ્રફુલ મખ્લૂકાત એટલે તમામ જીવોમાં સર્વશ્રેષ્ઠ જીવ તરીકે આ જગતમાં માનવજાતને પેદા કરી.

- ઈન્સાન બુદ્ધિનો ભંડાર છે,

- આશ્ચર્યચકિત થઈ જવાય તેવી શોધો ઈન્સાને કરી છે અને હજુ કરી રહ્યો છે અને આ સિલસિલો એકધારી શોધો કયામત - મૃત્યુલોક - ન્યાયના દિવસ સુધી વણથંભી ચાલતી રહેશે. ઈન્શાઅલ્લા (ઈશ્વર - અલ્લાહ ઈચ્છા).

- પરંતુ હયરત - આશ્ચર્ય - અચંબો એ વાતનો છે કે બેસુમાર અક્કલનો આ આદમી આજે તેની બુદ્ધિનો ઈસ્તેમાલ ગેરમાર્ગે કરતો જોવા મળે છે.

- કુરાનની આયત - કથન - વાક્ય - વાણી મુજબ આ 'કયામતે કુબરા' અર્થાત્ ન્યાયનો દિવસ; આખરી નિર્ણય - કલયુગના જે સંકેતો દર્શાવવામાં આવ્યા છે, વર્ણવવામાં આવ્યા છે અને તેની જે નિશાનીઓ બતાવવામાં આવી છે તે આજે ચોખ્ખી - સ્પષ્ટ જોવા - અનુભવવા મળી રહી છે ત્યારે થાય છે કે હેવાન (જાનવર) અને આદમી વચ્ચે કોઈ ફરક રહ્યો નથી. બલકે જાનવર માનવીથી વધારે વફાદાર - નિષ્ઠાવાન છે.

- બીજાને બોધ આપવાથી - શીખામણ દેવાથી સમાજ સુધરી જતો નથી. આ સમસ્યાનો હલ તો અલ્લાહતઆલાએ અંતિમ પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલૈયહિ વસલ્લમ દ્વારા બતાવ્યો જ છે, જેમ કે તે કોઈપણ જીવને પેદા કરે છે ત્યારે તેના સુખરૂપ જીવનની હિદાયત માટે પહેલો પ્રબંધ કરે છે. માનવજાત માટે તેણે હિદાયત - માર્ગદર્શનની કિતાબો ઉતારી તેમાં છેલ્લી કિતાબ કુરાને મજીદ તો કયામત સુધી સુખી જીવન તરફ દિશા દાખવતું એક મુક્કમલ (સંપૂર્ણ) બંધારણ છે. તેમાં પરવરદિગારે આલમે જે આદેશો આપ્યા છે તે શિર્ફ અને શિર્ફ - માત્ર અને માત્ર માનવજીવનની જાતિ (વ્યક્તિગત) જિંદગીને સુધારવા માટે જ આપ્યા છે, એટલું જ નહીં પરંતુ આપણા મહાન પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલૈયહિ વસલ્લમે આ પૃથ્વી પર પધારીને એવું જીવન જીવી બતાવ્યું કે ગરીબથી લઈને માલદાર, આલાંથી અદના, ગોરાથી કાળા પણ તેનું અનુકરણ કરીને પોતાનું જીવન સુધારી શકે. આવું સંપૂર્ણ માર્ગદર્શન મળવા છતાં સમાજ સુધરવાને બદલે બગડતો જાય છે તેનું કારણ શું? આ ગંભીર બાબત સંશોધન માગી લે તેમ છે. આમાં જરૂર કોઈ મહા મોટી ભૂલ થઈ રહી છે અને આ મસમોટી ભૂલ તે એ કે આપણે વ્યક્તિને ભૂલીને સમાજને સુધારવા નીકળ્યા છીએ. આપણે દેશને સુધારવો છે અને દુનિયાને પણ સુધારવી છે, પરંતુ આ દિશાના આપણા તમામ પ્રયત્નોનું કોઈ પરિણામ આવતું નથી. વ્યક્તિ એ સમાજનું એકમ છે. વ્યક્તિના સમૂહમાંથી જ સમાજ બને છે. જ્યાં સુધી વ્યક્તિ સુધરે નહીં ત્યાં સુધી સમાજ કેવી રીતે સુધરી શકે? એટલે સુધરવાના સર્વે પ્રયત્નો આપણી જાત પર થવા જોઈએ. શરૂઆત ઘરથી થવી જોઈએ.

હવે આ સુધરવું એટલે શું? એ સમજી લઈએ. માનવીના વાણી, વર્તન અને આચરણમાં સ્વભાવનું અનેરું મહત્ત્વ છે. અંગત ઈચ્છાઓ અને સ્વભાવને સાચી દિશા તરફ વાળવાનો પ્રયત્ન કરીએ એ સુધારાનું પહેલું સોપાન ગણાય. સ્વભાવને હકારાત્મક અને હસમુખો રાખવો એ બીજી જરૂરિયાત છે. હવે સુધારા તરફ વધુ આગળ વધવા માટે આપણી જાત સાથે પ્રમાણિક બનવું જોઈએ. આચાર, વિચાર, આહાર અને વિહારમાં પારદર્શક પ્રમાણિકતા કેળવવી જોઈએ. દાખલા તરીકે ખોટું બોલ્યા હોઈએ તો તેનો અહેસાસ થાય, હિસાબમાં જાણે-અજાણ્યે અનહકની કમાઈ આવી ગઈ હોય તો પાછા આપો નહીં ત્યાં સુધી ચેન ન પડે. આ અને આવી બીજી પ્રમાણિકતા કેળવીએ ત્યારે જ મોટા ગુનાઓથી બચી શકાય. હવે વ્યવહાર સુધીના પ્રયોગો પણ એટલા જ મહત્ત્વના છે. બીજાઓની નબળાઈના ગીત ગાવા આસાન છે, પરંતુ બીજાઓની ટીકા કરવાનો મોકો આવે અને તમે જીભને રોકી લ્યો ત્યારે તમારી સજનતા દીપી ઊઠે છે. સદાચારના આવા અસંખ્ય ઉદાહરણો ગણાવી શકાય. રોજિંદા જીવનમાં બનતી નાની નાની બાબતો મોટા પરિવર્તન શરૂ કરવાનું પ્રથમ પગથિયું હોય છે. પોતાના અવગુણોને સતત નજર સમક્ષ રાખવા - સુધારવા માટે પ્રયત્ન અત્યંત જરૂરી છે. ટ્રેનમાં વિન્ડો સીટ મળે ત્યારે પહોળા થઈને બેસવું અને બીજાઓની અગવડતાઓનો ખ્યાલ ન કરવો એ પણ ગુનાહિત કૃત્ય છે. આવી નાની ગણાતી બાબતોનું વ્યવસ્થિત નિરીક્ષણ કરીને દરેક દિવસે કંઈક નવું સમજીને સુધરવાની મક્કમ ઈચ્છાથી જીવનમાં સજનતા અને વ્યવહારશુદ્ધિ કેળવી શકાય છે. દરેક વ્યક્તિ આવા વ્યવહારશુદ્ધિના આગ્રહી બનીને પોતાની જાતને સુધારે તો સમાજને સુધરતા કેટલી વાર? સમાજ સુધરે એટલે દેશ સુધરે અને દેશ સુધરે એટલે દુનિયા સુધરે. આવા ફેરફારો કંઈ રાતોરાત થઈ શકે નહીં, પરંતુ આપણે સમજી લેવું જોઈએ કે સમાજ સુધારણાની આ એક જ ગુરુચાવી છે અને એટલે જ પરવરદિગારે અખ્લાક (ચારિત્ર્ય) સાથે સદાચારી જીવન જીવવાની ભરપૂર હિદાયત કરી છે. આજ માનવ ધર્મ છે,

માનવતાનો ધર્મ છે - ગુણ છે. ધર્મમાં કોઈ કર્મકાન્ડ નથી. સદાચાર જીવનનું જ મહત્ત્વ છે. વિચારી જુઓ. સર્જનહારે બતાવેલ આ સીધા રસ્તાને મૂકીને સમાજના દૂષણોને સુધારવાનો બીજો કોઈ વિકલ્પ છે ખરો? જો હોય તો જરૂર સૂચવશો. આ પણ ઈબાદત (ઈશ્વર - અલ્લાહની પ્રાર્થના - દુઆ - બંદગી અદા કર્યામાં લેખાશે.

* * *

આજના યુગનો તકાજો

* પાખંડી લોકોથી દૂર રહેવું.
* અહંકારીઓથી છેટા રહેવું
* અસત્યનો ત્યાગ કરવો
* કલ્યાણને માર્ગે જ ચાલવું
* ખુદાની તરફ આગળ વધવું

### સાપ્તાહિક સંદેશ

* '... એકવાર મેં અલ્લાહત્આલા પાસે યાચના કરી કે, યા રબ! તારી પાસે કઈ રીતે અને કયા રસ્તે સરળતાથી પહોંચી શકાય?

- અલ્લાહે કહ્યું કે, 'આ વાત તો ઘણી જ સરળ અને સહેલી છે.

'જો તું મમતારૂપી મિથ્યાભિમાનનો તારા માથે ઊઠાવેલો ભાર નીચે મૂકી દે તો ઝડપથી મારી પાસે પહોંચી શકીશ...!' - પયગંબર હઝરત ઈબ્રાહીમ (સલ.)

* સમજદાર દેખાતા મૂર્ખથી બચો.
* નાદાનને હોંશિયાર - સમજદાર સમજવાની ભૂલ કદી પણ કરશો નહીં. તે તમને માર્ગથી ભટકાવી દેશે.

## પહેલા પાનાનું ચાલુ

### મોદીએ

દરમિયાન રશિયાએ નાઝી જર્મની પર મેળવેલા વિજયના માનમાં દર વરસની નવમી મેએ 'વિક્ટરી ડે'ની ઉજવણી કરવામાં આવે છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગને રેડ સ્કવેર ખાતે યોજાનારી 'વિક્ટરી ડે' પરેડ નિહાળવા 'વિક્ટરી ડે'ની ઉજવણીમાં હાજર રહેવા આમંત્રણ આપ્યું હતું. જિનપિંગે આ કાર્યક્રમમાં હાજરી આપવા સહમતી દર્શાવી હતી. ૨૦ વિદેશી નેતાનું સ્વાગત કરવા મોસ્કોમાં ભારે તૈયારી કરવામાં આવી રહી છે. સમાચાર એજન્સીઓએ પુતિનને એમ કહેતા ટાંક્યા હતા કે રશિયાએ વૉલ્ગા નદીના કિનારે નાઝી જર્મનીની સેનાને રોકીને કચડી નાખી હતી.

આ બાબત બીજા વિશ્વયુદ્ધનો ટર્નિંગ પૉઈન્ટ સાબિત થઈ હતી અને સંયુક્ત રાષ્ટ્રના વિજયનો દ્વાર ખોલી દીધો હતો, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### યુદ્ધની શકયતા

માર્ગ અપનાવવાની તૈયારી કરી છે, જે પ્રાદેશિક શાંતિ માટે ઘાતક સાબિત થઈ શકે છે. તરારના મતે, પાકિસ્તાન સરકારે આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોની મદદથી આ મામલામાં નિષ્પક્ષ, સ્વતંત્ર તપાસની ઓફર કરી છે. જોકે, ભારતે આ સ્વીકાર્યું નથી અને સંઘર્ષનો માર્ગ પસંદ કર્યો છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા મોહમ્મદ આસિફે પણ જણાવ્યું હતું કે અમે હાઇ એલર્ટ પર છીએ અને જો ભારત હુમલો કરશે તો અમે જવાબ આપીશું. તેણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ ફક્ત ત્યારે જ કરવામાં આવશે જ્યારે દેશના અસ્તિત્વ માટે સીધો ખતરો હશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક નિવેદનમાં સ્પષ્ટ કર્યું હતું કે આપણા સશસ્ત્ર દળો આતંકવાદીઓને જડમૂળથી ખતમ કરવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે.

આ પહેલા ભારતે ઘણા મોટા નિર્ણયો લીધા હતા, જેનાથી પાડોશી દેશમાં ગભરાટ ફેલાયો છે. આ ક્રમમાં, ભારતે સિંધુ જળ સંધિ રદ કરી દીધી છે. ■

### કોલકાતાની

લેવામાં તકલીફનો સામનો કરવો પડ્યો હતો. કોલકાતા પોલીસ કમિશનર મનોજ કુમાર વર્માએ જણાવ્યું હતું કે, "આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે, અને રાહત તેમજ બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે. અમે ૧૪ મૃતદેહો બહાર કાઢ્યા છે, અને અન્ય લોકોને બચાવવાના પ્રયાસો યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આગના કારણોની તપાસ માટે એક વિશેષ ટીમની રચના કરવામાં આવી છે, જે ઘટનાના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કરશે.

સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ આગનું કારણ જાણવા તપાસ કરી રહ્યા છે. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ ઘટનાએ શહેરમાં ફાયર સેફટીના સુરક્ષા વ્યવસ્થાની ગંભીરતા પર સવાલો ઊભા કર્યા છે.■

### પવિત્ર ચારધામ

રોજ ખુલશે. આગામી છ મહિના સુધી યાત્રાળુઓ યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથના દર્શન કરી શકશે. આ વખતે ચારધામ યાત્રા માટે ખાસ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ યાત્રા રૂટ પર વધારાના પોલીસ દળો તૈનાત કરવામાં આવી રહ્યા છે. સુરક્ષાની દૃષ્ટિએ, મુસાફરી રૂટને બે સુપર ઝોન, સાત ઝોન અને ૨૬ સેક્ટરમાં વહેંચવામાં આવ્યો છે. આ ઉપરાંત યાત્રા માટે અધિક પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક અને ઇન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ ઉપરાંત, પીએસી, ફાયરબ્રિગેડ, એસડીઆરએફ, હોમગાર્ડ, પીઆરડીના લગભગ ૮૫૦ જવાનને તૈનાત કરવામાં આવ્યા છે.

ચારધામ યાત્રાના બધા પવિત્ર સ્થળો વિવિધ દેવી-દેવતાઓને સમર્પિત છે. કેદારનાથ ધામ ૧૨ જ્યોતિર્લિંગમાંનું એક છે અને તે ભગવાન શિવને સમર્પિત છે. બદ્રીનાથ ધામ ભગવાન વિષ્ણુને સમર્પિત છે.

ગંગોત્રી ધામ માતા ગંગાને સમર્પિત છે અને યમુનોત્રી માતા યમુનાને સમર્પિત છે.■

### પીઓકેની

ઍરલાઈન્સ (પીઆઈએ)એ ઈસ્લામાબાદથી સ્કાર્દુની બે અને ઈસ્લામાબાદથી ગિલગિટની ચાર ફ્લાઈટ રદ કરી હતી. ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવપૂર્ણ પરિસ્થિતિ નિર્માણ પામી હોવાને કારણે પાકિસ્તાન તેની હવાઈ સીમા પર ચાંપતી નજર રાખી રહ્યું છે. સુરક્ષાના કારણોસર બુધવારે સ્કાર્દુ અને ગિલગિટથી ઑપરેટ કરવામાં આવનારી તમામ કમર્શિયલ ફ્લાઈટ રદ કરી દેવામાં આવી હતી. પ્રાદેશિક તણાવ દરમિયાન દેશની હવાઈ સીમાની સુરક્ષાના આશયથી આ પગલું લેવામાં આવ્યું હતું. (એજન્સી) ■

### કરાચી ઈન્ડેક્સમાં

કરવાનો ઇરાદો ધરાવે છે અને પાકિસ્તાન પાસે આ અંગે વિશ્વસનીય ગુપ્ત માહિતી છે

દિવસની શરૂઆતમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ટોચના સંરક્ષણ અધિકારીઓ સાથેની બેઠકમાં તેમને પહલગામ આતંકવાદી હુમલા સામે ભારતના પ્રતિભાવના પ્રકાર, લક્ષ્યો અને સમય નક્કી કરવા માટે સંપૂર્ણ કાર્યકારી સ્વતંત્રતા આપી હતી.

બેન્ચમાર્ક કરાચી સ્ટોક એક્સચેન્જ-૧૦૦ ઇન્ડેક્સ બુધવારે સવારે, ૧,૧૪,૮૭૨.૧૮ પોઇન્ટની પાછલી બંધ સપાટી સામે ૧,૭૧૭.૩૫ પોઈન્ટ અથવા ૧.૫ ટકાના કડાકા સાથે ૧૧૩,૧૫૪.૮૩ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો હતો.

### સીઆઇએસસીઆઈનું

એક કલાસિકલ ભાષા છે. આઈએસસી પરીક્ષા (બારમા ધોરણ) ૪૭ લેખિત વિષયોમાં પરીક્ષા લેવામાં આવી હતી. આમાં ૧૨ ભારતીય ભાષામાં, ચાર વિદેશી ભાષા અને બે કલાસિકલ ભાષામાં હતી.

ચીફ એક્ઝિક્યુટિવ જોસેફ ઈમાન્યુઅલે કહ્યું હતું કે ઉમેદવારો અને હિતધારકો સીઆઈએસસીઈ વેબસાઈટ કે બોર્ડની કરિયર્સ પોર્ટલમાં જોઈ શકશે. દસમા વર્ગ (આઈસીએસઈ) અને ૧૨મા વર્ગ (આઈએસસી)ની ઈમ્પ્રુવમેન્ટ કલાસ જુલાઈમાં યોજાશે. (એજન્સી) ■

### દૂધ મોંઘું

દૂધની વાત કરીએ તો ૧ લિટર અમૂલ ટી-સ્પેશિયલ પાઉચ હવે રૂ.૬૩માં મળશે. અમૂલ તાજા રૂ.૨૮માં ઉપલબ્ધ રહેશે. ભેંસના દૂધના ભાવમાં પણ રૂ.૧નો વધારો કરાયો છે. ૫૦૦ એમએલનું પાઉચ હવે રૂ.૩૬ને બદલે રૂ.૩૭માં મળશે.ઉનાળાની સિઝન અને અન્ય કારણોને લીધે આ ભાવવધારો કરવામાં આવ્યો છે. સાબર ડેરી પ્રેરિત અમૂલ પાર્લર પર દૂધનાં વિવિધ ઉત્પાદનોમાં સૌથી વધુ માગ દૂધની છે. દૂધના અગ્રણી પુરવઠાકાર મધર ડેરીએ દૂધની પ્રાપ્તિના ભાવ વધી જતાં એને સરભર કરવા દૂધના ભાવમાં વધારો કર્યો હતો. કંપનીની જયાં હાજરી છે એ બધી બજારમાં ભાવ વધારવામાં આવ્યા છે. મધર ડેરી દિલ્હી-એનસીઆર માર્કેટમાં દરારોજ ૩૫ લાખ લિટર દૂધ વેચે છે. આ ડેરી ઉત્તર પ્રદેશ, હરિયાણા, ઉત્તરાખંડ અને બિહાર સહિતનાં રાજ્યોમાં પણ હાજરી ધરાવે છે. મધર ડેરીએ દલીલ કરી હતી કે ખેડૂતો પાસેથી દૂધની પ્રાપ્તિના ભાવ વધતાં ડેરીને દૂધના ભાવ વધારવાની ફરજ પડી છે. (એજન્સી) ■

### જાતિ આધારિત

ધરવામાં આવવાની હતી, પરંતુ કોવિડ-૧૯ને કારણે એ શક્ય નહોતું બન્યું. દરમિયાન કેબિનેટ કમિટીએ વર્ષ ૨૦૨૫-૨૬ની સિઝન માટે શેરડીની ફૅઅર ઍન્ડ રિમ્યૂનરટિવ (એફઆરપી) પ્રતિક્વિન્ટલ ૪.૪૧ ટકા વધારીને રૂ. ૩૫૫ કરી હતી, એમ માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું. સીસીઈએની બેઠકમાં રૂ. ૨૨,૮૬૪ કરોડના પ્રસ્તાવિત શિલોંગ-સિલચર હાઈવે પ્રોજેક્ટને પણ મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત મેઘાયલના મૉવલન્ગખન્ગથી આસામના પંચગ્રામ સુધીનો ૧૬૬.૮૦ કિ.મી. લાંબો ગ્રીનફિલ્ડ હાઈસ્પિડ કોરિડોર તૈયાર કરવામાં આવશે.અધિકારીઓના જણાવ્યાનુસાર કુલ ૧૬૬.૮૦ કિ.મી. લાંબા કોરિડોરમાંથી ૧૪૪.૮૦ કિ.મી. મેઘાયલમાંથી અને બાવીસ કિ.મી. આસામમાંથી પસાર થશે. (એજન્સી) ■

### ઈન્કમ ટૅક્સ

(સહજ) અને આઈટીઆર ફોર્મ ચાર (સુગમ) સરળ ફોર્મ છે જે નાના અને મધ્યમ કરદાતાની જરૂરિયાત સંતોષે છે. રેસિડન્ટ ઈન્ડિવિડ્યુઅલ જેની વાર્ષિક આવક રૂપિયા ૫૦ લાખ સુધીની હોય અને જેની આવક પગાર, એક ઘરની સંપત્તિ, બીજા સોર્સ (વ્યાજ) અને કૃષિની આવક પાંચ હજાર રૂપિયા હોય એ સરળ ફોર્મ ભરી શકે. સુગમ વ્યક્તિ, હિન્દી અનડિવાઈડેડ ફેમિલીસ (એચયુએફ) અને કંપની ( લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશિપ સિવાયની બીજી જેની કુલ વાર્ષિક આવક ૫૦ લાખ સુધીની અને બિઝનેસ એને પ્રોફેશનની આવક હોય તે ભરી શકે.સરકારે ૮૦સી, ૮૦જીજી ને બીજી કલમો હેઠળના ડિડકશનને સંબંધિત ફોર્મમાં અમુક ફેરફારો કર્યા છે. સરકારે ડ્રોપ ડાઉન મેનુ આપ્યું છે જેમાંથી કરદાતા પસંદગી કરી શકે. કરદાતાઓએ ટીડીએસ ડિડકશનના સંબંધમાં આઈટીઆર સેક્શન પ્રમાણેની વિગતો આપવી પડશે. ■

### ભારતે

ઉચ્ચ અધિકારી સાથે હોટલાઈન પર વાત કરી હતી. પાકિસ્તાનના લશ્કર દ્વારા છેલ્લા છ દિવસથી એલઓસી પાસે શસ્ત્રવિરામના કરવામાં આવતા ભંગને મુદ્દે ભારતે પાકિસ્તાનને ચેતવણી આપી હતી. પાકિસ્તાનની સેના એલઓસી અને ઈન્ટરનેશનલ બોર્ડર (આઈબી) પાસે જમ્મુ-કાશ્મીરના સરહદી જિલ્લાના વિવિધ સેક્ટરમાં કોઈપણ પ્રકારની ઉશ્કેરણી વિના ગોળીબાર કરી રહી હોવાને કારણે ભારતીય સેનાએ અસરકારક વળતો જવાબ આપવાની ફરજ પડી રહી છે, એમ અધિકારીઓએ બુધવારે કહ્યું હતું. પાક સેના દ્વારા આંતરરાષ્ટ્રીય સરહદ પાસે જમ્મુ જિલ્લાના પારગ્વાલ, રાજૌરી જિલ્લાના સુંદરબની અને નૌશેરા સેક્ટરમાં નાના શસ્ત્રો વડે ગોળીબાર શરૂ કરવામાં આવ્યો હોવાનું નોંધાયું હતું.જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલા બાદ પાકિસ્તાને ફરી એકવાર એલઓસી પર યુદ્ધવિરામના નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું અને કોઇ પણ પ્રકારની ઉશ્કેરણી વિના ફાયરિંગ કર્યું હતું. ■



Deepak Somaiya



KAAJAL ADS


# ‘સ્પેશ્યલ પોલીસ કમિશનર’ દેવેન ભારતી હવે મુંબઈના પોલીસ કમિશનર

## ૨૦૨૩માં મહાયુતિ સરકારે ૨૬/૧૧ની તપાસના સૂત્રધાર ભારતી માટે સ્પેશ્યલ કમિશનરનો હોદ્દો રચ્યો હતો: જોકે ભારતીની નિમણૂક માટે પોલીસ કમિશનરના હોદ્દાની રૅન્ક ડીજીથી ડાઉનગ્રેડ કરી એડીજીપી કરાઇ



મુંબઈ: ‘હું તમામ મુંબઈગરાને અસરકારક પોલીસ સેવા આપવાના પ્રયાસ કરીશ. અમે છેવાડાના નાગરિકને સેવા અને સલામતી પૂરી પાડવાના પ્રયાસ કરીશું. પોલીસ સેવા અને રક્ષણોમાં જે પણ ત્રૂટિઓ હશે તેને ટેક્નોલોજીની મદદથી દૂર અમે કરીશું, એમ મુંબઈના નવા પોલીસ કમિશનર દેવેન ભારતીએ બુધવારે જણાવ્યું હતું. ૧૯૯૪ બૅચના આઇપીએસ (ઇન્ડિયન પોલીસ સર્વિસ) ઓફિસર દેવેન ભારતીએ બુધવારે સાંજે પોલીસ કમિશનર તરીકેનો પદભાર સંભાળ્યો હતો.

૩૫ વર્ષની સેવા બાદ નિવૃત્ત થયેલા વિવેક ફણસલકર પાસેથી પોલીસ કમિશનર તરીકેનો ચાર્જ લીધા બાદ ભારતીએ પોલિસિંગ, ગુના નિવારણ અને ડિટેક્શનના સંદર્ભમાં છેલ્લા નાગરિક સુધી પહોંચવાનું વચન આપ્યું હતું. ભારતી મુંબઈમાં સ્પેશ્યલ પોલીસ કમિશનર તરીકે સેવા આપી રહ્યા હતા, જે હોદ્દો ૨૦૨૩માં મહાયુતિ સરકારે ભારતી માટે ખાસ રચ્યો હતો. રાજ્યના ગૃહ વિભાગે ભારતીની નિમણૂક અંગેનો આદેશ જારી કર્યો હતો. જોકે આ માટે પોલીસ કમિશનરના હોદ્દાની રૅન્ક ડીજીથી ડાઉનગ્રેડ કરી એડીજીપી (એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ) કરાઇ હતી. મુંબઈ પોલીસ કમિશનરનું પ્રતિષ્ઠિત પદ પરંપરાગત રીતે એડીજીપી રેન્કનું રહ્યું છે, પણ હાલમાં થયેલી કેટલીક પોસ્ટિંગમાં તેને ડીજી રેન્કમાં અપગ્રેડ કરવામાં આવ્યું છે.

ભારતીએ આ અગાઉ પોલીસ દળમાં જોઇન્ટ પોલીસ કમિશનર (કાયદો-વ્યવસ્થા), એડિશનલ પોલીસ કમિશનર (ક્રાઇમ) અને ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઇમ) તરીકે સેવા આપી હતી.

ત્રણ દાયકાની લાંબી કારકિર્દીમાં ભારતીએ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડ (એટીએસ)નું પણ નેતૃત્વ કર્યું છે. એ સિવાય રાજ્ય પોલીસ મુખ્યાલયમાં તેમણે ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (કાયદો-વ્યવસ્થા) તરીકે પણ સેવા આપી છે. મુંબઈ પોલીસની જવાબદારી આપવામાં આવી તે પહેલા ભારતી કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ પર હતા. તેઓ મુંબઈના ૨૬/૧૧ના આતંકવાદી હુમલા, ૨૦૧૧માં જર્નલિસ્ટ જે. ડેની હત્યા સહિત અનેક હાઇ-પ્રોફાઇલ કેસનો ભાગ રહ્યા છે. મુંબઈના આતંકવાદી હુમલામાં ૧૬૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ■

# મુંબઈ પોલીસ છે વર્લ્ડ બેસ્ટ: વિવેક ફણસલકર

મુંબઈ: ‘ઘણી વખત આપણે આપણા પોલીસ દળની તુલના સ્કોટલેન્ડ યાર્ડ સાથે કરીએ છીએ, પરંતુ મારા મતે મુંબઈ પોલીસ દુનિયામાં શ્રેષ્ઠ છે,’ એમ મુંબઈના નિવૃત્ત પોલીસ કમિશનર વિવેક ફણસલકરે જણાવ્યું હતું.

પોલીસ દળમાં ૩૫ વર્ષ સેવા આપનારા ફણસલકર પોતાના વિદાય સંદેશામાં કહ્યું હતું કે ‘મુંબઈ પોલીસ દુનિયામાં સૌથી ઉત્તમ પોલીસ દળ છે, સ્કોટલેન્ડ યાર્ડ નહીં.’ સ્કોટલેન્ડ યાર્ડ લંડનમાં કાયદાની અમલબજાવણી કરતા મેટ્રોપોલિટન પોલીસ સર્વિસનું વડું મથક છે. અલગ અલગ સમસ્યાઓ, પડકારો અને વિવિધ પ્રકારના લોકોનો સામનો કરવા છતાં મુંબઈ પોલીસ બે કરોડની વસતિ સાથેના શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અથાક કામ કરી રહી છે.

‘આપણી પાસે જગ્યા, સંસાધન અને માનવબળનો અભાવ હોઇ શકે છે, પરંતુ કટિબદ્ધતા અને વચનબદ્ધતાનો બિલકુલ અભાવ નથી,’ એમ તેમણે જણાવ્યું હતું.

પાંચ વર્ષ સુધી જોઇન્ટ પોલીસ કમિશનર અને લગભગ ત્રણ વર્ષ સુધી મુંબઈના પોલીસ કમિશનર તરીકે પોલીસનો ભાગ રહેવાના મારા અનુભવને ધ્યાનમાં રાખીને હું ગર્વથી કહીં શકું છું કે મુંબઈ પોલીસ વિશ્વની નંબર વન (પોલીસ) ફોર્સ છે.(પીટીઆઇ) ■

### બદલાપુર એન્કાઉન્ટર કેસ

# પાંચ પોલીસ સામે હજીય એફઆઈઆર ન નોંધાતા હાઈ કોર્ટ ફરી લાલઘૂમ

મુંબઈ: બૉમ્બે હાઇ કોર્ટે બુધવારે બદલાપુર કેસના આરોપી અક્ષય શિંદેના કથિત એન્કાઉન્ટરમાં થયેલા મોત પ્રકરણે સંબંધતિ પાંચ પોલીસ સામે એફઆઇઆર નહીં નોંધવા માટે ક્રાઇમ બ્રાન્ચની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી)ની ઝાટકણી કાઢી હતી અને નોંધ્યું હતું કે ‘આ બહુ દુ:ખદ સ્થિતિ’ છે.

કોર્ટના આદેશના અનાદરની કાર્યવાહી કરવી જ પડશે એવું હાઇ કોર્ટે નોંધતા સરકારી વકીલે આશ્વાસન આપ્યું હતું કે ત્રીજી મે સુધીમાં એફઆઇઆર નોંધવામાં આવશે. ત્યાર બાદ કોર્ટે તેમના આશ્વાસનનો સ્વીકાર કર્યો હતો.

સાતમી એપ્રિલે હાઇ કોર્ટે ક્રાઇમ બ્રાન્ચના જોઇન્ટ કમિશનર લખામી ગૌતમને આરોપીના મોત અંગે તપાસ કરવા માટે એસઆઇટીની રચના કરવા તથા આ પ્રકરણમાં સંડોવાયેલા સંબંધિત પાંચ પોલીસ સામે એફઆઇઆર નોંધવાનો આદેશ આપ્યો હતો.

ગયા અઠવાડિયે કોર્ટે આ કેસના દસ્તાવેજો એસઆઇટીને ન સોંપવા માટે આ કેસની અગાઉ તપાસ કરતી એજન્સી સીઆઇડીની ઝાટકણી કાઢી હતી. કોર્ટના નિર્દેશ પ્રમાણે પચીસમી એપ્રિલે સીઆઇડીએ કેસ સંબંધિત તમામ દસ્તાવેજ એસઆઇટીને સોંપ્યા હતા.

બુધવારે હાઇ કોર્ટે પૂછ્યું હતું કે પાંચ પોલીસ સામે એફઆઇઆર નોંધવામાં આવ્યો છે ? ત્યારે સરકારી વકીલે ઇનકાર કરતા કોર્ટ ભડકી હતી. પોલીસ પર આ જવાબદારી છે. સિસ્ટમ પરથી લોકોને વિશ્વાસ પડવા ન દો. એક મૃતદેહ છે અને તેનું અકુદરતી રીતે મૃત્યુ થયું છે. એફઆઇઆર નોંધવા માટે બીજું શું જોઇએ? એવો સવાલ હાઇ કોર્ટે કર્યો હતો. કોર્ટના આદેશને નજરઅંદાજ કરવામાં આવે છે જે બહુ દુ:ખદ છે. હવે આદેશના અનાદરની કાર્યવાહી કરવી જ પડશે, એમ કોર્ટે કહ્યું હતું. (પીટીઆઇ) ■

# એકે-૪૭ સાથે ઘરમાં ઘૂસીને આઈએમના ત્રાસવાદીઓને પકડ્યા હતા ભારતીએ

મુંબઈ: મુંબઈના નવા પોલીસ કમિશનર દેવેન ભારતીને તેમની હાઇ-પ્રોફાઇલ કારકિર્દી દરમિયાન મુંબઈના ૨૬/૧૧ના આતંકવાદી હુમલાની તપાસનો ભાગ બનવા ઉપરાંત ઇન્ડિયન મુજાહિદ્દીન (આઈએમ) સંગઠન સાથે જોડાયેલા આતંકવાદીઓના મોડ્યૂલને પકડી પાડવા અને અંડરવર્લ્ડ પર કાર્યવાહી કરવાનો શ્રેય આપવામાં આવે છે.

ઑક્ટોબર, ૨૦૦૮માં મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓની ટીમ ઇન્ડિયન મુજાહિદ્દીનના આતંકી યાસિન ભટકલ અને રિયાઝ ભટકલની શોધ માટે કર્ણાટકના મેંગલુરુમાં પહોંચી હતી. તેમના મિશન માટે સ્થાનિક પોલીસ તરફથી મદદ મળવામાં વિલંબ થઇ રહ્યો હતો ત્યારે ટીમના એક અધિકારીએ મુંબઈના તે સમયના એડિશનલ પોલીસ કમિશનર (ક્રાઇમ) દેવેન ભારતીનો સંપર્ક સાધ્યો હતો અને એ મુદ્દે ચર્ચા કરી હતી. સમય ન બગાડતા બે અધિકારી સાથે ભારતી એ જ દિવસે ત્યાં રવાના થયા હતા અને મેંગલુરુ પોલીસ પાસેથી મદદ મેળવી હતી. એક-૪૭ રાઇફલ સાથે ભારતી તેમની ટીમ સાથે એક ઘરમાં પ્રવેશ્યા હતા, જ્યાં ઇન્ડિયન મુજાહિદ્દીનના ચાર સભ્યને તાબામાં લઇને ચાર હેન્ડગ્રેનેડ જપ્ત કર્યા હતા. ■

# સરકારે ‘લાડલા’ અધિકારી પસંદ કર્યા, સિનિયોરિટની અવગણના કરી: કૉંગ્રેસ

છત્રપતિ સંભાજીનગર: મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે બુધવારે એવો આરોપ લગાવ્યો હતો કે રાજ્ય સરકારે સિનિયોરિટી અને યોગ્યતાના માપદંડને અવગણીને તેમના ‘લાડલા’ (પ્રિય) અધિકારીને મુંબઈ પોલીસ કમિશનર તરીકે પસંદ કર્યા છે. સપકાળ ૧૯૯૪ બેચના આઈપીએસ અધિકારી દેવેન ભારતીની નિમણૂક પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા.

‘પોલીસ કમિશનરની નિમણૂક કરતી વખતે, તેમની વરિષ્ઠતા અને પોલીસ દળમાં યોગદાનનો વિચાર કરવો જરૂરી છે. જોકે, સરકારે છઠ્ઠા-સાતમા સ્થાને (વરિષ્ઠતાના ક્રમમાં) પોલીસ અધિકારીની પસંદગી કરી હતી. ■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”





# કેમિસ્ટ્રીમાં માસ્ટર ઑફ સાયન્સ કરનારા ગુજરાતીની અયોધ્યામાં ડ્રગ્સ ફૅક્ટરી

## સાથીદારની કપડાંની દુકાનની પાછળ આરોપી મેફેડ્રોન બનાવતો: ૨.૩૦ કરોડનું ડ્રગ્સ જપ્ત, ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગુજરાતના અમદાવાદ જિલ્લામાં રહેતા અને કેમિસ્ટ્રીમાં માસ્ટર ઑફ સાયન્સ કરનારા ગુજરાતીએ અયોધ્યામાં ડ્રગ્સ ફૅક્ટરી શરૂ કરી હોવાનું થાણે પોલીસની તપાસમાં સામે આવ્યું હતું. ગુજરાતી સહિત ત્રણ જણની ધરપકડ કરી પોલીસે અંદાજે ૨.૩૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. ઉચ્ચ શિક્ષણને કારણે નશીલા પદાર્થ બનાવવામાં પારંગત ગુજરાતી તેના સાથીદારની કપડાંની દુકાન પાછળની ફૅક્ટરીમાં મેફડ્રોન (એમડી) ડ્રગ બનાવતો હતો.


થાણે ક્રાઈમ બ્રાન્ચની એન્ટિ-નાર્કોટિક્સ સેલે પકડી પાડેલા આરોપીઓની ઓળખ બિપિન બાબુલાલ પટેલ (૪૯), મોહમ્મદ કય્યુમ મોહમ્મદ યુનુસ હાશમી (૪૫) અને દેવેશ કુમાર રામકિસન શર્મા (૩૨) તરીકે થઈ હતી. મધ્ય પ્રદેશમાં નોંધાયેલા ડ્રગ્સના એક કેસમાં ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) પણ પટેલની શોધ ચલાવી રહી હતી. તેની વિરુદ્ધ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં પણ ડ્રગ્સ સંબંધી ગુનો નોંધાયેલો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

અમદાવાદમાં રહેતો પટેલે એમએસસી (કેમિસ્ટ્રી) સુધીનો અભ્યાસ કર્યો હોવાથી નશીલા પદાર્થ બનાવવામાં તે પારંગત છે. ઉત્તર પ્રદેશના અયોધ્યામાં સોહાવલમાં કપડાંની દુકાન ધરાવતા વેપારી હાશમી સાથે તે ડ્રગ્સ બનાવીને વિવિધ રાજ્યોમાં સપ્લાય કરતો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ તાજેતરમાં મુંબ્રા રેલવે સ્ટેશન નજીક પોલીસે છટકું ગોઠવી દેવેશ શર્માને પકડી પાડ્યો હતો. તેની પાસેથી ૬૭.૨૦ લાખ રૂપિયાનું એમડી મળી આવ્યું હતું. શર્મા વિરુદ્ધ મુંબ્રા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે શર્માએ અયોધ્યાની કય્યુમ નામની વ્યક્તિ પાસેથી ડ્રગ્સ પ્રાપ્ત કર્યું હતું. તપાસમાં પોલીસને જાણવા કય્યુમનું પૂરું નામ જાણવા મળ્યું હતું અને અયોધ્યામાં તેની મારિયા કિડ્સ ઍન્ડ લેડીઝ વેઅર નામની દુકાન હોવાની માહિતી મળી હતી. અયોધ્યા પહોંચેલી પોલીસની ટીમે પાંચ દિવસ દુકાન પર નજર રાખી હતી. શંકા જતાં અધિકારીઓ અલગ અલગ સમયે દુકાનમાં ગયા હતા અને નિરીક્ષણ કર્યું હતું. દુકાનની પાછળના ભાગમાં ડ્રગ્સનું ઉત્પાદન થતું હોવાની ખાતરી થતાં યુપીની સ્પેશિયલ ટાસ્ક ફોર્સની મદદથી કાર્યવાહી કરવામાં આવી હતી.

ફૅક્ટરીમાંથી ૧.૬૨ કરોડ રૂપિયાનું એમડી, કેમિકલ અને ડ્રગ્સ બનાવવાની સાધનસામગ્રી જપ્ત કરવામાં આવી હતી. આરોપી કય્યુમ હાશમી વિરુદ્ધ મીરા રોડના નયા નગર પોલીસ સ્ટેશન અને યુપીમાં પણ ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં જણાયું હતું. ■

(ROC-461)


# મોબાઈલ પર કેમ વાત કરે છે?: કાકાએ ટોકતાં ડોમ્બિવલીની યુવતીએ ૧૧મા માળેથી કૂદકો માર્યો

થાણે: રાતે પણ મોબાઈલ ફોન પર વાતચીત કરવા બદલ કાકાએ ટોક્યા પછી ગુસ્સામાં યુવતીએ ૧૧મા માળના ફ્લૅટમાંથી ઝંપલાવી દીધું હોવાની ઘટના ડોમ્બિવલીમાં બની હતી.

માનપાડા પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ સમીક્ષા નારાયણ વફી (૨૦) તરીકે થઈ હતી. સમીક્ષાએ સોમવારની મધરાતે અંતિમ પગલું ભર્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે યુવતી સતત ફોન પર વાત કરતી હતી. સોમવારે મોડી રાતે પણ તે ફોન પર વાત કરતી હોવાથી કાકાએ તેને ટોકી હતી. કૉલ કટ કરી ફોન મૂકી દેવાનું કાકાએ કહેતાં યુવતીને ગુસ્સો આવ્યો હતો.

ગુસ્સામાં તે ફ્લૅટના હૉલમાં ગઈ હતી અને પછી ગૅલરીમાંથી તેણે કૂદકો માર્યો હતો. ૧૧મા માળેથી નીચે પટકાયેલી યુવતીને બેભાન અવસ્થામાં હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી.

આજકાલના તરુણો અને યુવાનોમાં મોબાઈલનું રીતસરનું બંધાણ થઈ ગયું છે અને જ્યારે એનાથી તેમના સારા માટે વંચિત રાખવામાં આવે છે ત્યારે તેઓ અંતિમ પગલું ઊંચકતાએ અચકાતા નથી.

આ પ્રકરણે હાલમાં પોલીસે એડીઆર નોંધ્યો હતો. ચોક્કસ ઘટનાક્રમ જાણવા માટે પોલીસ દરેક મુદ્દે તપાસ કરી રહી છે. યુવતીના આત્મહત્યા કરવા પાછળ બીજાં કોઈ કારણ જવાબદાર નથીને તેની પણ તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■


શ્રી ઝાલાવાડ દશાશ્રીમાળી શ્વે. મુર્તિપૂજક જૈન



શ્રીમતિ ચારુબેન (ચંદ્રકળા) કિશોરભાઈ ઝવેરી
(માંગરોળ નિવાસી, હાલ મુંબઇ વાલકેશ્વર) ઉંમર: ૮૬ વર્ષ
અરિહંત શરણ: બુધવાર, તા: ૩૦-૦૪-૨૦૨૫
નોંધ: લૌકિક વ્યવહાર બંધ છે
પ્રેમાળ સ્મૃતિમાં
પતિ: સ્વ. કિશોરભાઈ (કનુભાઈ) ભોગીલાલ ઝવેરી
સાસુ-સસરા: ભોગીલાલ - કંચનબેન
પુત્ર-પુત્રવધૂ: મનીષ-સ્વાતિ, જયેશ-અનુરાધા
પૌત્ર-પૌત્રવધૂ-પૌત્રી: સચિન-રુચિ, સલોની, પાર્શ્વ, ધ્રુવ
જેઠ- જેઠાણી: સ્વ. ડો. અરવિંદભાઈ - સ્વ. હસુબેન
દિયર-દેરાણી: બિપીનભાઈ - સુનિતાબેન
પિતા-માતા: સ્વ. નરોત્તમભાઈ દલાલ - સ્વ. ધનવંતિબેન
ભાઈ-ભાભી: સ્વ. જયકુમારભાઈ - સ્વ. સ્મિતાબેન
બહેન: સ્વ. ભાનુબેન, સ્વ. જસુબેન, સ્વ. મનુબેન, સ્વ. સુલોચનાબેન
ફોન: 9820643399

## મુંબઈ સમાચાર
## ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**રે રોડ - ઓફિસ બોય**
**પ્રખ્યાત પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં હોંશિયાર, વિશ્વાસુ, સાયકલ ચલાવનાર ઓફિસ પ્યુનની જરૂર છે. યોગ્ય અને સારો પગાર અનુભવ પ્રમાણે મળશે. email:alloysteel3@gmail.com CALL: 7021734143. (એસડીબી-૨૫૭૯)**

### ૧૭. જગ્યા આપવી છે

**સાઉથ મુંબઈ**
2-3-4 બેડરૂમના આકર્ષક ફ્લેટો - બંધાતા ટાવરમાં વર્લી, પ્રભાદેવી, ગામદેવી, તારદેવ, ભાયખલા, વડાલા, લોઅરપરેલ - આધુનિક સુવિધા પ્રતિષ્ઠિત બિલ્ડર્સ - આકર્ષક શરતે લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૫૭૭૩-એ)

**નાનાચોક**
3 બેડરૂમ હાયરફલોરનો ફ્લેટ - સીવ્યુ - આધુનિક સુવિધા - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૭૭૩-બી)

**તારદેવ**
2 બેડરૂમનો સુંદર ફ્લેટ - આધુનીક સુવિધા સાથે - પાર્કિંગ - પ્રતિષ્ઠિત સોસાયટી - લેવા. સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૫૭૭૩-સી)

**સાઉથ મુંબઈ**
1-2-3-4 બેડરૂમના ફ્લેટો વોર્ડન, પેડર, અલ્ટ્રામાઉન્ટ, વાલ્કેશ્વર નેપયન્સી, તારદેવ, વર્લી, પ્રભાદેવી - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૭૭૩-ડી)

**તારદેવ**
એન્ટરપ્રાઈઝ 2 બેડરૂમનો હાયરફલોરનો ફ્લેટ - દેરાસર નજીક - પાર્કિંગ સુવિધા - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૭૭૩-ઈ)

**બ્રીચકેન્ડી**
2 બેડરૂમનો ફ્લેટ - નાની સુંદર સોસાયટી - શાંત વાતાવરણ - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૭૭૩-એફ)

**વર્લી**
ઈન્ડિયા બુલ બ્લુ - 3 બેડરૂમ - હાયરફલોર - પ્રતિષ્ઠિત સોસાયટી - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૭૭૩-જી)

**પ્રભાદેવી**
ચૈતન્ય ટાવર - 2 બેડરૂમનો આલીશાન ફ્લેટ. પ્રતિષ્ઠિત સોસાયટી - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૭૭૩-એચ)

### ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૭૨૭-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૫. શૈક્ષણીક

**FREE CONSULTATION**
**સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ માટે પર્સનલ આર્ટ ડિઝાઈન એજ્યુકેશન કન્સલટેશન ONLINE/ OFFLINE: 8080874774. (૧૫૮૭૨-એ)**

### ૩૩. ધંધાદારી

■ કોઈપણ વ્યવસાયમાં કંઈપણ ગુમાવ્યા વિના અમારી સાથે 20000 થી વધુ રકમનું રોકાણ કરીને ઘરે બેઠા દર મહિને 10% નો નિશ્ચિત નફો મેળવો. સંપર્ક - ૮૪૩૩૭૬૩૧૯૨ / ૮૪૫૨૦૩૭૨૩૮. (બી-૧૫૮૮૭)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતિષ**
**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં ક્લેશ, લવમેરેજ, પત્ની દુઃખ, સૌતન દુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/. 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-ડી)**

***વર્લ્ડ ફેમસ એસ્ટ્રોલોજર***
ગૃહકલેશ શત્રુબાધા લગ્નમાં રૂકાવટ લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9594577543/ 9773255055. માલાડ (વેસ્ટ). (બી-૧૫૯૧૮)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# બાઈક પૂલિંગ પછી મહારાષ્ટ્ર રાજ્યમાં ખાનગી કારપૂલિંગ કાયદેસર

મુંબઈ: બાઇક પૂલિંગને લીલી ઝંડી આપ્યાના થોડા દિવસો પછી મહારાષ્ટ્ર રાજ્યમાં સરકારે રજિસ્ટર્ડ એપ્સ અથવા વેબ-આધારિત પ્લેટફોર્મ દ્વારા ખાનગી કારમાં કારપૂલિંગને મંજૂરી આપી છે, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. મંગળવારે યોજાયેલી કેબિનેટની બેઠક દરમિયાન મહારાષ્ટ્ર કેબિનેટે કારપૂલિંગને મંજૂરી આપવાનો નિર્ણય લીધો હતો. એક મહિનાની અંદર કારપૂલિંગ અને બાઇક પૂલિંગ બંનેને મંજૂરી આપવાના કેબિનેટના સતત નિર્ણયોનો ટેક્સી અને ઓટો-રિક્ષા ડ્રાઇવરો દ્વારા વિરોધ થવાની સંભાવના છે, જેમના વ્યવસાયો પર રાઇડ-શેરિંગ સેવાઓથી પ્રતિકૂળ અસર પડી શકે છે. કેન્દ્ર સરકારની 'એગ્રીગેટર નીતિ ૨૦૨૦' કાર અને ટુ-વ્હીલર સહિત બિન-પરિવહન વાહનોના પૂલિંગને મંજૂરી આપે છે, જેનો ઉદ્દેશ ટ્રાફિકની ભીડ અને પ્રદૂષણ ઘટાડવાનો અને સંપત્તિના ઉપયોગને સુધારવાનો છે. જો કે, રાજ્ય સરકારો આવા પૂલિંગને પ્રતિબંધિત કરવાનો અધિકાર જાળવી રાખે છે. કારપૂલિંગ, જેને રાઇડ-શેરિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાં બહુવિધ વ્યક્તિઓ એક ખાનગી વાહન શેર કરીને સામાન્ય રૂટ પર અથવા શેર કરેલા ગંતવ્ય સ્થાન પર મુસાફરી કરે છે. કારપૂલિંગ ટ્રાફિક ભીડ ઘટાડવા, ઇંધણ ખર્ચ ઘટાડવા અને વાહન ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરે છે.

કારપૂલિંગ સેવાઓને ફક્ત રજિસ્ટર્ડ મોબાઇલ એપ્લિકેશન અથવા વેબ પોર્ટલ દ્વારા જ મંજૂરી આપવામાં આવશે. મહિલા મુસાફરોની સલામતી માટે, મહિલા ડ્રાઇવરો સાથે મુસાફરી કરવાનો વિકલ્પ પૂરો પાડવામાં આવશે. આ એપ્લિકેશન-આધારિત કારપૂલિંગ પ્લેટફોર્મ પર ડ્રાઇવરોને દર અઠવાડિયે ફક્ત ૧૪ પૂલિંગ ટ્રિપ્સ કરવાની મંજૂરી આપવામાં આવશે.

### લોન છેતરપિંડી કેસ
# મેહુલ ચોકસી સામે બિનજામીનપાત્ર વૉરન્ટ

મુંબઈ: કેનેરા બૅંકની આગેવાની હેઠળ પંચાવન કરોડ રૂપિયાનો સમાવેશ કરતા કન્સોર્શિયમ લોન છેતરપિંડી કેસમાં હીરાના વેપારી મેહુલ ચોકસી સામે કોર્ટે બિનજામીન પાત્ર વૉરન્ટ જારી કર્યા છે. કરોડો રૂપિયાના પંજાબ નેશનલ બૅંક કૌભાંડના મુખ્ય આરોપી મેહુલ ચોકસીના પ્રત્યર્પણની માગણી ભારતીય એજન્સી દ્વારા કરવામાં આવ્યા બાદ ૨૧મી એપ્રિલે બેલ્જિયમમાં તેની ધરપકડ કરાઇ હતી.

એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (એસ્પ્લેનેડ કોર્ટ) આર. બી. ઠાકુર દ્વારા ચોકસી સામે બિનજામીન પાત્ર વૉરન્ટ જારી કરાયા હતા. વૉરન્ટ પર રિપોર્ટ રજૂ કરવા માટે આ કેસ બીજી જૂન સુધી મુલતવી રાખવામાં આવ્યો છે. સીબીઆઇએ આક્ષેપ કર્યો હતો કે કેનેરા બૅંક અને બૅંક ઓફ મહારાષ્ટ્રએ બેઝેલ જ્વેલરીને કન્સોર્શિયમ એગ્રીમેન્ટ હેઠળ અનુક્રમે ૩૦ કરોડ રૂપિયા અને પચીસ કરોડ રૂપિયાની લોન મંજૂરી કરી હતી. આ લોન હીરા અને સોનાના ઘરેના ઉત્પાદન અને વેચાણ માટે આપવામાં આવી હતી, પરંતુ જે હેતુ માટે લોન લેવામાં આવી હતી તેનો ઉપયોગ તેની માટે કરાયો જ નહોતો, એમ સીબીઆઇએ વધુમાં જણાવ્યું હતું. કંપની દ્વારા લોનના નાણાં ચૂકવવામાં આવ્યા જ નહોતા તેથી બૅંકને ૫૫.૨૭ કરોડનું નુકસાન થયું હતું, એમ એજન્સીએ આક્ષેપ કર્યો હતો.

# પહલગામના એ આતંકવાદી સાથે વાત કરેલી: જાલનના રહેવાસીનો દાવો

જાલના: પહલગામ હુમલાના એક દિવસ પહેલા શકમંદ આતંકવાદીએ પોતાની સાથે વાત કરી હોવાનો દાવો તાજેતરમાં કાશ્મીરથી પાછા ફરેલા જાલનાના એક રહેવાસીએ કરી છે.

'હિન્દુ છો કે? તમે કાશ્મીરના હોય એવું લાગતું નથી', એમ આદર્શ રાઉતને ૨૧મી એપ્રિલે બૈસરન ખાતેના ફૂડ સ્ટોલ પર એક વ્યક્તિએ પૂછ્યું હતું.

હુમલાના થોડા દિવસમાં સલામતી એજન્સીઓ દ્વારા પર્યટકોએ વર્ણવેલા હુમલાખોરોના ચહેરાના આધારે સ્કેચ તૈયાર કર્યા હતા. આ સ્કેચમાંથી એક જણ તે વ્યક્તિ સાથે મળી આવે છે જેની પોતે વાત કરી હતી, એવું રાઉતનું કહેવું છે. રાઉતના જણાવ્યા અનુસાર ૨૧મી એપ્રિલે જ્યારે તે એક ફૂડ સ્ટોલ પર ખાવા માટે ઊભો રહ્યો હતો ત્યારે એક વ્યક્તિએ આવીને તેને પૂછ્યું હતું કે તમે હિન્દુ છો કે? તમે કાશ્મીરના હોય એવું લાગતું નથી. ત્યાર બાદ તે વ્યક્તિ તેના સાથી સાથે જતી રહી હતી અને જતા જતા એવું બોલતા ગયા હતા કે આજે બહુ ઓછી ભીડ છે.

એનઆઇએ દ્વારા સ્કેચ જાહેર કરાયા બાદ મને તે ઘટનાનો ખ્યાલ આવ્યો હતો. એનઆઇએને મેં ઇમેઇલ કરીને કાશ્મીરના આ પ્રસંગ વિશે જણાવ્યું છે, એમ રાઉતે કહ્યું હતું.

### સાકર કારખાનામાં ગોલમાલ
# ભાજપના રાધાકૃષ્ણ વિખે-પાટીલ અને અન્ય ૫૩ સામે ગુનો નોંધાયો

પુણે: ખેડૂતોના નામે બનાવટી દસ્તાવેજોના આધારે નવ કરોડ રૂપિયાની કથિત લોન લેવા માટે સાકર કારખાનાના ડિરેક્ટરો સહિત મહારાષ્ટ્રના ભાજપના પ્રધાન રાધાકૃષ્ણ વિખે-પાટીલ અને અન્ય ૫૩ જણ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. રાહતામાં આવેલી કોર્ટના નિર્દેશ પ્રમાણે સોમવારે અહિલ્યાનગરના લોની પોલીસ સ્ટેશનમાં આ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીઓમાં પદ્મશ્રી વિખે પાટીલ સહકારી કારખાના (કો-ઓપરેટિવ સાકર કારખાના)ના તત્કાલીન ચેરમેન અને ડિરેક્ટર્સ તથા બૅંક ઓપ ઈન્ડિયા અને યુનિયન બૅંક ઓફ ઈન્ડિયાના અધિકારીઓનો સમાવેશ થાય છે.

શેરડીના ઉત્પાદક અને કો-ઓપરેટિવ સાકર કારખાનાના સભ્ય બાળાસાહેબ વિખે દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. તેમની ફરિયાદ અનુસાર ૨૦૦૪માં ગેરરીતી આચરવામાં આવી હતી. સાકર કારખાનાના તત્કાલીન ચેરમેન અને ડિરેક્ટરોએ ખેડૂતોના નામે બનાવટી દસ્તાવેજોના આધારે લોનની માગણી કરી હતી અને બૅંકના અધિકારીઓ સાથે મળીને ૩.૧૧ કરોડ રૂપિયા અને ૫.૭૪ કરોડ રૂપિયા મેળવ્યા હતા. તેમ છતાં ક્યારેય ખેડૂતોના ખાતામાં તે પૈસા જમા થયા જ નહોતા જેના નામે લોનના પ્રસ્તાવ મૂકવામાં આવ્યા હતા.

સાકર કારખાનાના અને બૅંકના અધિકારીઓ દ્વારા આ નાણાં પચાવી પાડવામાં આવ્યા હતા. આ સિવાય આરોપીઓએ સરકારની લોન માફીનો કથિત લાભ પણ ઉઠાવ્યો હતો, એવો આક્ષેપ ફરિયાદીએ કરી હતી.

# ચોમાસામાં ખાડા પુરવા ૭૨ કરોડ રૂપિયાનું બજેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના રસ્તાઓને ખાડામુક્ત કરવા માટે તેને કૉંક્રીટના બનાવવાનું કામ મોટા પાયા પર ચાલી રહ્યું છે, છતાં ચોમાસા દરમ્યાન રસ્તા પર પડનારા ખાડાના સમારકામ માટે પાલિકાએ ૭૯ કરોડ રૂપિયા ખર્ચ કરવાની છે. પાલિકાએ પશ્ચિમ ઉપનગરની સાથે જ પૂર્વ ઉપનગરમાં ખાડા પૂરવા માટે તાજેતરમાં ટેન્ડર બહાર પાડ્યાં હતા. ગયા વર્ષે પાલિકાએ ચોમાસામાં રસ્તા પર પડનારા ખાડા માટે ૨૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી. તેની સામે આ વર્ષે માત્ર ૭૯ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પાલિકાના અધિકારીના કહેવા મુજબ છેલ્લા એક વર્ષમાં મુંબઈમાં મોટા પ્રમાણમાં રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશન થઈ ગયું છે, તેથી આ વર્ષે રસ્તા પર ખાડા પડવાનું પ્રમાણ ઘટી જશે. એ સિવાય વોર્ડ સ્તરે રસ્તાના ખાડા પૂરવા માટે બે-બે કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. પશ્ચિમ ઉપનગરના રસ્તા પર ચોમાસા પહેલા અને ચોમાસા બાદ ખાડા પૂરવા સહિતના સમારકામ માટે લગભગ ૩૪ કરોડ રૂપિયા ખર્ચવાની છે, જેમાં બાન્દ્રા, સાંતાક્રુઝ, અંધેરી, ગોરેગામ, બોરીવલી અને દહિસર જેવા વિસ્તારનો સમાવેશ થાય છે. તેમ જ દક્ષિણ મુંબઈ તથા પૂર્વ ઉપનગર માટે પણ બુધવારે પાલિકાએ ડામરના રસ્તાના સમારકામ, ખાડા પૂરવા તથા રસ્તા પર પડેલા ખરાબ પેચીસને દૂર કરવા માટે છ અલગ અલગ ટેન્ડર બહાર પાડ્યાં હતાં, જેમાં મોટાભાગના રસ્તાની પહોળાઈ નવ મીટર કરતા ઓછી છે. મુંબઈમાં મોટા પ્રમાણમાં રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનનું કામ ચાલી રહ્યું છે.

# દિશા સેલિયનના પિતાની અરજી પર સરકારને ૧૫ જૂન સુધી જવાબ આપવાનું હાઇ કોર્ટે કહ્યું

મુંબઈ: અભિનેતા સુશાંતસિંહ રાજપૂતની મેનેજર દિશા સેલિયનના પિતા સતિશ સેલિયન દ્વારા કરાયેલી અરજી પર બૉમ્બે હાઇ કોર્ટે બુધવારે મહારાષ્ટ્ર સરકારને ૧૫મી જૂન સુધી સોગંદનામું રજૂ કરવાનું કહ્યું હતું.

ગયા મહિને દિશાના પિતાએ હાઇ કોર્ટમાં ધા નાખીને શિવસેના-યુબીટીના નેતા આદિત્ય ઠાકરે સામે એફઆઇઆર નોંધાવવાની તથા આ કેસની તપાસ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને સોંપવાની માગણી કરી હતી.

આઠમી જૂન, ૨૦૨૦ના મલાડના પોતાના નિવાસસ્થાનેથી ૧૪મા માળેથી પડીને દિશાનું મૃત્યુ થયું હતું. પોલીસે શરૂઆતમાં આકસ્મિક મૃત્યુ (એડીઆર) નોંધ્યો હતો. તેના છ દિવસ બાદ ૧૪મી જૂને સુશાંતસિંહ રાજપૂત પણ તેના ઘરે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. બન્નેના મોત બાદ ઘણી ચર્ચાઓ શરૂ થઇ હતી.

સતિશ સેલિયનની અરજી બાદ હાઇ કોર્ટે સરકારને ૧૫મી જૂન સુધી જવાબ આપવાનું કહ્યું છે.

દિશાના પિતાએ તેની અરજીમાં આક્ષેપ કર્યો છે કે તેની દીકરી પર બળાત્કાર ગુજારી તેની ક્રુરતાથી હત્યા કરવામાં આવી હતી. તેમણે એવો દાવો પણ કર્યો હતો કે દિશાનું મૃત્યુ રાજકારણ સાથે જોડાયેલું છે અને તેથી વગ ધરાવતા લોકો દ્વારા તેના પર ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ થઇ રહ્યો છે. પોલીસે ફોરેન્સિક રિપોર્ટ, ઘટનાસ્થળના પંચનામા તથા અન્ય પુરાવાને નજરઅંદાજ કરીને દિશાને આત્મહત્યા કરી હોવાનું કહીને કેસ ઉતાવળે બંધ કરી દીધો છે, એમ તેમણે અરજીમાં કહ્યું હતું. (પીટીઆઇ)

# બાન્દ્રા - વરલી સી લિંકની ટ્રાફિક ઘટાડવા બાન્દ્રા ફોર્ટથી નવો કનેક્ટર રોડ

મુંબઈ: બાન્દ્રા-વરલી સી લિંક સાથે પ્રસ્તાવિત નવું કનેક્ટર (નવો જોડ રસ્તો) ટ્રાફિકની સમસ્યા હળવી કરશે કે પછી તેને નવી દિશામાં લઈ જશે? રાજ્ય સરકાર નું માનવું છે કે એક નવું કનેક્ટર આ પશ્ચિમી ઉપનગરમાં ટ્રાફિકની કેટલીક સમસ્યાઓને દૂર કરશે - પરંતુ બાન્દ્રા બેન્ડ સ્ટેન્ડના રહેવાસીઓ અને એ વિસ્તારમાં ટહેલવા આવતા લોકોએ પરિવર્તન માટે તૈયાર રહેવું પડશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યા અનુસાર આ નવો જોડ રસ્તો બેન્ડ સ્ટેન્ડ ખાતેના બાન્દ્રા ફોર્ટને સીલિંક સાથે જોડતો ૧.૨૬ કિલોમીટરનો હશે. "લોકોને સીલિંકથી બાન્દ્રા (વેસ્ટ) જતા રસ્તામાં ભારે ટ્રાફિકનો સામનો કરવો પડે છે. તેથી, બાન્દ્રા ફોર્ટ નજીક સી લિંકને એક વધારાનો જોડ રસ્તો આપવાથી ટ્રાફિકની સમસ્યા હળવી થશે.' એમ ફડણવીસે જણાવ્યું હતું.

હાલ વરલીથી આવતો ટ્રાફિક રિક્લેમેશન અથવા એસ.વી.રોડ થઈને બાન્દ્રામાં દાખલ થતો હોવાથી પીક અવર્સમાં મુશ્કેલી થાય છે. પ્રવેશ માટે વૈકલ્પિક વ્યવસ્થાને કારણે આ સ્થળોએ વાહનોની ભીડ ઘટશે. સવાલ એ છે કે - બેન્ડ સ્ટેન્ડ પર તેની શું અસર પડશે અને એ પણ એક્ઝિટ પોઈન્ટ પર ખૂબ અવરજવર ધરાવતી લક્ઝરી હોટેલ તાજ લેન્ડ્સ એન્ડ માટે કોઈ મુસીબત તો ઊભી નહિ થાય ને એ વિચારવાનું રહે છે.

કનેક્ટરનો વિચાર ભાજપના વિધાનસભ્ય આશિષ શેલારે ૨૦૧૯ માં સૂચવ્યો હતો. તેમણે સરકારને પત્ર લખીને કહ્યું હતું કે આવી વ્યવસ્થાથી બાન્દ્રા (વેસ્ટ) માં ટ્રાફિક ઓછો થશે. તાજેતરમાં જ આ પ્રસ્તાવને ફરી રજૂ કરવામાં આવતા ફડણવીસે સોમવારે મંજૂરી આપી હતી.

## હિન્દુ મરણ

થાનગઢવાળા (હાલ-રાજકોટ), ગૌ.વા. વનેચંદભાઈ તલકશીભાઈ ચંદિભમરના ધર્મપત્ની. તે કિરીટભાઈ, શૈલેષભાઈ, હિતેનભાઈ, સંજયભાઈ ચંદિભમરના માતુશ્રી. નિમિષ, મૌલિક, કૃણાલ, અભય, શ્યામના દાદી. સ્વ. ચીમનલાલ મોહનલાલ પુજારાના દીકરી. હસમુખભાઈ તથા નવિનભાઈ પુજારાના બહેન ગૌ.વા. પુષ્પાબેન. તા. ૨૯-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૨-૫-૨૫, શુક્રવારે ૪થી ૬. જનકલ્યાણ હોલ, અમીન માર્ગ, એસ્ટ્રોન ફાટક પાસે, રાજકોટ. (પીયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.)

**હાલાઈ ભાટિયા (ભક્તા)**
જામખંભાળિયાના હાલ મુંબઈ સ્વ. ડાહીબેન (મોંઘીબાઈ) નેણસી ભક્તાનાં પુત્ર મહેશભાઈ (ઉં. વ. ૭૭) તે તરલાબેનના પતિ. ચિરાગના પિતા. અ. સૌ. પ્રીતિના સસરા. તે મહેન્દ્રભાઈ, સ્વ. ઉર્મિલાબેન, સ્વ. ઈન્દુબેન, ગં. સ્વ. લલિતાબેન, ગં. સ્વ. માલતીબેન, ભારતીબેન, અ. સૌ. હંસાબેનના ભાઈ. સ્વ. જ્યોતિબેન જેઠાભાઈ સંપતના જમાઈ ૨૯-૪-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**
ડેડાણવાળા હાલ કાંદિવલી સ્વ. શિલ્પા મહેતા (ઉં. વ. ૫૭) તે સંજય મનહરલાલ મહેતાના ધર્મપત્ની ૨૯-૪-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તેઓ અ. સૌ. અલ્પા-કેતન, ગં. સ્વ. મનીષાબેન હેમંતકુમાર સંઘવી, અ. સૌ. દિપ્તી અનુપકુમારના ભાભી. અ. સૌ. ખુશ્બુ-કરન, પ્રાચી નિયન્તકુમાર ઠાકરના સાસુ. ચિરાગ, સિધ્ધિ, વિનીતના ભાભુ. અંકિત-કિશનના મામી. તે (મહુવાવાળા) સ્વ. બળવંતરાય વ્રજલાલ મોદીના પુત્રીની પ્રાર્થનાસભા ૧-૫-૨૫, ગુરુવારના ૫ થી ૭. ઠે. બાલાઆશ્રમ હોલ, મથુરાદાસ એક્સ્ટેનશન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી (પ.).

**કચ્છી લોહાણા**
સ્વ. જેરામભાઈ હરદાસ બડીયા ગામ કચ્છ સાભરાઈ હાલે મુલુંડના પુત્ર સ્વ. પ્રેમજીભાઈનાં ધર્મપત્ની કસ્તુરબેન (ઉં. વ. ૮૧) તે ૨૯-૪-૨૫નાં રામશરણ પામેલ છે. તે સ્વ. વસંતબેન માવજી દેવજી રાયચન્ના મોટા ભાડીયાની મોટી પુત્રી. અતુલ તથા કામીનીનાં માતુશ્રી. પ્રતિમા તથા વિજય ગણાત્રાના સાસુજી. ફેનીલ તથા શિવાનીના દાદીમાની પ્રાર્થનાસભા રાખેલ નથી. (લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.)

**સૌરાષ્ટ્ર લેઉવા પટેલ**
જેતપુર નિવાસી હાલ દહિસર, સ્વ. પ્રેમજીભાઈ ઠાકરશીભાઈ પટેલ (ભુવા)ના ધર્મપત્ની કસ્તુરબેન પટેલ (ઉં.વ. ૯૮) સોમવાર, તા. ૨૮/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે મુકુંદના માતુશ્રી. હંસાના સાસુ. ભાવિકના દાદી. બિનલના દાદીસાસુ. શાનવીના પરદાદી. પ્રાર્થનાસભા ૧/૫/૨૫ના ૫ થી ૭. સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, તન્વી ડાયમોડા, ત્રીજે માળે, દહિસર પેટ્રોલ પમ્પ પાસે, એસ. વી. રોડ, દહિસર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**
મહુવાવાળા હાલ મલાડ, સ્વ. પ્રવિણચંદ્ર મોહનલાલ મહેતા તથા ગં.સ્વ. અરુણાબેનના પુત્ર ધર્મેશભાઈ (ઉં.વ. ૫૩) ૨૮/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હેમા ભાવેશ સાયર તથા ભૌમિક- મેઘનાના ભાઈ. મોસાળપક્ષે સ્વ. મગનલાલ જાધવજી મહેતાના દોહિત્ર. સ્વ. દીપ્તિના પતિ. સ્વેતાના પિતા. ભાવિ ભાવેશ સાયરના મામા. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**
હરેશભાઈ મથુરાદાસ વિઠ્ઠલદાસ દાવડા (ઉં.વ. ૭૧) મુ. ગામ મોવાણ હાલ કાંદિવલી, ગં. સ્વ. હિરાબેન દાવડાના પુત્ર. મંજુલાબેન (હિમાબેન)ના પતિ. જલ્પા હિરેનકુમાર ઠક્કર, ઝરણા સંતોષકુમાર રાજપૂતના પિતાશ્રી. સ્વ. મહેશભાઈ, શૈલેષભાઈ (કુમનભાઈ), ગં. સ્વ. મીનાબેન રાજેશકુમાર મૃગ (ઠક્કર), અ. સૌ. અલ્કાબેન અંકુરકુમાર જોબનપુત્રાના ભાઈ. સ્વ. ભગવાનજીભાઈ જેઠાભાઇ ગણાત્રા (કલકત્તાવાળા)ના જમાઇ તા. ૨૭/૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧/૫/૨૫ના ગુરૂવારે ૫.૦૦ થી ૬.૩૦. હાલાઈ લોહાણા મહાજન વાડી, ૧લે માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**
અગાશીના લાભુબેન કેશવલાલ ખખ્ખર (ઠક્કર) (ઉં.વ. ૮૪) ૨૭/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે દિપક, સુરેશ, ભાવેશના માતુશ્રી. હિના, ભરતી, સોનાલીના સાસુ. કુણાલ, ઉત્સવી, કેયુર, ભાવિક, ક્રિષ્નાના દાદી. કશ્મીરી, અંકિતકુમારના દાદીસાસુ. ગારિયાધાર નિવાસી સ્વ. ધનજીભાઈ કાનજીભાઈ સૂચકના દીકરી. પ્રાર્થનાસભા ૧/૫/૨૫ના ૪ થી ૬. કુબેર બેન્કવેટ, ગજ પ્લાઝા, પ્રીમિયમ પાર્ક, ઓન ધ વે હોટેલની પાછળ વિરાર વેસ્ટ.

**કપોળ**
દિલ્હીવાળા હાલ સુરત, ભગીરથભાઈ સૌભાગ્યચંદ્ર સંઘવીની ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૬૬) તા. ૨૬-૪-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે દેવલ, નંદિતાના માતુશ્રી. અર્પીતકુમારના સાસુ. મહેશભાઈ સંઘવી, પદિપભાઈ સંઘવી, જયંતભાઈ સંઘવી, ગીતાબેન, વંદનાબેનના ભાભી. સ્વ. શાંતાબેન નગીનભાઈ (મહેતા)ગાંધીના સુપુત્રી. સ્વ. ચંપકભાઈ ગાંધી, સ્વ. ધનસુખભાઇ, વિજયભાઈ, રંજનબેન નલીનકાંત, જ્યોતિબેન જયંતીલાલ, રેખાબેન અજિતરાયના ભત્રીજી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**
મૂળ ગામ તેરા કચ્છ હાલ મુલુંડ, સ્વ. દીપાબેન દિલીપ લક્ષ્મીદાસ રૂખાણાના પુત્ર, સ્વ. લક્ષ્મીબાઈ લક્ષ્મીદાસ રૂખાણાના પૌત્ર અંકિત (ઉં.વ. ૩૮) તારીખ ૨૯ એપ્રિલ ૨૦૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. એકતા જયેશ તન્ના, ધર્મેશ અને પુનિતના ભાઈ. દર્શનાબેન હિતેન હરેશ્વર દવેના જમાઈ. ઉર્વીના પતિ. કિયારાના પિતા. પ્રાર્થનાસભા બન્ને પક્ષની તા. ૧ મે, ૨૦૨૫, ગુરુવારે ૫ થી ૭. આર્ટ ઓફ લિવિંગ હોલ, બી/૨, પરમેશ્વરી ધામ, આશાનગર, અચીજા હોટલની બાજુમાં, મુલુંડ પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**
ફડસર નિવાસી હાલ સાયન, શાંતાબેન તથા સ્વ. મનસુખલાલ વિઠ્ઠલદાસ સોમૈયાના પુત્રવધૂ ચેતનાબેન (ઉં.વ. ૫૯) તે દિલેશભાઈ સોમૈયાના ધર્મપત્ની. સ્વ. હેત્વી સોમૈયા, ઇશિતા અભિષેક ગણાત્રાના માતુશ્રી. કમુબેન તથા સ્વ. પ્રવીણભાઈ નથુભાઈ મજીઠીયાના સુપુત્રી. મીતાબેન - ધીરેનભાઈ, પન્નાબેન - ચેતનભાઈ, દીપાબેન - ભાવેશભાઈ તથા ક્રિષ્ના હર્નિષભાઈ વણઝારાના ભાભી. ધીરેનભાઈ, જયેશભાઈ મજીઠીયાના બહેન તા. ૩૦/૪/૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧/૫/૨૫ ગુરુવાર ૫ થી ૬.૩૦. નોર્થ ઇન્ડિયન એસોસિએશન, ભાઉદાજી રોડ એક્સટેન્શન, માટુંગા સેન્ટ્રલ.

**ઈડર ઔદિચ્ય ૨૭ જ્ઞાતિ બ્રાહ્મણ**
મેસણ નિવાસી હાલ કલ્યાણ, છોટુભાઈ પ્રહલાદભાઈ પુરુષોત્તમ પંડ્યા (ઉં.વ. ૮૨). તા. ૨૮/૪/૨૫ના અવસાન પામેલ છે. તે ઈન્દુમતીબેનના પતિ. વિકાસ અને મીનળ વિશાલ શર્માના પિતાશ્રી. નેહા અને વિશાલ ભાઈના સસરાજી. મૌસમ અને ધ્રુવના દાદાજી. પ્રિશાના નાના. માણકેશ્વર વાસુદેવ ભટ્ટ, ગામ ચિત્રોડાના જમાઈ. તેમની સાદડી પ્રથા રાખેલ નથી.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**માંગરોળ જૈન**
માંગરોળના હાલ સાંતાક્રુઝ જશુમતીબેન (રેખાબેન) (ઉં. વ. ૮૭) તે સ્વ. રસિકલાલ છગનલાલ શાહના ધર્મપત્ની. સ્વ. કલાબેન જયંતીલાલ દલાલના પુત્રી. તે સુનીલ, માલા, ચાંદની, બીના અને લીનાના માતુશ્રી. તે લીના, શીરીષ, જયેશ, યોગેશ અને સંદીપના સાસુ. રોહન, કીશા, દીપ, સિમરન અને અર્નવના દાદી-નાની. સ્વ. પ્રમેશ, સ્વ. સુરેશ, નલીની, ઉર્વશીના બહેન ૨૯-૪-૨૫ના અરિહંતશરણ થયેલ છે. (લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.)

**હાલાર વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
જામનગરના હાલ થાણા જગદીશભાઈ ધીરજલાલ વસા, (ગોળવાળા) (ઉં. વ. ૮૧), તે ભારતીબેનના પતિ. અલ્પા વિરેનભાઈ વોરા, જસ્મીન પ્રિયદર્શ, સ્વ. નિકેતના પિતાશ્રી. સ્વ. કંચનબેન, સ્વ. લતાબેન, સ્વ. કૈલાશબેન, કુમુદબેન, સ્વ. શીલાબેન, કલ્પનાબેન અને સ્વ. યોગેશભાઈના ભાઈ. મૈત્રી અને અનિક્ષાના નાના. મોહનલાલ ઝવેરચંદ ઝવેરી (તારાબાગ)ના અને હીરાલાલ ડાહ્યાલાલ વોરાના જમાઈ (દાદર) તા. ૩૦-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થના બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
નવીનારના કલ્પેશ મુલચંદ વોરા (ઉં.વ. ૫૨) તા. ૨૮-૪-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ઇંદીરા મુલચંદના પુત્ર. નેહાના પતિ. દિયા, અમયરાના પિતા. સ્વ. તુષારના ભાઈ. મુંબઈના મનીષાબેન દિનેશ બાલકૃષ્ણ મિશ્રાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : કલ્પેશ વોરા, ૧૮૦૦, લોઢા એરિસ્ટો, માજીવાડા (વે), થાણા-૪૦૦૬૦૧.

ગુંદાલાના દિનેશ વેલજી દેઢીયા (ઉં.વ. ૬૦) તા. ૨૮-૪-૨૫ના અવસાન પામેલ છે. કાંતાબેન વેલજીના પુત્ર. ચેતનાના પતિ. વંશના પિતા. મહેન્દ્ર, લક્ષ્મીચંદ, વિજય, દીના, વનિતાના ભાઇ. માંગરોળના હરજીવન જીવા ખેતલપાળના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું: ચેતના દેઢીયા, સી-૪૦૩, લારકીન્સનગર, રાગાઇ દેવી મંદિરની બાજુમાં, ગણેશનગર, ડોંબીવલી (વેસ્ટ).

બાડાના નવલબેન જગશી છાડવા (ઉં.વ. ૭૮) તા. ૨૯-૪-૨૫ના અવસાન પામેલ છે. જેઠીબાઇ ગોસર વરસંગના પુત્રવધૂ. ગઢશીશાના કુંવરબાઇ શામજી પચાણના પુત્રી. સ્વ. જગશીના ધર્મપત્ની. જીતેન્દ્ર, પ્રભા, કમલેશ, ઉર્મીલાના માતુશ્રી. મોહનલાલ, મોરારજી, દેવચંદ, ચંચલબેન જીવરાજ, દેવકાબેન વસનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જીતેન્દ્ર છાડવા, ૯/૩, રામચંદ્ર ભવન, ઉત્તલસર નાકા, થાણા (વેસ્ટ).

મોટી ખાખરના સાકરબેન (તરલાબેન) તલકશી ગંગર (ઉં.વ. ૮૦)નો સંથારો તા. ૨૮-૪-૨૫નાં સીઝી ગયેલ છે. સ્વ. હીરબાઇ લાલજીના પુત્રવધૂ. સ્વ. તલકશીના પત્ની. મનીષા, પ્રવિણા (પ્રીતી), પ્રજ્ઞા, અમિતના માતુશ્રી. બેરાજાના સ્વ. મણીબેન પોપટલાલના સુપુત્રી. જેવંતી નરેન્દ્ર, મધુ કલ્યાણજીના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. મનિષા ગાલા, ક્યુ-૧૦૪, દેશલેપાડા, નવનીતનગર, ડોંબીવલી (ઇસ્ટ).

મોટી ઉનડોઠના ગોરબાઈ (મંગલા) દામજી લઘુ વિસરિયા (ઉં.વ. ૮૮) તા. ૨૮-૪-૨૫ના અવસાન પામેલ છે. ડેમિબેન લઘુના પુત્રવધૂ. સ્વ. દામજી લઘુના પત્ની. હીરબાઈ, પુષ્પા, હરખચંદના માતુશ્રી. મોથારાના વેલજી માલશીના પુત્રી. હરશી, મેઘજી, વાલજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દામજી લઘુ, ગુલિતા એપાર્ટમેન્ટ, લોટસ કમ્પાઉન્ડ, અચોલે રોડ, નાલાસોપારા (ઈ).

હાલાપુરના દેવકાબેન નાનજી (વલ્લભજી) મારૂ (ઉં.વ. ૮૭) તા. ૨૯/૪ના અવસાન પામેલ છે. રાણબાઇ માવજીના પુત્રવધૂ. સ્વ. નાનજીના ધર્મપત્ની. ધનબાઇ, નિર્મળા, મણીલાલ, કાંતીલાલ, જયાના માતુશ્રી. ચાંગડાઇના હિરબાઇ શીવજી નાગડાના પુત્રી. લખમશી, ભાણબાઇ, જવેર, અમૃતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કાંતિ મારૂ, એ-૨૦૨, ઉષા નગર, ભાંડુપ (વે.).

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). **- વ્યવસ્થાપક**

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

# મમતાના ટોપલેસ ફોટો શૂટ બાદ એની ફિલ્મી કરિયરે સ્પીડ પકડી...

(ભાગ: ૨)

**નામ: મમતા કુલકર્ણી-યામાઈ મમતા નંદ ગિરી**
**સમય: ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫**
**સ્થળ: પ્રયાગરાજ**
**ઉંમર: ૫૨ વર્ષ**

હું ગ્રેજ્યુએટ થઈ એ વર્ષે જોબ શોધવાની શરૂ કરી, જોકે મારી મમ્મીની ઈચ્છા હતી કે, હું આગળ ભણું. એનું માનવું હતું કે, આજના સમયમાં માત્ર ગ્રેજ્યુએશનનું કોઈ મૂલ્ય નથી. મારા પિતાએ મને કોઈ દિવસ 'દીકરી'ની જેમ ઉછેરી નથી, બલકે મને કારકિર્દી પસંદ કરવાની સંપૂર્ણ છૂટ આપવામાં આવી હતી. હું કોલેજમાં હતી ત્યારે અમારા કેમ્પસમાં બે એડ ફિલ્મો શૂટ થઈ. એમને થોડા જુનિયર કલાકારો જોઈતા હતા. એમણે અમારા કેમ્પસમાંથી જ કેટલાક યુવાન છોકરા-છોકરીઓને પસંદ કર્યા, હું એમાંથી એક હતી. એક જ દિવસના મને ૧૫૦૦ રૂપિયા મળ્યા. હું ખુશ થઈ ગઈ! મેં મારી મમ્મીને એ પૈસા આપ્યા, અને કહ્યું, 'આ તો મજાની દુનિયા છે. પ્રસિધ્ધિ પણ મળે ને પૈસા પણ.' જોકે, મારી મમ્મીને આ વાત બહુ ગમી નહોતી. એ ઈચ્છતી હતી કે, હું ભણું કારણ કે, હું ભણવામાં તેજસ્વી હતી.

હું ફિલ્મોમાં કામ ન કરું એવી મારી મમ્મીની ઈચ્છા હતી એનું બીજું પણ એક કારણ હતું. ૭૦ના દાયકામાં રામાનંદ સાગર મારી મમ્મીને અભિનેત્રી તરીકે લોન્ચ કરવા માગતા હતા. મારી માએ એ વખતે એમને ના પાડી કારણ કે, એના લગ્ન થવાનાં હતાં. મારી માને એવો ભય પણ હતો કે, મારી બે બહેનો મારા પછી જો ફિલ્મમાં જવાની જીદ કરે તો એ અઘરું પડી જાય. ફિલ્મ લાઈનમાં સૌ સફળ નથી થતા એ વાત મારી માને બરાબર ખબર હતી. વળી, મધ્યમવર્ગીય ગૃહિણી હોવાને કારણે એને ફિલ્મ લાઈન વિશે કેટલાક ભય પણ હતા. જોકે, મેં ફિલ્મોમાં જવાનો નિર્ણય કરી લીધો હતો. એ સમયે મારી બે ફિલ્મો 'કોર્ટ માર્શલ' અને 'જીવન સાત સૂરો કા સંગમ' ફ્લોર પર ગઈ, પણ પૂરી ન થઈ. મારી મમ્મીને વધારે લાગ્યું કે, મારે કારકિર્દી બનાવવામાં ધ્યાન આપવું જોઈએ અને ફિલ્મોમાં મારો રસ ઘટાડવો જોઈએ.

એ સમયે મેહુલ કુમાર એક ફિલ્મ બનાવી રહ્યા હતા, 'તિરંગા'. એ ફિલ્મમાં કેટલાક યુવા અને નવા કલાકારોની જરૂર હતી. જે કંપનીની એડ ફિલ્મમાં મેં કામ કર્યું હતું એ ફિલ્મના કાસ્ટિંગ ડિરેક્ટરે દિગ્દર્શક મેહુલ કુમારને કેટલીક તસવીરો મોકલી જેમાં મારી તસવીર પણ હતી. મને ઓડિશન માટે બોલાવવામાં આવી. મેં ઘેર વાત કરી. મારા પિતાએ તરત જ હા પાડી. મારી મમ્મીએ થોડું અચકાઈને, પણ 'હા' તો પાડી! મને પહેલા જ ઓડિશનમાં પસંદ કરી લેવામાં આવી. હું ખુશખુશાલ ઘરે આવી, મેં મારી મમ્મીને કહ્યું, 'મને ફિલ્મ મળી ગઈ છે. હું હિરોઈનનો રોલ કરવાની છું.' પહેલાં તો એણે માન્યું નહીં, પણ જ્યારે વર્કશોપ શરૂ થયા ત્યારે એ મારી સાથે આવવા લાગી. આ ૧૯૯૦ની વાત છે. હું ૧૮ વર્ષની હતી, અને મારી મમ્મીને લાગતું હતું કે, હું ફિલ્મી દુનિયાના માહોલમાં મારી જાતને સંભાળી નહીં શકું. એનો ભય ખોટો નહોતો. એ વખતે ફિલ્મી દુનિયા વિશે જે વાતો વહેતી એમાં છોકરીઓ સાથે થયેલા ગેરવર્તનની, કાસ્ટિંગ કાઉચની ગોસિપ્સ ચાલ્યા કરતી. 'સ્ટારડસ્ટ' અને 'ફિલ્મફેર' જેવાં મેગેઝિન્સમાં ફિલ્મ સ્ટાર્સના લફરાંના સમાચાર છપાતા. મરાઠી છાપામાં એના અનુવાદ પ્રકાશિત થતા. મારી મા જેવી સામાન્ય ગૃહિણીઓ આ વાંચીને ડરી જાય, એ સ્વાભાવિક હતું. મેહુલ કુમાર એક ખૂબ સારા અને સજ્જન વ્યક્તિ પૂરવાર થયા. એમના સેટ પર જે ડિસિપ્લિન હતી એ જોઈને મારી માને સહેજ હાશકારો થયો!



એ ફિલ્મમાં મને રાજકુમાર, નાના પાટેકર, અને હરીશ કુમાર જેવા અનુભવી અને પીઢ કલાકારો સાથે કામ કરવાની તક મળી. સેટ પર પુષ્કળ ડિસિપ્લિન રહેતી. રાજકુમારજી બને ત્યાં સુધી કોઈ સાથે વાત ન કરતા. એ ફિલ્મમાં મારી ઓળખાણ વર્ષા ઉસગાંવકર સાથે થઈ. વર્ષા અને નીતિશ ભારદ્વાજ (મહાભારતના કૃષ્ણ)નો અફેર છેલ્લા ૧૦ વર્ષથી ચાલતો હતો. ૧૯૯૦ના વર્ષમાં એમની વચ્ચે ઝઘડા થવાના શરૂ થયા. એ જ ગાળામાં વર્ષાએ ફિલ્મો સાઈન કરવા માંડી હતી. નીતિશ થોડા પઝેસિવ પ્રકારના માણસ હતા, એ અભિનેત્રી સાથે લગ્ન કરવા માગતા નહોતા. એના પરિવારને પણ કદાચ અભિનેત્રી પુત્રવધૂ તરીકે સ્વીકાર્ય નહોતી. એ જ ગાળામાં નીતિશ 'ફેમિના' મેગેઝિનના તંત્રી વિમલાતાઈ પાટીલની દીકરી મોનિસા પાટીલને પણ ડેટ કરવા લાગ્યા હતા. વર્ષાને આ સંબંધની જાણ થઈ ગયેલી. વિમલાતાઈ નીતિશને અનેક કામ અપાવવા લાગ્યા હતા. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના મેગેઝિન 'ફેમિના'ના એડિટર વિમલાતાઈએ નીતિશ માટે-પોતાની દીકરી માટે સાઉથ મુંબઈમાં એક ફ્લેટ પણ ખરીદ્યો. આ બધી વાતની જાણ થતાં જ વર્ષાએ નીતિશ સાથેનો સંબંધ તોડી નાખ્યો. વર્ષા પોતાના નવ વર્ષ જૂના લગભગ લિવઈન જેવા સંબંધના બ્રેકઅપમાંથી પસાર થતી હતી ત્યારે અમે 'તિરંગા' શુટ કરતા હતા. હું નાની હતી, પણ મારામાં જીવનની સમજ કદાચ વર્ષા કરતાં વધુ હતી, કારણ કે મારી માએ સંબંધો વિશે અમને સૌને-ત્રણેય બહેનોને, ખૂબ પરિપક્વ સમજણ આપી હતી. મેં વર્ષાને સમજાવી, 'તું એના સેટ ઉપર પહોંચી જઈશ કે તમાશો કરીશ એથી કોઈ ફાયદો નહીં થાય.' (જોકે, એ પહેલાં વર્ષા આ બધું કરી ચૂકી હતી. તારે જો ખરેખર આ સંબંધમાંથી બહાર આવવું હોય તો એનો પીછો કરવાનું, એના વિશે વિચારવાનું અને એના ફોન રિસીવ કરવાનું બંધ કરી દે.) ત્યારે સેલફોન નહોતા, એટલે નીતિશને વાત કરવી હોય તો એણે વર્ષાના ઘરે અથવા સ્ટુડિયોના ફોન પર જ વાત કરવી પડે. વર્ષાએ એના બોયને કહી દીધું કે, નીતિશના ફોન એના સુધી આવવા ન જોઈએ. વર્ષાએ પોતાના ઘરે પણ નીતિશ સાથેના સંબંધની વાત જણાવી દીધી હતી, એટલે એને થોડી તકલીફ પડી, પરંતુ એ ધીરે ધીરે એ સંબંધમાંથી નીકળી ગઈ. એ મારો આભાર માનતી રહી, જોકે, 'તિરંગા' રિલીઝ થઈ ત્યાં સુધીમાં અમારી મિત્રતામાં પણ તિરાડ પડી ગઈ હતી કારણ કે, 'તિરંગા'માં એના કરતાં મારો રોલ લાંબો હતો. વર્ષાના ઘણા સીન કપાઈ ગયા. એને લાગ્યું કે, મેં આમાં ચાલાકી કરી હતી. એણે મેહુલ કુમાર સાથે મારા સંબંધો વિશે પણ એક ઈન્ટરવ્યૂમાં આક્ષેપ કર્યા... મારા માતા-પિતાને આ વાંચીને ખૂબ આઘાત લાગ્યો, પરંતુ મેં એમને સમજાવ્યા. એમને ધીરે ધીરે સમજાયું કે, આવા આક્ષેપો અને પ્રતિઆક્ષેપો, ખોટી-સાચી ગોસિપ ફિલ્મી દુનિયાનો એક ભાગ છે.

'તિરંગા' એક સારી, હિટ ફિલ્મ પૂરવાર થઈ. એ પછી તરત જ મને એક કન્નડ અને તેલુગુ ફિલ્મની ઓફર આવી. મેં એમને જણાવ્યું કે, મને કન્નડ કે તેલુગુ નથી આવડતું, પણ એ લોકોએ સામે મને સમજાવી કે, એ તો ડબિંગ થઈ જશે. મેં બંને ફિલ્મો કરી. એ ફિલ્મો પણ હિટ થઈ. એ પછી મેં 'આશિક આવારા' ફિલ્મ કરી. એ ફિલ્મ માટે મને લક્સ તરફથી 'ફિલ્મફેર લક્સ ન્યૂ ફેસ એવોર્ડ' મળ્યો, અને સૈફ અલી ખાનને બેસ્ટ ડેબ્યૂ મેલ એક્ટરનો એવોર્ડ મળ્યો. 'આશિક આવારા' બહુ સફળ ફિલ્મ નહોતી, પરંતુ એ પછી મને ધડાધડ ફિલ્મો મળવા લાગી. ૧૯૯૪માં 'અનોખા પ્રેમયુધ્ધ,' 'બેતાજ બાદશાહ', 'ગેંગસ્ટર', 'દિલબર', 'ક્રાંતિવીર', 'વાદે ઈરાદે', 'આંદોલન' અને 'બાઝી' જેવી ફિલ્મો રિલીઝ થઈ. મને સારી એવી પ્રસિધ્ધિ મળી.

જોકે, મને ધડાધડ ફિલ્મો મળી નહીં. એ સમયે એક ફોટોગ્રાફર જયેશ શેઠ મને મળ્યો. એણે મને ઓફર આપી કે, જો હું ટોપલેસ (શરીરના ઉપરના ભાગમાં કશું પહેર્યા વગર) ફોટોશુટ કરાવું તો એ મને 'સ્ટારડસ્ટ'નું કવર પેજ અપાવશે. મારી કારકિર્દીને એક ઠુમકાની જરૂર હતી. હું કદી કોઈનાથી ડરી નથી. મારા નિર્ણયો મેં જ કર્યા છે. મેં જયેશને 'હા' પાડી. અમે એના સ્ટુડિયોમાં ટોપલેસ ફોટોશુટ કર્યું. જીન્સની ઉપરના ભાગે કશું જ પહેર્યા વગર, મેં પડાવેલા ફોટા સપ્ટેમ્બર, ૧૯૯૩ના 'સ્ટારડસ્ટ'ના કવરપેજ પર છપાયા અને અંદર એક સ્પેશિયલ ફોટો-ફિચર પણ પ્રકાશિત થયું.

મારા ઉપર અશ્લીલતાનો કેસ કરવામાં આવ્યો. હું હિંમતથી કોર્ટમાં હાજર થઈ અને મેં મારી કેફિયતમાં કહ્યું, 'ગઈકાલ સુધી મને કોઈ ઓળખતું નહોતું. આજે 'સ્ટારડસ્ટ'ના કવર પેજ ઉપર મારા ફોટા છપાયા એટલે હવે સૌ મને ઓળખે છે. મારું શરીર છે, મને ગમે એમ ફોટા પડાવું, કેસ તો મેગેઝિન પર થવો જોઈએ, કે એમણે આવા ફોટા છાપ્યા.' મુંબઈના દરેક અખબારમાં મારું સ્ટેટમેન્ટ છપાયું. અનેક મહિલા સંસ્થાઓએ પણ એ વિશે ઉહાપોહ કર્યો... મને કંઈ ફરક ન પડ્યો! બલકે પછી મારી કરિયરે સીધી ફ્લાઈટ પકડી. મને ધડાધડ ફિલ્મો મળવા લાગી. એ એક નાનકડી કોન્ટ્રોવર્સીએ ભારતના લગભગ દરેક ઘરમાં 'મમતા કુલકર્ણી'ની એક ઓળખ ઊભી કરી દીધી. (ક્રમશઃ)■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com

# મહાન માતા રાજમાતા જીજાબાઈ



*આભમાં ઊગેલ ચાંદલો, ને જીજાબાઈને આવ્યાં બાળ રે*
*બાળુડાને માત હીંચોળે ઘણણણ ડુંગરા બોલે*
*શિવાજીને નીંદરું ના'વે માતા જીજાબાઈ ઝુલાવે...*

ઝવેરચંદ મેઘાણી રચિત શિવાજીનું આ હાલરડું તો સાંભળ્યું છે ને?

આ માત્ર હાલરડું નથી, એમાં જીજાબાઈએ શિવાજીનું ઘડતર અને ચણતર કઈ રીતે કર્યું એનું પણ વર્ણન કરાયું છે. જીજાબાઈએ બાળ શિવાજીને રામાયણ, ભગવદ ગીતા તથા મહાભારતની કથા ઉપરાંત પરાક્રમી વીરોની વાર્તાઓ સંભળાવીને બાળપણથી જ શૂરવીર યોદ્ધા અને છત્રપતિ બનવાના માર્ગે વાળ્યા'તા. માતા જીજાબાઈની પ્રેરણાથી જ શિવાજીએ મુઘલ સામ્રાજ્યને હંફાવીને હિંદવી સ્વરાજ્યની સ્થાપના કરેલી. શિવાજીના જીવનમાં જીજાબાઈનું એટલું અણમોલ પ્રદાન હતું કે એના વિના શિવાજી છત્રપતિ શિવાજી ન થઈ શક્યા હોત. એથી જ શિવાજીનો ઉલ્લેખ થાય ત્યારે જીજાબાઈનો ઉલ્લેખ કરવો પડે છે. જીજાબાઈના ઉલ્લેખ વિના શિવાજીની કથા અધૂરી રહે છે. શિવાજીને છત્રપતિ બનાવનાર ચતુર, બુદ્ધિમાન અને દીર્ઘદ્રષ્ટા જીજાબાઈ માતા જ નહીં, પણ રાજમાતા તરીકે પ્રખ્યાત થયાં. ભારત સરકારે જીજાબાઈની સ્મૃતિમાં ૭ જુલાઈ ૧૯૯૯ના રોજ ત્રણ રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડી. આ ટિકિટમાં પણ જીજાબાઈના ખોળામાં બાળ શિવાજી બિરાજમાન છે!

આ જીજાબાઈનો જન્મ ૧૨ જાન્યુઆરી ૧૫૯૮ના મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાં સિંદખેડરાજામાં થયેલો. માતા મહાલસાબાઈ અને પિતા લખુજી જાધવ. લાડકવાયી દીકરી જીજાને જીજાઉના લાડકા નામે બોલાવતાં. જોકે જીજાઉને માતાપિતાનાં ઝાઝા લાડકોડ મળ્યાં નહીં, કારણ એ સમયના રિવાજ મુજબ બાળપણમાં ૧૬૦૪માં એનાં લગ્ન માંલોજી ભોંસલેના દીકરા શાહજી સાથે થઇ ગયાં. જીજાબાઈએ છ બાળકોને જન્મ આપ્યો. એમાંથી મોટો દીકરો સંભાજી અને નાનો શિવાજી જ જીવિત રહ્યા. શિવપ્રસાદ દલપતરામ પંડિતે 'ભારતનાં સ્ત્રીરત્નો'માં લખ્યું છે કે, 'સાંસારિક સુખની કોઈ સાંકડી અને સ્વાર્થી લાલસા તેને નહોતી. જીજાબાઈ સતત પ્રાર્થના કરતી કે, હિંદુ ધર્મ અને હિંદુ જાતિનો દિવસે દિવસે ભારતવર્ષમાંથી નાશ થતો જાય છે, માટે હું એક એવા વીર અને ધાર્મિક પુત્રને જન્મ આપું કે, એ પુત્ર ફરીથી ભારતની પ્રતિષ્ઠા અને ગૌરવને વધારે... એ જ કામનાથી જીજાબાઈ શિવાઈદેવીની પૂજા અને પ્રાર્થના કરતી.' કાળક્રમે ૧૯ ફેબ્રુઆરી ૧૬૩૦ના શિવાજીનો જન્મ થયો. શિવાઈદેવીના વરદાનથી સેવકરૂપ પુત્ર જન્મ્યો એમ ધારીને જીજાએ પુત્રનું નામ શિવાજી પાડ્યું.

જીજાબાઈ પુણેની જાગીર સંભાળતી. શત્રુઓથી બચવા જીજાએ એકથી બીજા કિલ્લામાં નાસભાગ કરવી પડતી. પરંતુ ઝળુંબતા જોખમ વચ્ચે પણ જીજાએ શિવાજીના ઘડતરમાં કોઈ કસર ન રાખી. એણે શિવાજીને રામલક્ષ્મણ અને કૌરવો તથા પાંડવોની કથા સંભળાવી. પરાક્રમી અને સાહસિક યોદ્ધાઓની કહાણીઓ સંભળાવી.

પ્રારંભનાં દસ વર્ષમાં જીજાબાઈએ શિવાજીને કઈ કઈ વિદ્યાઓ શીખવી તેનો સત્તાવાર ઉલ્લેખ મળતો નથી; પણ એટલું તો જણાયું છે કે બાળ શિવાજીએ માતાની દેખરેખ નીચે ઘોડેસવારી, તીરંદાજી, બંદૂકબાજી, પટાબાજી અને લખવા વાંચવાનું શિક્ષણ મેળવેલું. શિવાજી ઉત્તમ આચરણવાળા થાય, કુસંગતિમાં ન પડે તેમ જ કોઈ વ્યસન કે આળસથી ઘેરાય નહીં એ માટે જીજા ઘણી કાળજી લેતી. લડાઈ અથવા બીજા કોઈ કામે શિવાજી બહારગામ જતા, ત્યારે જીજાબાઈ તેમના પ્રતિનિધિ તરીકે રાજવહીવટ કરતી.

જીજા સમર્થ રામદાસની શિષ્યા હતી.એણે શિવાજીને ધર્મકર્મના રક્ષક બનવા ઉપરાંત મરાઠા સામ્રાજ્ય અને હિંદવી સ્વરાજ્યની સ્થાપના કરવા માટે તૈયાર કર્યા. માત્ર સોળ વર્ષની ઉંમરે શિવાજીએ હિંદવી સામ્રાજ્ય સ્થાપવાની પ્રતિજ્ઞા કરી. ભોરકે સહ્યાદ્રી પર્વતના એક શિખર પર વિરાજિત રાયરેશ્વરના સ્વયંભૂ શિવાલયમાં શિવાજીએ આ પ્રતિજ્ઞા કરેલી. એ દિશામાં એમણે કામ પણ શરૂ કરી દીધેલું. મુઘલ સામ્રાજ્યને એ હંફાવી રહેલા. દરમિયાન ૧૬૬૪માં શાહજીનું નિધન થયું. જીજાબાઈ સતી થવા તૈયાર થયાં, પણ શિવાજીએ માતાને રોકી લીધી. એના એક વર્ષ પછી જૂન ૧૬૬૫ના પુરંદર સમજૂતી અનુસાર શિવાજી મહારાજે મુઘલોને સિંહગઢ સહિત ત્રેવીસ કિલ્લા સોંપવા પડેલા.

આ સમજૂતીએ મરાઠા સ્વાભિમાનને ઠેસ પહોંચાડેલી, પરંતુ જીજાબાઈ તો અત્યંત વ્યથિત થયેલી. સિંહગઢની સુરક્ષા આરબો અને પઠાણો કરી રહેલા એથી એને પાછો મેળવવો અશક્ય જણાતું હતું. પણ જીજાબાઈએ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી સિંહગઢનો કિલ્લો પાછો નહીં મળે ત્યાં સુધી અન્નજળ ગ્રહણ નહીં કરે. એક સવારે પ્રતાપગઢના ઝરૂખામાંથી જીજાબાઈની નજર સિંહગઢ પર પડી અને એના પર મુઘલોનું આધિપત્ય જોઈને એને પારાવાર ક્રોધ ચડ્યો. એણે તાબડતોબ સંદેશ પાઠવીને શિવાજીને બોલાવ્યા અને તાત્કાલિક સિંહગઢને જીતી લેવાનો આદેશ આપતાં કહ્યું : 'શિવ દીકરા, તારે કોઈ પણ કિંમતે સિંહગઢ જીતવું પડશે. જો સિંહગઢ પર લહેરાતો વિદેશી ધ્વજ ઉતારીને ફેંકી નહીં દે ત્યાં સુધી કાંઈ કર્યું જ નથી. તું સિંહગઢ જીતીશ ત્યારે જ તું મારો પુત્ર સાચો.' શિવાજીએ શીશ ઝુકાવીને કહ્યું, 'મુઘલોની સેના અત્યંત વિશાળ છે. આપણું સૈન્ય નબળું છે. એવામાં સિંહગઢનો વિદેશી ઝંડો ઉતારવો આસન નથી. આ ખૂબ કઠિન કાર્ય છે.'

એ સાંભળીને આવેશમાં આવેલી જીજાએ ગુસ્સે ભરાઈને કહ્યું, 'ધિક્કાર છે તને ! તું મારો દીકરો નથી. હું સ્વયં ફોજ સાથે સિંહગઢના દુર્ગ પર આક્રમણ કરીશ અને વિદેશી ઝંડાને ગઢ પરથી ઉતારીને ફેંકી દઈશ.' માતાની વાત સાંભળીને શિવાજી લજ્જિત થઈ ગયા. એમણે માતાની ઈચ્છા પૂરી કરવાનું વચન આપ્યું. વળતી પળે શિવાજીએ તાનાજી માલુસરેને બોલાવ્યો અને સિંહગઢ પર ચડાઈ કરવા કહ્યું. તાનાજીએ સિંહગઢ પર આક્રમણ કર્યું અને જંગ જીતી લીધો.

શિવાજીની માર્ગદર્શક અને પથદર્શક બનેલી જીજાબાઈનો, શિવાજીના રાજ્યાભિષેકના બાર દિવસ બાદ ૧૭ જૂન ૧૬૭૪ના સ્વર્ગવાસ થયો, પણ ઈતિહાસમાં મહાન માતા તરીકે એનું નામ અમર થઈ ગયું. આવી માતાઓને ધ્યાનમાં રાખીને જ કહેવાયું હશે કે, માએ મા બીજા બધા વગડાના વા! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

# કેટલીક મૂર્ખતાભરી મહેચ્છા...

**તારાના** જીવનમાં બે ઘટના એકસાથે બની. તારાના ઉંબરે તરુણાવસ્થા દસ્તક દેતી હતી ત્યારે વર્ષોથી દુબઈ રહેતા પેરેન્ટ્સે ઈન્ડિયા સ્થાયી થવાનો નિર્ણય લીધો. દુબઈના આલિશાન એપાર્ટમેન્ટની સરખામણીએ અહીંનો ફ્લેટ થોડો જુનવાણી હતો, પણ તારાએ મને-કમને એનો સ્વીકાર કરવો પડ્યો.

બે-ચાર દિવસ નવી જગ્યાએ સેટલ થયા બાદ એક બપોરે સ્કૂલથી પાછા ફરતાં તારાની મુલાકાત સામેની બિલ્ડીંગમાં રહેતી આશ્કા સાથે થાય છે.

બંને એકસરખી ઉંમરના અને એક જ સ્કૂલમાં ભણતા હોવાથી એમની વારંવાર મુલાકાત થવી સ્વાભાવિક હતી. એકદમ સીધી-સાદી એવી આશ્કા માતા-પિતાને શક્ય એટલું મદદરૂપ થવા ઘરમાં જ નાના બાળકોને ટ્યુશન કરાવે. આશ્કા એવી તરુણી છે, જેના ઘરમાં જુનવાણી ઘરેડ આજે પણ જીવંત છે, જ્યારે તારાના રૂંવે-રૂંવે આધુનિકતા છલકાતી. આશ્કા માટે તારા એક સંમોહિત કરનારું જીવન જીવતી યુવતી હતી. તો તારા માટે આશ્કા મધ્યમવર્ગની એક એવી યુવતી હતી કે જેની દેખીતી કોઈ મહત્વાકાંક્ષા નથી.

આમ છતાંય બંને વચ્ચે થોડાઘણાં બહેનપણાં થયાં.

આશ્કા સાથે વાતો કરવાનો તારાને આમ તો કંટાળો આવતો. એમ છતાં તારા દરરોજ આશ્કાને મળવા અચૂક આવતી. દિવસમાં એકાદ આંટો તો એ આશ્કા પાસે મારી જ જાય... નહીં તો આશ્કાને પરાણે બહાર આંટો મારવા લઈ જાય. દેખાવ, સ્વભાવ, જીવનશૈલી કે વિચારસરણી દરેક રીતે બંને ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેવા હતા તો પણ તારા વારંવાર આશ્કાને મળવા આવતી. કારણકે આશ્કા સાથે એક તો એનો સમય પસાર થઈ જતો. અને બીજુ પોતાની વાતો કરવા અને સાંભળે એવી એક શ્રોતા પણ મળી જાય, જેની પાસે એ પોતાની સાચી-ખોટી ડંફાસ હાંકી શકે.

તારા હાઈ સોસાયટીની રીતભાત મુજબ જીવતી સ્માર્ટ ટીનએજર હતી. આશ્કા એના આવા વ્યક્તિત્વથી સતત અંજાતી રહેતી અને તારા પોતાને આટલું મહત્ત્વ આપે છે એ વાતે ગર્વ પણ અનુભવાતો. ધીમે-ધીમે થાય છે એવું કે આશ્કા દુનિયાદારીની બાબતોમાં તારાને પોતાની ગુરુ માનવા લાગે છે.

આશ્કા સતત તારા પાસે એની અગાઉની સ્કૂલ, મિત્રો, દુબઈની લાઈફ, મોર્ડન મા-બાપ સાથે હરવા-ફરવાના અવનવા કિસ્સાઓ




સાંભળતી રહેતી. થોડા સમયમાં આશ્કાને પોતાનું નીરસ જીવન વધુ રસ વગરનું લાગવા લાગ્યું. એના મમ્મી-પપ્પા બંને નોકરી કરતાં. રોજ થાકીને ઘેર આવે. ક્યારેક જમતાવેંત ઊંઘી જાય તો ક્યારેક ખર્ચનો હિસાબ માંડે,પણ તારાના પેરેન્ટ્સ માફક બધા સાથે બેસી ગામ ગપાટાં મારવાનો અહીં ના તો સમય હતો ને ન તો સગવડ. અરે, આશ્કાને તો એમની સાથે કોઈ સંવાદ સાધવાનો પણ મોકો મળતો નહી. સવારે ઊઠી સ્કૂલ જવું, ઘરનું કામકાજ કરવું ને બાળકોને ભણાવવા. પછી સાંજે મમ્મી આવે એની રાહ જોતાં બેસી રહેવું એ એનું રૂટિન.

તરુણાવસ્થા એક એવી ઉંમર છે, જેમાં એકબીજાની નકલ કરવા, દંભને દેખાડો કરવા તરુણો તલપાપડ રહેતા હોય છે. પોતાની પાસે જે છે એની કદર કર્યા વગર જે નથી એ મેળવવા હવાતિયા મારવા એ આ ઉંમરની નિશાની છે.

અહીં તારાના પ્રભાવ હેઠળ આશ્કામાં બદલાવ આવવાની શરૂઆત થાય છે. એને પણ નવી ફેશન પ્રમાણે કપડાં પહેરવા છે. સ્માર્ટ લુક આવે એમ વાળ કપાવવા છે. તારાની માફક છોકરાઓ સાથે મિત્રતા સાધવી છે.અવનવા કાફે અને રેસ્ટોરાંમાં હેંગ આઉટ કરવું છે.

તારા ફાઈવ સ્ટાર હોટલમાં કેમ વર્તવું એની મેનર્સ આશ્કાને શીખવે છે. સામેવાળાને ઈમ્પ્રેસ કરવાના બધા જ ઉપાય તારા પાસે છે. બીજી તરફ, આશ્કા તો સાવ ભોટ, ફાંકડું અંગ્રેજી બોલતા ના આવડે, ડ્રેસિંગ સેન્સ પણ સાવ દેશી. તારા પાસે આ બધાનો જુગાડ છે. એ ધીમે-ધીમે આશ્કાને એવી રીતે તૈયાર કરતી જાય છે કે અંતે આશ્કા પાસે માત્ર શરીર પોતાનું રહી જાય છે. અંદર આત્મા તો જાણે તારાનો જ વસી ચૂક્યો છે.

સમય જતાં આશ્કાએ ટ્યુશન કરાવવાના બંધ કરી દીધા. ઘરખર્ચના પૈસામાંથી એ તારા જેવી દેખાવાની કોશિશ કરવા લાગી. નેઈલ આર્ટ કરાવવું, પાર્લરમાં જવું, મેકઅપ કિટ્સ ખરીદવી, છાશવારે પાર્ટી કરવી એ બધું આશ્કાના જીવનનો પર્યાય બનવા લાગ્યા. આશ્કાનું એક સરસ મજાનું સરળ વ્યક્તિત્વ હતું. લોકો એની સમજદારીના વખાણ કરતાં, મા-બાપ દીકરી કેટલી ડાહી છે એ વિચારે સંતોષ અનુભવતા, શિક્ષકો આશ્કાના મહેનતું સ્વભાવને બિરદાવતા.

હવે એ બધું જ ધીમે, ધીમે આશ્કાના જીવનથી દૂર થવા લાગ્યું હતું. આશ્કા બિન્દાસ્ત રીતે મોજમજા કરતી. 'તારા છે એ બધું સંભાળી લેશે' એવો વિશ્વાસ પણ ખરો.

કોઈની જિંદગી બહારથી જેવી દેખાતી હોય એવી જ અંદરથી હોય એ જરૂરી નથી હોતું. પોતાની ઈચ્છાઓને અન્યોના જીવન મુજબ પાંખો આપવી એ નરી મૂર્ખાય છે. આવી મૂર્ખામી ટીનએજર્સ વારંવાર કરતા હોય છે. આશ્કાએ પણ એ મૂર્ખામી કરી. તારા પોતાની જીવનશૈલી અંગે જે કહે છે એ ખરેખર સાચું છે કે નહીં એ જાણવાનો ક્યારેય પ્રયત્ન કર્યો નહીં. તારા એની પાસેથી ઉછીના પૈસા માંગવા લાગેલી. તારાની વ્હાલી રહેવા આશ્કા ભાઈની ફી માટે બચાવેલા પૈસા ધીમે-ધીમે એને આપવા લાગી એ વિચારે કે, તારા તો ખૂબ પૈસાદાર છે. હંમણાં પાછા આપી દેશે, પણ એવું કંઈ થયું નહી. તારાએ નાદારી નોંધાવી. ઘરમાં ખબર પડી. આશ્કાની મમ્મીએ પોક મુકી :

'અરે મૂર્ખી, એ લોકો પાસે કાણો રૂપિયો બચ્યો નથી. એટલે તો દુબઈ છોડી અહીં રહેવા આવ્યા છે. તને લાગે છે એટલા પૈસા જો હોય એની પાસે તો અહીં આવા ફ્લેટ્સમાં રહે?'

મમ્મીના રડમસ અવાજે પૂછાયેલા પ્રશ્નથી આશ્કાની આંખો ખૂલી. એના પસ્તાવાનો પાર રહ્યો નહીં. હવે શું થાય? પોતે કરેલી ભૂલોની સજા તો ભોગવવી રહી. મોટી થઈ રહેલી દીકરીને મા-બાપ વધુ શું કહે? સહુ કોચવાતા મને બેસી રહ્યા.

જોકે, આ ઘટના પછી એક વાત સારી બની. બીજા દિવસ સવારથી આશ્કા ફરી એ જૂની આશ્કા બની ગઈ, જે સાદગી અને સહજતા ભરેલી તરુણી હતી. કદાચ સ્વાનુભવે આ વખતે સમજદારીનું વધુ એક પીંછુ એના વ્યક્તિત્વમાં ઉમેરી દીધું હતું! ■

પ્રાસંગિક

નિલા સોની રાઠોડ
feedback.ladki@bombaysamachar.com

# ‘હમારે અમન મેં આગ લગા દી! ’

## પહલગામના આતંકી હુમલા પછી કાશ્મીરના લોકોનો આઘાત સાથે આક્રોશ... પર્યટકોના નિર્મમ હત્યાકાંડ વખતે શ્રીનગરમાં હાજર મુંબઈની એક ગુજરાતી મહિલા વર્ણવે છે ત્યાંની સ્થાનિક પ્રજાની વેદના-સંવેદના...

**જીવનમાં** એકવખત કાશ્મીરમાં દસેક દિવસ રહેવું તેવી ઇચ્છાપૂર્તિની તાજેતરમાં મને એકદમ સુવર્ણ તક મળી, જે મેં ઝડપી લીધી.. કોઈ પણ પ્રદેશની સ્થાનિક આબોહવા, વાતાવરણ, ખાદ્ય પદાર્થો, મિજાજ સમજવા ત્યાં તે પ્રદેશમાં અઠવાડિયું કાઢો તો જ કંઈક અંશે તે આત્મસાત કરી શકો તેવી માન્યતા સાથે હું પાક્કા દસ દિવસની તૈયારી સાથે ૧૮ એપ્રિલના શ્રીનગર પહોંચી ગઈ અને પછી કાશ્મીરને વધુ નજીકથી જોવાં - ઓળખવા રોજ શ્રીનગર અને આસપાસના વિસ્તારમાં એક ભોમિયાની જેમ ખૂણેખૂણે ફરવા માંડતી.

ત્યાં અચાનક પહલગામમાં આતંકીઓ ત્રાટક્યા. આતંકીઓના નિર્દય હત્યાકાંડ વખતે હું શ્રીનગરના જયેષ્ઠા માતા મંદિરમાં પહાડ પર હતી. ત્યાં નેટવર્ક હતું નહીં એટલે કોઈ વૉટ્સએપ કે સમાચાર લિંક્સ અમને વાંચવા મળી નહીં. જયેષ્ઠા માતા મંદિરથી સાંજે નીચે આવી ત્યારે અચાનક મુંબઈથી ફોન અને મેસેજનો ઢગલો થવા લાગ્યો ત્યારે આ હૃદયદ્રાવક ઘટનાની જાણ થઈ. સાથે સ્વજનો મિત્રો એક જ સૂરમાં કહેતાં હતા કે ‘જલદી ઘર ભેગા થાવ! ’

હું ૧૮ એપ્રિલ થી ૨૫ એપ્રિલ સુધી શ્રીનગરમાં જ હતી. હું જે હોટલમાં રોકાઈ હતી તે ‘કલારૂઝ હૉટેલ‘ના માલિક શાહીદ અલી નામના એડવોકેટ હતા. પહેલગામની દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની એ પહેલાં હૉટેલના માલિક શાહીદ ભાઈ સાથે કામ પૂરતી અલપ-ઝલપ વાત જ થઈ હતી.. ઘટનાની ૨૨ એપ્રિલની રાત્રે પોતપોતાના રૂમમાં અમે સહુ ભરાઈ ગયા હતા. ભય એવો વ્યાપ્યો હતો કે રૂમની બહાર સહેજ કોઈ હકચલ થાય કે અરે, પાંદડું હલે તોય એમ થાય કે આતંકવાદી હશે? આખી રાત મટકું માર્યા વગર બધાની જેમ હું પણ જાગતી રહી.

સવારે રૂમની પરસાળમાં હૉટેલનાં કેર-ટેકર બહેન ત્યાંનો મોટો કેટલો લઈ આવ્યાં. આપણા જૂના જમાનામાં જેવો પાણી ગરમ કરતા બંબા જેવી જ નકશીદાર કેટલમાં બંબામાં હોય તેવા પહોળો પાઇપમાં કોલસો પેટાવેલા હોય. આજુબાજુની જગ્યામાં પાણી કેસર, તજ, સાકર, એલચી અને કાજુ બદામનો ભુક્કો ઉમેરી ગરમ થવા દે. તે પાણી ઉકળીને કેહેવો (કહવા્ - કાહવા) બને.



શ્રીનગરની સવારની ગુલાબી ઠંડીમાં હૉટેલ માલિકના માસી કેર-ટેકર બહેન કહે : ‘આપ અપને હાથ સેંકો અચ્છા લગેગા’ પેલા બંબા જેવા કેટલના કોલસાથી હાથને ગરમાવો મળ્યો, પણ અમારા બધાનાં મનમાં આતંકી હત્યાકાંડમાં શહીદ થયેલા પર્યટકો માટેના ઉદ્વેગ સાથે છૂપો ફફડાટ પણ હતો એમાં અમને પર્યટકોને પેલી બહેનની આત્મીયતા-ઉષ્મા પણ ભળી. એ કહે:

‘બહાર કાશ્મીર બંધનું એલાન છે. હૉટેલથી બહાર નીકળવાનું નથી માટે સહુ માટે હું કાહવો બનાવી રહી છું.’ આની સાથે એમણે સ્વાદિષ્ટ કેક બિસ્કિટ, ઈત્યાદિ જેવા નાસ્તાની વ્યવસ્થા પણ કરી હતી.

થોડી વાર પછી હૉટેલના માલિક શાહીદ અલી આવીને અમારી સાથે બેઠા. ખરા દેશભક્ત મુસ્લિમ બંદાની જેમ એ પણ પહલગામની ઘટનાથી વધુ વ્યથિત હતા... એ વારંવાર એક જ વાત કહી રહ્યા હતા :

‘યે આતંકવાદીઓને બડા ગલત કિયા ! મોદીજી કે વિકાસ કો રોકને કી કોશિશ કી.... છહ સાલ પહેલે ૩૭૦ જાને કે બાદ તો ફલફુલ રહા થા હમારા યહ કાશ્મીર! ’

જે થયું એ જાણે માન્યમાં ન આવતું હોય એમ વારંવાર માથું નકારમાં ધૂણાવતા શાહીદ અલી કહે :

‘યે દેખીએ, સામને વાલી હૉટેલ મેં કભી ભી કોઈ કમરા જલદી બુક નહીં હોતા થા આજ વો ભી ફુલ હૈ.... સબ કા ધંધા ભી અચ્છા ચલ રહા હૈ યહાં અમન ભી થા ઉસમેં યહ ના-પાક આતંકવાદીઓને આગ લગા દી!’

સાવ સહજતાથી એ કહી રહ્યા હતા કે ‘કેન્દ્રની હકુમતે કાશ્મીરની સિકલ ફેરવી નાખી છે. જમ્મુ- કાશ્મીરના વિકાસને રોકવા જ આ કાંડ પાકિસ્તાનીઓએ જ કરાવ્યો છે. આ આતંકવાદી ઘટનાથી અમારું ખૂબ મોટું નુકસાન થયું છે.’

શાહીદ અલીનાં પેલાં માસી ઉમેરે છે : ‘તમે તો બે દિવસમાં જતા રહેશો, પણ અમારે લલાટે આ કાયમની પીડા છે. માંડ બે પૈસા રળતા હોય ત્યાં આવી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાથી અમારી ઈજ્જત ધોવાઈ જાય છે.’

અહીંના સ્થાનિક કાશ્મીરીઓ પણ વારંવાર એક મહત્ત્વપૂર્ણ વાત કહેતા હતા :

‘સચ્ચા મુસલમાન, ઇસ્લામ કો માનનેવાલા નિર્દોષ ટૂરિસ્ટો કી કભી ઐસી કત્લ નહીં કરેગા ઈસ હત્યારેને બહુત બુરા કિયા ઇનકે કારણ હમારી પૂરી કોમ બદનામ હોતી હૈ.’

મારો ત્યાંનો લોકલ મુસ્લિમ ડ્રાઈવર આરીફ સાથે હું ૨૪ એપ્રિલ બપોર પછી બહાર નીકળી ત્યારે મેં જોયું-સાંભળ્યું કે રાજ્યમાં ઓમર અબ્દુલાની ચૂંટાયેલી વર્તમાન સરકાર માટે અહીં સહુની જુબાન પર પ્રશંસા હતી. અહીંના મુસલમાન માની રહ્યા છે કે કેન્દ્રમાં મોદી સરકારે ૩૭૦ કાયદો નાબૂદ કર્યા પછી જમ્મુ-કાશ્મીરની પ્રજાના અચ્છે દિન આવી રહ્યા હતા. ત્યારે પાકિસ્તાનના દોરીસંચારથી આવી પહલગામ જેવી હત્યારી સાજિશ થઈ. આવી ઘટનામાં થોડા એકલદોકલ ગુમરાહ થયેલા સ્થાનિક ધર્મ ઝનૂનીઓ આતંકવાદીઓને સાથ આપે તો કાશ્મીરમાં વસતા દરેક મુસ્લિમ અને આતંકવાદીઓને એક જ પંક્તિમાં બેસાડવા ભૂલભરેલું ગણાશે.

આતંકી ઉપદ્રવ માટે વર્ષોથી જેનું નામ ખરડાઈ ગયું હતું એવા કાશ્મીર શ્રીનગરની તસવીર હવે ધીરે ધીરે ઉજળી થઈ રહી હતી ત્યાં પહલગામ જેવા આતંકી હત્યાકાંડથી ખરા અમનની રાહ જોઈ રહેલા ત્યાંના લોકોના ચહેરા અને વાતચીતમાં ઉદાસી સાથે વ્યથા પણ સ્પષ્ટ ઝળકે છે એ મેં મારા આ કાશ્મીરના પ્રવાસમાં અનુભવ્યું પણ ખરું. ■

ફોકસ

ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# વર્કિંગ વુમન એન્ડ ઓવરઓલ...

***સ્ત્રી વિશે ઘણું લખવામાં આવ્યું છે. અથવા તો એમ પણ કહી શકાય કે, સ્ત્રી પર જેટલું લખો તેટલું ઓછું છે. એક સ્ત્રી જ મલ્ટી ટાસ્કર તરીકે ઓળખાય છે. અથવા તો એમ કહી શકાય કે, એક સ્ત્રી ઘણાં બધા રોલ એક સાથે કરી શકે છે. એક વિચારવા જેવી વાત કે, ઘડિયાળના કાંટા પર ચાલતું એક સ્ત્રીનું જીવન પોતાના કયા શોખ પૂરા કરવામાં સક્ષમ થાય છે. કોઈપણ સ્ત્રી જયારે ઘરની બહાર નીકળે છે ત્યારે તેની મનોસ્થિતિ ઘરના બાકી રહી ગયેલા કામ પર હોય છે કે તેના બાકી રહેલા સપનાં પૂરાં કરવામાં. જ્યારે એક સ્ત્રી ઘરના બધા જ કામ પતાવીને ઓફિસે જાય છે ત્યારે તે પોતાને કઈ રીતે મેઈનટેન કરે છે. વર્કિંગ વુમન કઈ રીતે પોતાની લાઈફને બેલેન્સ કરે છે. બીજી રીતે વિચારીએ તો પોતાની દરેક ઈચ્છાને બાજુએ રાખીને પરિવારની ઈચ્છા પૂરી કરે એ વ્યક્તિ એટલે સ્ત્રી.***

***મુંબઈ સમાચારે અમુક વર્કિંગ વુમન સાથે વાત કરી છે ચાલો જાણીયે તેમના અભિપ્રાય.***



દીપિકા પંચમતીયા

થાણે વેસ્ટમાં રહેતાં દીપિકા પંચમતીયા જેમના લગ્નને ૧૨ વર્ષ થયા છે અને તેઓ છેલ્લાં ૧૯ વર્ષથી કામ કરે છે. તેઓ પ્રોફેશનલી એક લોયર છે. તેમને બે દીકરીઓ છે. પહેલી દીકરી વખતે તેમણે ૨ વર્ષ જેટલી મેટરનિટી લીવ લીધી હતી. બાળક પછી કામ કરવું તે સહેલું નહોતું.

દીપિકા આગળ જણાંવતા કહે છે કે, હું જરા પણ ખોટા બહાના આપવા નથી માંગતી કે બધું બરાબર મેનેજ થઈ જાય છે પરંતુ બધું મેનેજ કરવું પડે છે. આ એક ઓનગોઈંગ પ્રોસેસ છે તમારી પ્રાથમિકતા અને અનુકૂળતા વચ્ચેની. મેં મારું કામ ફ્લેકિસબલ રાખ્યું છે એટલે કે, હું મારા કામ, ઘર, બાળકો સાથે મારા માટે પણ સમય ફાળવી શકું.

ઘરના કામની જવાબદારી હું અને મારા હસબન્ડ શેર કરી લઈએ છીએ અને ઘણીખરી વસ્તુઓમાં અમે બાળકોને પણ ઈનવોલ્વ કરીએ છીએ તેથી તેમને તેઓની જવાબદારીનું જ્ઞાન થાય. ભારતમાં સૌથી મોટો એડવાન્ટેજ એ છે કે, અહીં બધી જ વસ્તુઓ માટે સપોર્ટ મળી રહે છે જેમકે, ઘરના કામ માટે, રસોઈ માટે અને બાળકો સાચવવા માટે જેથી મારો સમય આ બધુ કરવામાંથી બચી જાય છે. આ બચેલા સમયનો ઉપયોગ હું બાળકોની સાથે વ્યતીત કરું છું જેમકે તેમને હોમવર્ક કરવામાં મદદ કરવી , સાથે સ્ટોરી બુક વાંચવી કે પછી તેમની સાથે માત્ર વાતો જ કેમ ન કરવાની હોય.

દીપિકા આગળ જણાવતાં કહે છે કે,મારા શોખને જાળવી રાખવા માત્ર ૨૦ મિનિટ પણ પૂરતી છે. જેમકે કસરત કરવી, વાંચવું, ગાર્ડનિગ કરવું કે પછી માત્ર એકલા વોક પર જવું.

પર્સનલ ગ્રુમિંગ માટે દીપિકા જણાવે છે કે, હું પહેલેથી જ પ્લાનિગ કરી રાખું છું. મારો આગ્રહ હંમેશાં ક્વોલિટી ઓવર ક્વોન્ટિટી પરનો હોય છે મારી પાસે અમુક ક્લાસીક બેગ છે જે મોટા ભાગે બધાં જ આઉટફીટ પર મેચ થઈ જાય છે. હેરસ્ટાઈલમાં હું કમ્ફટેબલ હેરસ્ટાઈલ પ્રીફર કરું છું કે જે મારા રૂટીન આઉટલુકમાં સુટ થાય. ફૂટવેર માટે મારી સૌ પ્રથમ ચોઈસ કમ્ફટેબલ શૂઝની હોય છે.

દીપિકા સૌને એક સ્ટ્રોંગ મેસેજ આપતા કહે છે કે વધું ઈચ્છવા માટે તમારી મહત્ત્વાકાંક્ષા યોગ્ય છે તમને જોઈતી વધુ સ્વતંત્રતા, વધું વૃધ્ધિ ,વધું સફળતા માટે કોઈ તમને દોષી અનુભવાવે તેવું ન થવા દો. કામ ફક્ત કમાણી માટે નથી તે તમારાં વિકાસ માટે પણ છે. તમારા લક્ષ્યોને સ્વીકારી લ્યો, તેમને દ્રઢતાથી અનુસરો, અને યાદ રાખો કે તમારાં સપનાઓનું જીવન બનાવવા માટે તમને કોઈ પરવાનગીની જરૂર નથી.

આ બધા પરથી એક જ તારણ નીકળે છે કે, એક સાઈડ છે ઘર, વર , બાળકો અને બીજી સાઈડ છે પોતાના સપના અને કેરીયર. એક એમ પણ વિચાર આવે કે આટલું ભણ્યાં પછી જો ઘરમાં જ બેસવાનું હોય તો એવુ ભણતર શું કામનું. જો તમારી મેનેજમેન્ટ સ્કીલ સારી હોય તો બધું જ પોસિબલ છે. આજકાલની મહિલા પોતાની જવાબદારી સમજે છે. જેને ઘર અને પોતાના કામને વ્યવસ્થિત બેલેન્સ કરતા આવડે છે. મોટામાં મોટી પ્રેક્ટિકલ વાત એ છે કે, આજના જમાંનામાં માત્ર એક વ્યક્તિથી ઘર ચાલતું નથી.બીજી વ્યક્તિ એ એક સપોર્ટ સિસ્ટમ તરીકે ઊભા જ રહેવું પડે છે. એક મહિલા સક્ષમ જ છે પરંતુ જો તેને તેના ઘરનાઓનો સપોર્ટ મળે તો તેની મહેનતમાં ચાર ચાંદ લાગી જશે.



શ્રદ્ધા શેઠ

વિલે પાર્લે ઈસ્ટમાં રહેતા શ્રધ્ધા શેઠનું કહેવું છે કે, મારા લગ્નને ૨૦ વર્ષ થયા અને હું વીસ વર્ષથી કામ પણ કરી રહી છું. મારી દીકરી માત્ર ૪ મહિનાની હતી ત્યારથી જ મે ઓફિસ જવાનું ચાલુ કરી દીધું હતું. એક મા તરીકે મને હંમેશાં એક અપરાધ જેવું લાગતું હતું. મારી દીકરીને મૂકીને કામ પર જવું એ મારા માટે ખૂબજ અઘરું હતું. પરંતુ પરિવારના સાથના લીધે આ સંભવ થયું. શ્રધ્ધા શેઠ આગળ જણાવતા કહે છે કે, ઓફિસમાં પણ જો હું લાર્જ ટીમમાં કામ કરું તો મારે ટીમને અનુરૂપ ચાલવું પડે. હું એવું કામ કરતી કે ઈન્ડિપેન્ડંટ કોન્ટ્રીબ્યુટર તરીકે હોય જેથી મારે ઓફિસમાં વધારે બેસવું ન પડે. મારા પરિવારનો સાથ હોવા છતાં મને ખબર હતી કે મારી દીકરીના સર્વાંગી વિકાસ માટે માતા પિતાનો ફાળો સૌથી મહત્ત્વનો છે. મારે મારા કામ સાથે મારું ઘર અને મારું બાળક એમ બધુ જ સરખું બેલેન્સ કરવું હતું. મારી દીકરી હવે મોટી થઈ ગઈ છે અને તે મારી બેસ્ટ સર્પોટ સિસ્ટમ છે.

ઓફિસ ગ્રુમિગ વિશે શ્રધ્ધા જણાવે છે કે, હું કોર્પોરેટ વર્લ્ડમાં કામ કરું છું. મારે હંમેશાં અપ ટુ ડેટ રહેવું પડે છે. હું હંમેશાં એવા નુસખાઓ અપનાવું છું કે જલ્દીથી તૈયાર થઈ જવાય જેમકે, હેર સ્ટાઈલમાં ઓપન હેર રાખવા કે પછી ડ્રેસને અનુરૂપ હાઈ પોની વાળવી. બેગમાં હું ટોટ બેગ વાપરું છું કે જેથી કરી બધીજ વસ્તુ એકજ બેગમાં આવી જાય. ફૂટવેરમાં હું કમ્ફર્ટ ઓવર સ્ટાઈલ પ્રીફર કરું છું. એટલે કે, હિલ્સનો ઉપયોગ ઓછો અને પ્લેટફોર્મ હિલ્સનો ઉપયોગ વધારે.

શ્રધ્ધા શેઠ આગળ જણાવતા કહે છે કે, એક સ્ત્રીએ પોતાની પ્રાયોરિટી પોતે જ નક્કી કરવી પડે છે. જ્યારે તમે તમારા બાળકને ઘરમાં મૂકી કામ પર જાવ છો ત્યારે તમારા બાળકને ખબર પડે છે કે મારી મમ્મી એક વર્કિંગ વુમન છે. અમુક ઉંમર સુધી જ બાળક્ને તમારી જરૂર હોય છે. જેમ જેમ બાળક મોટું થાય છે તેમ તે તેની કંપની શોધી જ લે છે અને પછી તમને વર્ષો વિતી ગયા બાદ ઘરમાંથી ન નીકળવાનો અફસોસ થાય છે. ■

ફોકસ પ્લસ

પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

# ઈયર કફ બનાવે છે તમને આકર્ષક ને સુંદર

ઈયર કફ એટલે કાનમાં પહેરવામાં આવતું ફંકી આભુષણ. જેને કાન વિંધાવ્યા વગર પહેરી શકાય છે. ઈયર કફની ફેશન આમ તો ઘણી જૂની છે. આમ છતાં એ પહેરો એટલે લુક હટકે લાગે. એને કોઈપણ ડ્રેસ, સાડી કે ઇન્ડો-વેસ્ટર્ન પર કે પછી કોઈપણ ફંક્શનમાં પહેરી શકાય છે. આ ઈયર કફ દરેક વયની યુવતીઓ પર ખીલી ઉઠે છે. જોકે વનપીસ, ટ્યૂનિક, ઈવનીંગ ગાઉનની સાથે પહેરવામાં આવે તો એ તમારી સુંદરતામાં ચાર ચાંદ લગાવી દે છે. આ ઈયર કફ અનેક ડિઝાઇન અને શેપમાં મળે છે. એમાં પણ બટરફલાય અને હાર્ટના શેપના ઈયર કફ ખૂબ પૉપ્યુલર છે.

જો તમે એક જ કાનમાં ઈયર કફ પહેરવા માગો છો તો ફુલોની ડિઝાઈન બેસ્ટ ઓપ્શન રહેશે. વેસ્ટર્ન ગાઉન પર એ નીખરી ઉઠશે. આ ઈયર કફની ખાસિયત એ છે કે એને પહેરવા માટે કાન વિંધાવવાની જરૂર નથી પડતી. એથી એક કાનમાં તમે ઘણી બધી ડિઝાઈનને કૅરી કરી શકો છો.

હલકા અને હેવી ડિઝાઈન સિવાય ચેનવાળા ઈયર કફ પણ ખૂબ પસંદ કરવામાં આવે છે, જે લૂક્ને પર્ફેક્ટ બનાવે છે. પાર્ટીમાં કે પછી લગ્નમાં હેવી ગોલ્ડ અને સિલ્વર ચેનવાળા ઇયર કફ તમારી પર્સનાલિટીને નીખારે છે. જીન્સ પહેર્યું હોય તો પણ ઈયર કફ પહેરી શકાય છે. સાડી પર જો ઈયર કફ પહેરવાના હોવ તો એથનિક ડિઝાઈન પસંદ કરવી.



અન્ય જ્વેલરી સાથે ઈયર કફ પણ સારો ઉઠાવ આપે છે. જો તમે મોટા ઈયર કફ પહેરવાના હોવ તો એને એક કાનમાં જ પહેરો. સાથે જ હાર, કંગન અને અંગુઠીઓ સાથે બૅલેન્સ કરવું. જો તમે એક હૂકવાળો ઈયર કફ પહેરવાના હોવ તો એની સાથે હેવી નેકલેસ પહેરવો જોઈએ. જો ઈયર કફ મોટા હોય તો નાના નેકલેસ કે પછી સિમ્પલ જ્વેલરી સાથે એને પહેરવા.

ઈયર કફ તમારા લૂક્ને હટકે બનાવે છે અને કોઈપણ ફંક્શનમાં તમે નોખા તરી આવો છો. એના માટે અનૂકુળ હેર-સ્ટાઇલ પણ હોવી જોઈએ. તો જ તમે આકર્ષક દેખાશો. વાળને બાંધવા જોઈએ અને જો વાળ ખૂલ્લા રાખવા હોય તો એને એવી રીતે પાર્ટિશન કરવા જેથી જ્યાં ઈયર કફ પહેર્યા છે ત્યાં ઓછા વાળ આવે. જોકે પ્રયાસ કરવો કે ખૂલ્લા વાળ સાથે ઈયર કફ ન પહેરવા, કેમ કે એનાથી કાન ઢંકાઈ જાય છે. હેર-સ્ટાઇલ એવી કરવી કે જેનાથી ઈયર કફ સારી રીતે ચહેરા પર દેખાઈ આવે અને તમારી સુંદરતામાં નવો નીખાર આવે. ■

લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# મામાનું ઘર કેટલે જ્યાં મોજ સાથે મૂંઝવણ ઊભી કરી શકો એટલે!



**મામાનું** ઘર કેટલે. દીવો બળે એટલે?!

દિવ્યા નાની હતી ત્યારે પૂછેલું, ‘બા, મામાનું ઘર જ કેમ? કાકાનું ઘર, માસીનું ઘર, ફોઈનું ઘર પણ હોય જ ને?’

‘હા, હોય જ બેટા.’

‘તો પછી મારે એ બધાના ઘરે પણ જવું છે.’ એમ નાનકડી દિવ્યા એની મમ્મી રમાને કહેતી.

વેકેશન પડવાનું હોય ત્યાર પહેલાં બાળકો પોતાની ફરમાઈશ રજૂ કરી મા-બાપનું માથું ફેરવી નાખતાં. અનેક સવાલોના મા- બાપ પાસે (આજથી વીસ વરસ પહેલાં) એક જ જવાબ રહેતો કે રજા પડે એટલે બાપુજી મામાને ઘરે તમને મૂકી આવશે. મામાનું સુંદર ફાર્મ હાઉસ કે પછી હવા ખાવાનું હિલ સ્ટેશન ગણો, કે પછી કેરી ગાળો કરવાના મજાના દિવસો કે પછી મોસાળમાં રહી ધમાલ કરવાની મજા!

મામાના ઘરે જવાની પ્રથાને કારણે એ સમયની મામીઓ અને એનાં બાળકો એમના મામાના ઘરે જઈ શકતા નહીં. મામી પિયર નહીં જઈ શકતી. એથી મામાએ આખું વેકેશન મામીનો મૂડ સારો રહે એવી કસરત કરતા રહેવાની ફરજ પડતી. ઘણાં ઘરોમાં તો પછી મામા ને મામી, વેકેશન પડે એના ચાર મહિના પહેલાં, ‘આ વર્ષે સમર વેકેશનમાં ફરવા માટે નૈનીતાલ કે દાર્જિલિંગ જવાનાં છીએ.’ એવી જાહેરાત વારે ઘડી કરતાં રહેતાં. એવા કપરા સમયે દર વેકેશને મામાના ઘરે મોકલી આપતાં મા-બાપને પોતાનાં બાળકોને ઘેરવાનું, રમાડવાનું, ફરમાઈશ પૂરી કરવાનું કામ માથે આવી પડતું, એ લોકો એકબીજા સામે દાંતિયાં ચીડિયાં કરતાં થઈ જતાં. ઘણીવાર ‘મામા નહીં, તો ઔર સહી!’ એમ વિચારી કાકા, ફોઈ કે માસીને ઘરે બાળકોને લઈ, રહેવા જવાનો પ્રવાસ ગોઠવી દે છે.

આવો પ્રવાસ જ્યારે એ લોકો કરે, ત્યારે ફોન કરીને ‘અમે તમારે ત્યાં આવીએ છીએ.’ એવું કહેતાં નથી. કારણ કે એવું કહેવામાં મોટું જોખમ એ રહે છે કે એઓ કદાચ એમ પણ કહી દે કે, ‘હમણાં તમે નહીં આવશો. કારણ કે અમે જ અમારા કાકાને ત્યાં રહેવા જઈએ છીએ અથવા અમે પણ વેકેશન પ્રવાસે નીકળીએ છીએ.’ એવું બહાનું કાઢે તો બાવાનું તો બધું જ બગડે.

જો કે ગામડામાં રહેતા મામાઓનાં મોટાં ઘર, ફળિયા અને આંબાવાડીઓમાં ગમે એટલાં બાળકો આવતાં રહે, તો પણ ત્યાં જરા સરખી અડચણ પડતી નથી. ઓટલા પર ખુલ્લા આકાશ નીચે ખાટલા પર ચંદ્ર અને તારા ગણતાં ગણતાં સૂવાની અને આજીબા, આજી બાપા, મામા - મામી, એમનાં બાળકો સાથે વાર્તાઓ, જોડકણાં, નદી કે પર્વત, થપ્પો (સંતાકૂકડી), ચોર - સિપાઈ અને મામાના ઓશીકાથી ફાઇટિંગ કરી, એ ફાટે અને એનું રૂ ઊડે નહીં, ત્યાં સુધી ખાલી ખાલી મસ્તી લૂંટવાની કેવી મજા! (હવે તો આવાં વર્ણન પુસ્તકમાં જ વાંચવા મળે છે! )

આખા ફળિયામાં ભર ઉનાળે કુદરતી એ.સી.નો પવન ફળિયાનાં ઝાડવાં આપે. દરેક ઘરના લોકો ફળિયામાં ખાટલા ઢાળીને સૂઈ જાય. એમ પણ ગામડામાં મોટી વયના વયસ્કો વહેલાં ઊંઘી જનારા હોય છે. જ્યારે શહેરમાંથી ગામડામાં આવેલાં બાળકોને, રાત પડે ને ફળિયામાં વહેતા ઠંડા ઠંડા પવનમાં રમવાનો થનગનાટ થતો હોય. એમાંય સંતાકૂકડી વખતે આ ટોળકીનાં બાળકો વડીલોના ખાટલાની નીચે વડીલની ચાદર ઓઢીને (ખેંચીને) સંતાઈ જાય. એમાંય તોફાની ટપુડાઓ ક્યારેક ક્યારેક પલંગને જાણી જોઈને ઊંચો નીચો કરીને પલાયન થઈ જાય. બીજે દિવસે આ વયસ્કો મામાના ઘરે ફરિયાદ લઈને આવે કે, ‘તમારે ત્યાં આવેલાં બાળકો રાતના ઊંઘવા દેતા નથી. તેઓ ખાટલા નીચે ભરાઈને અમને ભર ઊંઘમાંથી ઉઠાડે છે.’

નાનકડો નીરજ એ અદાલતમાં પૂરી નિર્દોષતા દાખવતાં પૂછતો, ‘દાદાજી, તમે નાના હતા, ત્યારે તમે સંતાકૂકડી રમતા નહીં? કોઈને અમારી જેમ ઊંઘમાંથી જગાડતા નહીં? ઓહ! તો તો તમે બહુ ગુમાવ્યું!’

અને ફરિયાદ કરવા આવેલા વયસ્ક, બાળકના પ્રશ્નોથી પ્રભાવિત થઈને કહેતા, ‘અમે પણ રાતના તમારી સાથે રમીશું. અમને રમાડશોને દીકરા?’ અને વાતાવરણ મઘમઘ થઈને મહોરી ઊઠતું.

વહેલાં નહીં સૂઈ જતાં બાળકોને વડીલો વાર્તા કરતા, ત્યારે ટપુડાઓ એવા એવા પ્રશ્નો કરતાં કે વડીલો બોખલાઈ જતા. કેટલાક વડીલો તો વાર્તા કરતાં કરતાં પોતે સૂઈ જતા અને બાળકો અડધી રાતે ભેગાં થઈને ઉપલે માળે પકવવા મૂકેલી કેરી ખાઈ આવતાં. દાદા દાદીએ સંતાડેલી કેરીઓ પણ ખવાઈ જતી. પણ સૌથી વહાલાં વ્યાજ પર કંઈ ગુસ્સો કરાય છે!

એકવાર દાદા વાર્તા કરવા બેઠા. ‘આજે ભગવાન રામની કથા તમને કહીશ. ભગવાન રામને ચૌદ વરસ વનમાં જવું પડ્યું હતું. ત્યાં ભગવાન રામ અને સીતાને ખૂબ દુ:ખો પડ્યાં...’

તરત નીરજે પૂછ્યું, ‘તે દાદા, તમે ભગવાન રામ વનમાં ગયા એમ કહ્યું. બરાબર?’

‘હા, બરાબર છે.’

‘જો રામ ભગવાન હોય, તો દાદા, ભગવાનને દુ:ખો કેવી રીતે ભોગવવાં પડે? એ તો ભગવાન છે. એ તો બીજાને સુખ કે દુ:ખ આપે.’

હવે દાદા શું જવાબ આપે? દાદાએ થોડીવાર ખરું ખોટું કહેવા પ્રયત્ન કર્યો. એટલે નીરજ અકળાયો અને બોલ્યો, ‘દાદા, તમે પહેલાં નક્કી કરો કે રામ ભગવાન હતા? જો ભગવાન હતા, તો એની પાસે સુખી થવાના હજાર રસ્તા હતા. હા, તમે ભગવાન રામની જગ્યાએ ખાલી ‘રામ વનમાં ગયા.’ એમ બોલો, તો એમને દુ:ખ આવે. કારણ કે એ આપણા જેવા માણસ હતા. અને માણસને તો દુ:ખ આવે જ!’

અને એટલામાં ખુદ મામા જ દાદાની સહાયે આવ્યા. ‘કેમ હજી જાગો છો? કાલે જલદી ઊઠીને ગાડામાં બેસી કેરી તોડવા જવાનું છે.’ એમ કહેતાં જ બાળકો ગાદલું ઓઢી સૂઈ ગયાં અને દાદાને હાશ થઈ. બાકી દાદાએ નીરજનું ટ્યૂશન રાખવું પડત ! ■

# પુરુષ




## મેલ મેટર્સ

અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## ગુજરાત ડે- મહારાષ્ટ્ર ડેઃ આ બંને રાજયએ આપણા રાજનૈતિક ઇતિહાસ પર સૌથી વધુ પ્રભાવ પાડ્યો છે

આજે વ્હોટ્સેપ પર સવારથી એક મેસેજ ફરતો થઈ જશે કે આજે પહેલી મે એટલે દારૂ પીવાવાળા અને ચા પીવાવાળા છૂટા પડેલા!

જોકે ગુજરાતની પ્રતીકાત્મક દારૂબંધીને લઈને આ એક મજાક છે, પરંતુ આ ઉપરાંત જો આપણે ઝીણવટથી જોઈએ તો ગુજરાત અને મહારાષ્ટ્ર ભારતના એવા મહત્ત્વના રાજ્ય છે, જેમણે ભારતના જીડીપી પર, ભારતના ટ્રેડિંગ પર કે પછી ભારતના રાજકીય ઇતિહાસ પર સૌથી વધુ અસર કરી છે. ભાષાને કારણે આ રાજ્યો જુદાં પડ્યાં એટલું જ બાકી, પશ્ચિમ ભારતના આ બંને રાજ્ય મરાઠાઓના સમયથી એકબીજાના પૂરક રહ્યા છે , પરંતુ ૨૦-૨૧સદીના રાજકીય ઇતિહાસ પર આપણે નજર કરીશું તો બીજા રાજ્યોના નેતાઓની સરખામણીએ આ બે રાજ્યના નેતાઓએ દેશના રાજકારણ પર અત્યંત મોટી અને ઊંડી અસર ઊભી કરી છે.

વાત ગોપાલ કૃષ્ણ ગોખલેથી શરૂ કરીએ તો પુણેની ફરગ્યુસન કોલેજમાં જ ગોપાલ કૃષ્ણ ગોખલે બેરિસ્ટર મોહનદાસ ગાંધીને મળેલા અને એમને કોઈ પણ સત્યાગ્રહ કરતાં પહેલાં આખા ભારતનો પ્રવાસ કરવાની સલાહ આપી અને પછી જે થયું એ ઇતિહાસ છે. મોહનદાસ કરમચંદ મહાત્મા ગાંધી થઈ ગયા, અને આજે પણ વૈશ્વિક સ્તરે એ અગ્રહરોળના નેતા તરીકે ઓળખાય છે. ગાંધીજીનો ઉલ્લેખ થાય ત્યારે સરદાર પટેલને તો યાદ કરવા જ પડે, પરંતુ એની સાથે કાકા કાલેલકર, યરવડા જેલ, આગાખાન મહેલ, ગોવાલિયા ટેંકથી કહેવાયેલું ‘કરો યા મરો’ કે પછી વર્ધાનો સેવાશ્રમ યાદ આવ્યા વિના નહીં રહે!

અહીં, મજાની વાત એ છે કે મહાત્મા ગાંધીનાં કાર્યો ને એમના જીવન બાબતે જો ક્યાંક સૌથી વધુ ટીકા થઈ હોય તો એ પણ મહારાષ્ટ્રના જ નેતાઓ છે, જ્યાં આંબેડકરથી લઈ સાવરકર સુધીના નેતાઓ ગાંધીજીને એમની હયાતીમાં જ પસંદ નહોતા કરતા! વળી, આ જ સમયમાં સાવરકર રેશનલ વિચારો સાથે જાતિવાદનો અને કર્મકાંડોનો વિરોધ કરીને હિન્દુઓને એક થવાની વાત કરીને સામાજિક ચળવળ ઊભી કરી રહ્યા હતા તો આંબેડકર વર્ણવ્યવસ્થાનો વિરોધ તેમજ પછાત વર્ગના શિક્ષણની દિશામાં અનન્ય કાર્ય કર્યા. વચ્ચે એમણે પોતે હિન્દુ ધર્મ ત્યજી દીધો અને એમની સાથે સેંકડો લોકોને બૌદ્ધ ધર્મમાં લઈ ગયા એ ત્યારે અને આજે એમ બંને સમયે હિન્દુવાદની વાત કરતા લોકો માટે આડવાત રહી છે. એટલે આપણે પણ ઉલ્લેખ માત્ર કરીએ કે ભારતમાં આજે ય એક વર્ગ વર્ણવ્યસ્થાને નામે બૌદ્ધ ધર્મ અપનાવી રહ્યા છે એ પણ મહારાષ્ટ્રના નેતાના પ્રભાવને આભારી છે.

સમય જ્યારે ૧૯૪૭થી ૫૦નો આવે છે ત્યારે એક ગુજરાતી વલ્લભભાઈ જ હતા, જેમણે અખંડ ભારતના સ્વપ્નને પોતાની અપ્રતિમ કુનેહથી સાકાર કરી આપ્યું. વળી, એ સમયથી જ દેશમાં ગાંધીવાદ અને હિન્દુવાદ-રાષ્ટ્રવાદ નામની વિભાવનાઓ શરૂ થઈ. જ્યાં ગાંધીવાદ રાજકીય લોકો દ્વારા ટેકઓવર કરવાઆં આવ્યો, જેની સામે રાષ્ટ્રવાદનાં વિચાર અંતર્ગત રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે મહરાષ્ટ્રના કેન્દ્રસ્થાનેથી દેશભરમાં ગ્રાઉન્ડ લેવલ પર કાર્યો શરૂ કર્યાં અને ગાંધીજીનું ઓઠું ઓઢીને રાજકીય લાભ લેતા થઈ ગયેલા રાષ્ટ્રીય નેતાઓ અને પક્ષોને ઘરભેગા કરીને ભારતીય જનતા પાર્ટીના મૂળિયા મજબૂત કરી આપ્યા.

આ બધા વચ્ચે બાબરીધ્વંસ હોય કે રામ મંદિરનો મુદ્દો હોય, એમાં મહારાષ્ટ્ર અને ગુજરાતના લોકોનો સ્વર અત્યંત મુખર રહ્યો છે, જેમાં આરએસએસના કાર્યકર્તાઓ સાથે વિશ્વહિન્દુ પરિષદ અને શિવસેના(બાળાસાહેબ પોતે !) અને અન્ય અનેક સંગઠનો ખભેખભો મીલાવીને ઊભા રહ્યા છે.

જોકે ભાજપની સત્તા આવી પહેલાં પણ શરદ પવારે કેન્દ્રની રાજનીતિ પર પોતાનો આગવો પ્રભાવ ઊભો કર્યો હતો, જેમના વિશે એકવાર સુષ્મા સ્વરાજે સંસદમાં કહેલું કે, આ ભાઈ શરદ પવાર છે કે લલિતા પવાર એ જ મને ખબર નથી પડતી !

ખેર, રાજકારણમાં તો આવી હળવી મજાક થતી રહેતી હોય છે, પરંતુ મહારાષ્ટ્રના શરદ પવારનું કેન્દ્રની રાજનીતિ પર અત્યંત જોર હતું અને કેન્દ્રમાં સરકારો આઘીપાછી થતી રહેતી હતી ત્યારે અટલ બિહારી વાજપેઈને મહારાષ્ટ્રના જ પ્રમોદ મહાજને અત્યંત સહાય કરી હતી અને વાજપેઈજીએ પણ મુંબઈથી જ કહેલું કે, ‘સૂરજ નિકલેગા, અંધેરા છટેગા, કમલ ખીલેગા’

-અને એ સમયમાં જ વર્ષ ૨૦૦૧માં અચાનક એક દિવસ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીના નામથી જાહેરાત થાય છે અને એ દિવસથી જ ભારતના રાજકીય-સામાજિક, ખાસ કરીને હિન્દુત્વ સંદર્ભના ઇતિહાસમાં ફેરફાર આવવાનો શરૂ થઈ જાય છે. એ વર્ષોમાં જ લોકો સેક્યુલર તરીકે ઓળખાવાનું પસંદ કરવાને બદલે હિંદુ તરીકે ઓળખાવાનું વધુ પસંદ કરવા લાગ્યા અને સોશિયલ મીડિયાની ફીડમાં જમણેરી વિચારના સમર્થનનો દબદબો વધી ગયો. અલબત્ત, એમાં ઉત્તર પ્રદેશે પોતાના પ્રતિનિધિઓ ચૂંટીને સમર્થન જરૂર આપ્યું છે, પરંતુ આજે દેશમાં જે વિચારધારાનો પ્રભાવ છે એ વિચારધારાના કેન્દ્રસ્થાન ગુજરાત અને મહારાષ્ટ્ર જ છે એટલે જો કોઈ એમ કહે છે કે ‘ચા પીવાવાળા અને દારૂ પીવાવાળા છૂટા પડેલા’ તો એમને એમ કહેવાનું કે આ બંને રાજ્યનો શિવાજીના સમયથી દેશના રાજકારણ પર અને સામાજિક- સાંસ્કૃતિક ગતિવિધિઓ પર અત્યંત પ્રભાવ રહ્યો છે. આ રાજ્યોએ જ ‘જય ભવાની, જય શિવાજી’થી લઈ ‘જય ભીમ’ તેમજ જ ‘વૈષ્ણવજન તો તેને રે કહીએ’ની આમ એકબીજાથી વૈચારિક રીતે જુદી લાગે એવી વિચારધારાઓ આપી છે ને અપનાવી છે. આ બંને રાજ્યની ગેરહાજરી ભારતના ઇતિહાસની અનેક ઘટનાઓને પણ ગેરહાજર કરી દેત !

જય મહારાષ્ટ્ર, જય જય ગરવી ગુજરાત !



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## બધાં બાળક સુપરમેન નથી...

ડિયર હની,

આપણું બાળક કઈ રીતે વિકાસ પામે એ જોવાની જવાબદારી આપણી છે, પણ સમસ્યા એ છે કે, મોટાભાગનાં મા -બાપ બીજા મા- બાપ એમનાં સંતાનો માટે શું કરે છે એને ફોલો કરે છે અને સમસ્યા ત્યાંથી શરૂ થાય છે.

આપણી દીકરી શાળાએ જવા લાગી ત્યારથી આપણી વચ્ચે ચર્ચા ચાલે છે કે એણે અભ્યાસ તો કરવો પણ સાથે બીજું શું શું કરવું જોઈએ? એમાં આપણા વચ્ચે અભિપ્રાય ભેદ ભલે હોય પણ આખરે દીકરીનું હિત શેમાં છે એ જોઈને જ આપણે હમેશાં નિર્ણય લીધો છે.

બાકી તો આજે બાળકો માટે જે રેસ લાગી છે, બાળકોને જે રીતે દોડાવાય છે એમાં બાળક બિચારું હાંફી જાય છે. ક્યારેક તો એમની હાલત અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કાળઝાળ ગરમીમાં, ૪૫ ડિગ્રીમાં ભર બપોરે આઇપીએલનાં મેચમાં રમતા ખેલાડીઓ જેવી થાય છે. ગરમીના કારણે ખેલાડી ચક્કર ખાઈ પડી જાય છે, પણ એ નસીબદાર છે કે, એમને તુરંત મેડિકલ સેવા મળે છે. બાળક એટલું સદભાગી નથી. એની પાસે દોડવા સિવાય કોઈ વિકલ્પ મા બાપે રાખ્યો નથી.

બાળક નિશાળે જાય એ પુરતું નથી? એની પાસે અભ્યાસ સિવાયની એકાદ બે પ્રવૃત્તિ કરાવો એ ઠીક, પણ ઝાઝી બધી પ્રવૃત્તિનો આગ્રહ શા માટે?

આપણા જાણીતા કવિ- લેખક પદ્મશ્રી તુષાર શુક્લ આ વિશે બહુ મજાની વાત કરે છે કે, આજની માતા સુપર મોમ બનવા માગે છે અને વેકેશન પડવાની તો રાહ જુએ છે. એ બાળકને સર્વગુણસમ્પન્ન બનાવવાની લ્હાયમાં વેકશનમાં એટલાં બધા ક્લાસ કરે છે કે વાત ના પૂછો. સવારે વહેલી ઉઠે છે, એલાર્મ મૂક્યો હોય એ પહેલા જાગી જાય છે. અને બાળક અડધુંપડધું ઊંઘમાં હોય એને ઉઠાડી, તૈયાર કરી સ્વિમિંગ પુલ ક્લાસમાં લઇ જાય છે. એ પૂરું થાય ના થાય ત્યાંથી ટેનિસ કોર્ટમાં ને, એ પછી સ્કેટિંગમાં અને પછી હોય છે આર્ટસ એન્ડ ક્રાફ્ટનાં ક્લાસ... કઈ બાકી હોય એમ ફ્રેંચ શીખવવા માટેના ક્લાસમાં ય મોકલે-ના, ધકેલે છે.

વાત સાવ સાચી છે. આપણું બાળક સુપરમેન નથી જ. એ આપણે સમજવું જોઈએ. શા માટે એની માથે આટલો ભાર? મને ખબર છે કે, તું સારું ડ્રોઈંગ અને ભરતકામ કરી શકતી હતી, પણ એટલે આપણું બાળક એ શીખે જ એ જરૂરી નથી. મને ગિટાર શીખવાનો બહુ અભરખો હતો, શીખી ના શક્યો એટલે આપણું બાળક એ શીખે જ એવો આગ્રહ શા માટે? એને શેમાં રસ પડે છે એ સમજવું રહ્યું અને આપણે એવું જ કર્યું. શાળાના કેટલાક પ્રોજેક્ટમાં એને રસ નહોતો અને એ આપણે બંનેએ સાથે રહી પૂરા કર્યા. એને એમાં જરાય રસ નહોતો. તો નહોતો. એને નૃત્યમાં રસ પડ્યો અને આપણે એને એવા ક્લાસમાં મોકલી અને એ એમાં પારંગત થઇ,જે આપણા માટે રાજી થવાનો અવસર રહ્યો. બાળક આપણું સપનું સાકાર કરવા જન્મ્યું નથી. એને એનાં પોતાનાં સપનાં પણ હોય છે એ આપણે કેમ ભૂલી જઈએ છીએ? બાળકો સ્કૂલમાં અભ્યાસ, હોમવર્ક અને

કોઈ પણ બાબતનો ઓવરડોઝ ખતરો જ નોતરે છે. ઘણીવાર ટ્યુશન ક્લાસિસ અથવા વધારાના અભ્યાસ માટેના પરીક્ષાઓના દબાણનો સામનો કરે છે. સ્કૂલ પછી વિવિધ પ્રવૃત્તિનાં ક્લાસ એ બાળકના વિકાસ કરતા એના કોચિંગ પણ એમનો સમય લઈ લે છે. બાળક સતત વ્યસ્ત રહેવાને કારણે તણાવ, ચિંતા અને ડિપ્રેશન જેવી વિકાસમાં બાધા બની જતા હોય છે. ઓછી ઊંઘ, અનિયમિત ખોરાક અને સમસ્યાના ભોગ પણ બની શકે.

નાની ઉંમરમાં જ ‘બર્નઆઉટ’ (થાકની લાગણી) અનુભવાય છે. રમવા અને આરામનો સમય ન મળવાથી શારીરિક થાક બાળકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. બાળકને પોતાની રુચિ અનુસાર શરીરનો વિકાસ પણ અટકી શકે છે. એની ભાવનાત્મક અસરો તો જુદી. માતા-પિતા સાથે ગુણવત્તાયુક્ત સમય ન સમય ન મળવાથી એ નારાજગી અથવા હતાશા અનુભવે છે. એક્ટિવિટીઝ બાળકની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિને મળવાથી ભાવનાત્મક અંતર વધે છે. વધુ પડતી એક્ટિવિટીઝ બાળકની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિને દબાવી શકે છે. પોતાના શોખ કે રુચિઓને શોધવાની એ તક ગુમાવે છે.

તને બરાબર યાદ હશે કે, શાળામાં ફ્રી પિરિયડ રહેતો, એમાં આપણે મનપસંદ રમતો રમતા અને એ કારણે આપણને શાળાએ જવાનું ગમતું હતું. આવા ‘અનપ્લાન્ડ’ સમય એમની સર્જનાત્મકતા વધારે છે, પણ હવે કોઈ શાળામાં ફ્રી પિરિયડની સિસ્ટમ જ બંધ થઇ ગઈ છે. બાળક પર ભણતરનો ભાર તો છે જ એમાં આપણી અપેક્ષાઓનો ભાર અને બીજી પ્રવુતિનો ભાર ના નાખો એ જ સાચી બાળઉછેરની પદ્ધતિ છે. સદ્ભાગ્યે, આપણે આપણું બાળક નાનું હતું ત્યારે જ આપણે એ વાત સમજી ગયાં એનો સીધો ફાયદો આપણી દીકરીને થયો. બધા મા- બાપે આ વાત ગાંઠે બાંધવાની જરૂર છે.

બાળઉછેર માટે કદાચ આ પૂરતું છે. પેરેન્ટિંગ એ પાર્ટ ટાઈમ જોબ નથી. એ ફૂલ ટાઈમ છે અને એ આનંદનો વિષય હોવો જોઈએ.

તારો બન્ની



## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## સહી કરતાં પહેલાં વિચારજો...

જીવન ઉત્તરાર્ધના આરે ઊભેલાં વડીલોએ અમુક વાતો વિચારવી જોઈએ. કોઈ પણ કાર્ય કરતા પહેલાં સો વાર વિચારવું જોઈએ, કારણ કે ઉંમર થઈ છે. હવે નથી આવક આવવાની. જે મૂડી બચાવી છે તેમાં જ ગુજારો કરવાનો છે. જે મિલકત વસાવી છે તે સાચવીને રાખવાની છે. જો ભૂલ કરી તો ભૂલ ભારે પડી જશે.

જશુમતીબહેને એક ભૂલ કરી. એમની વાત વાચકો સાથે શેર કરવી છે. હાલમાં જશુબહેનની ઉંમર ૭૮ વર્ષ છે. પતિ જશવંતભાઈ સાથે એમનું સરસ દાંપત્ય હતું. ડો. સુરેશ દલાલની કવિતા જેવું : ‘એક ડોસી હજુ ડોસાને વ્હાલ કરે છે’ એવું. પતિ-પત્ની એક દીકરો અને એક દીકરી જેમ દરેકના જીવનમાં બને છે તેમ સંતાનોને ભણાવ્યાં ગણાવ્યાં અને પરણાવ્યાં. જશવંતભાઈ રિટાયર્ડ થયા પછી પતિ-પત્નીએ સાચા અર્થમાં સહજીવન શરૂ કર્યું.

આજ સુધી તો સંતાનોને ઉછેરવાની, ભણાવવાની, પરિવારનું ગુજરાન ચલાવવાની જવાબદારી હતી તેથી હંમેશાં કોઈને કોઈ ચિંતા, કોઈ પરેશાની રહ્યા જ કરતી હતી. સંતાનોને પરણાવવામાં પણ કેટલાંયે જોડાંની થેડ ઘસાઈ ગઈ. આખરે બધું પાર પડ્યું. જશવંતભાઈએ વિચાર્યું : ચાલો, હવે બધું બરાબર થઈ ગયું. સંતાનો પોતાના પરિવારમાં-કામધંધામાં સ્થિર થયાં એટલે જશુભાઈ-જશુબહેન સિનિયર સિટીજન ગ્રૂપમાં જોડાયાં. ગ્રૂપના કાર્યક્રમોમાં જવા લાગ્યાં. પ્રવાસે જવા લાગ્યાં. રોજ સાંજે બગીચામાં જઈને બેસતાં. સરખી ઉંમરના લોકો સાથે ગપ્પાં-ગોષ્ઠિ કરે અને ગમતાનો ગુલાલ કરતાં.

અચાનક એમનાં સુખને કોઈની નજર લાગી ગઈ. આમેય સુખનું આયુષ્ય જ ટૂંકું. સુખ ક્યાં કોઈનું લાંબું ટકે છે? જ્યારે સુખના ઝુલે ઝુલતા હતા ત્યારે જ એમના જીવનમાં ભૂકંપ આવ્યો. જશુભાઈને કેન્સરની બીમારી લાગી ગઈ. છ એક મહિનાની દોડધામ અને સારવાર છતાં જશુભાઈને બચાવી ન શકાયા.

હવે જશુબહેન એકલાં પડી ગયાં. દીકરો-વહુ અને પૌત્ર સાથે એ રહેતાં હતાં, પણ કેટલીક વાર મુસીબત ઘર ભાળી જાય છે. હજુ તો પતિના અવસાનના દુ:ખમાંથી જશુબેન બહાર નીકળ્યા નથી ત્યાં જ કોરોનાનો કહેર શરૂ થઈ જાય છે. હવે તો સૌ ઘરમાં જ કેદ થઈ ગયાં છે. કોરોનાનો ત્રાસ ફેલાયો છે. દેશમાં હાહાકાર થઈ ગયો છે. આ કોરોનાની ચપેટમાં જશુબહેનનો પુત્ર પણ આવી જાય છે. એને હોસ્પિટલમાં દાખલ કર્યો.પુત્રનું મોઢું જોવા મળતું નથી. જશુબહેન બહુ મુંઝાય છે, રડે છે પણ કશું કરી શકતાં નથી અને એક કાળરાત્રિએ જશુબેનનો પુત્ર કાળનો કોળિયો બની જાય છે.

પુત્ર ન રહ્યો. જશુબેનના માથે આભ ફાટ્યું છે. ઘરમાં યુવાન વિધવા પુત્રવધૂ અને દસ વર્ષનો પૌત્ર છે. જો પોતે જ ભાંગી પડશે તો આ બંનેને કોણ સાચવશે? જશુબેને કાળજું કઠણ કર્યું. પોતાના દુ:ખને દિલમાં દબાવી દીધું. પુત્રવધૂ અને પૌત્રની સામે પોતે દુ:ખી નથી-મજબૂત છે તેવું બતાવતાં, પણ રાતે એમનાં આંસુઓથી ઓશિકું ભીંજાઈ જતું. પુત્રવધૂ-પૌત્રને પોતાની પાંખમાં લઈને જશુબહેન નવેસરથી જીવન જીવવાનું શરૂ કર્યું. ધીરે-ધીરે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. પૌત્ર નિષ્ઠાથી ભણવામાં લાગી ગયો. પુત્રવધૂ નોકરી કરતી હતી એ પોતાના કામમાં ધ્યાન આપવા લાગી. જશુબેન ઘર સંભાળી લેતાં હતાં. દુ:ખ તો હતું પણ ત્રણેયે દુ:ખ સાથે જીવવાનું સમાધાન સ્વીકારી લીધું હતું. વચ્ચે વચ્ચે જશુબેનની દીકરી-જમાઈ આવી જતા અને આ પરિવારને સધિયારો આપી જતાં હતાં.

આમ પાંચ-સાત વર્ષ વીતી ગયાં. પૌત્ર મોટો થતો જતો હતો. જશુબેનની ઉંમર વધતી જતી હતી અને પણ તબિયત હવે લથડી હતી. હવે ઘરનું બહુ કામ થઈ શકતું ન હતું.

એક દિવસ જશુબેનની પુત્રવધૂએ કહ્યું,

‘મમ્મી, આ ઘર તમારા નામે છે, તે હવે મારાં નામે કરી આપો. તમારી તબિયત સારી રહેતી નથી, કાલે તમને કાંઈક થઈ જશે તો પછી આ સોસાયટીવાળા મને હેરાન કરશે. મારાં નામે ઘર કરવાં માટે પૈસા માંગશે અને તમને ખબર છે કે આપણી પાસે કાંઈ વધારે પૈસા નથી. એટલે પાછળથી મગજમારી થાય એના કરતાં તમે હમણાંથી જ મારા નામે ઘર ચડાવી દો તો સારું.’

‘જોઈએ, વિચાર કરીએ.’ જશુબેને કહ્યું. પણ કોઈ કાર્યવાહી કરી નહીં તેથી વહુએ ફરીથી વાત યાદ કરાવી. જશુબેને પોતાના દીકરી-જમાઈ, ભાઈ-ભત્રીજા સાથે આ વિષયમાં વાત કરી. બધાંને થયું ઠીક છે, કરી દો વહુના નામે ઘર. પણ આપણે જે શરતો કહીએ તે એણે માન્ય રાખવી પડશે. બધાં ભેગાં થયાં. જશુબેને સહી કરી આપી. એની સામે સંબંધીઓએ શરત કરી કે, ‘જગ્યા તારા નામે કરી છે, પણ જશુબેન જીવે છે ત્યાં સુધી આ ઘર તેમનું છે એટલું સમજી લેજે. એમની સાથે તારું વર્તન સારું હોવું જોઈએ. સાજેમાંદે તારે એની સંભાળ લેવી પડશે. જશુબેનને કોઈ તકલીફ પડવી જોઈએ નહીં.’

પુત્રવધૂએ કહ્યું, ‘મમ્મી, મારી મા સમાન છે તેમને કોઈ તકલીફ નહીં થવા દઉં. અને સહી સિક્કા થઈ ગયાં. ઘર વહુના નામે થઈ ગયું અને વિચારો શું થયું હશે?’

હા, તમે સાચુંજ વિચાર્યું છે. જગ્યા પોતાના નામે થતાં જ વહુએ પોત પ્રકાશ્યું. જશુબેનથી કામ થતું નહીં પણ પુત્રવધૂનો આગ્રહ રહેતો કે રસોઈ જશુબેન બનાવે. પોતે કામ પર જાય છે તેથી રસોઈ નહીં થઈ શકે જશુબેન વહુની આંખમાં કણાંની જેમ ખૂંચવા લાગ્યા. વહુએ ફતવો બહાર પાડ્યો. એણે જશુબેનને કહી દીધું, ‘તમારે આખો દિવસ ઘરમાં બેસી રહેવાનું નથી. તમે સામે બેઠાં રહો છો તો આનંદ બરાબર ભણી શકતો નથી. તમારે રોજ સવારે નવ વાગે ઘરની બહાર નીકળી જવાનું. બપોરે એક વાગ્યા પહેલાં ઘેર નહીં આવવાનું. ફરી ત્રણ વાગે ઘરની બહાર નીકળી જવાનું અને રાતના આઠ વાગ્યા પહેલાં ઘેર નહીં આવવાનું.’

જશુબેન તો ડરી જ ગયાં. આટલાં બધાં કલાક એ ક્યાં જઈને બેસે ? એક તો અશક્ત શરીર માંડ બેસી શકતાં હતાં. આટલો બધો સમય તેઓ ક્યાં વીતાવે? દેવ-દર્શન કરે, બગીચામાં જાય પણ કેટલાં કલાક? ઘણાં દિવસ જશુબેન આમથી તેમ આંટા મારતાં રહ્યાં પણ પછી થાક્યાં. દીકરી-જમાઈને વાત કરી. દીકરી-જમાઈએ પોતાની ભાભી સાથે વાત કરી પણ એ તો લાજવા ને બદલે ગાજી, ‘અરે, મમ્મી ઘરમાં બેસી કચકચ કર્યા કરે તો આનંદને ભણવાનું ફાવતું નથી. થોડું બહાર જાય તો શું વાંધો છે? ’

ઘણી ચર્ચા થઈ પણ કાંઈ વળ્યું નહીં. અંતે થાકીને દીકરી-જમાઈ જશુબેનને પોતાના ઘેર લઈ ગયા. આજે જશુબેન અને એમના સંબંધીઓ પોતાનું ઘર વહુને નામે કરી દેવા બદલ પસ્તાય છે. છતે ઘરે આજે પોતાની દીકરીને ત્યાં આશ્રય લેવો પડ્યો છે.

આ કથાનો સાર એટલો જ કે જીવતે જીવત પોતાની મિલકત-સંપત્તિ સંતાનોને આપી દેવી નહીં. મર્યા પછી તો બધું એમનું જ છે ને?! ■




# ચેન્નઈ આઉટ, ચહલની હૅટ-ટ્રિકે પંજાબને જિતાડ્યું

## ચેન્નઈના બ્રેવિસનો ત્રીજા પ્રયાસમાં શશાંકનો અદ્ભુત કૅચ

ચેન્નઈ: આઇપીએલના પાંચ ટાઇટલ જીતી ચૂકેલી ચેન્નઈ (૧૯૦/૧૦)ની ટીમ અહીં પંજાબ કિંગ્સ (૧૯.૪ ઓવરમાં ૧૯૪/૬) સામે ચાર વિકેટે હારી જતાં (માત્ર ચાર પૉઇન્ટ બદલ) પ્લે-ઑફની રેસની બહાર થઈ ગઈ હતી. જોકે ચેન્નઈની ટીમે પંજાબના ખેલાડીઓ તેમ જ એના અસંખ્ય ચાહકોના શ્વાસ અદ્ધર કરી નાખ્યા હતા. છેવટે યેનસેને વિનિંગ ફોર ફટકારીને પંજાબને બે બૉલ બાકી રખાવીને બીજા નંબર પર પહોંચાડી દીધું હતું. પંજાબનો યુઝવેન્દ્ર ચહલ હૅટ-ટ્રિક (એક ઓવરમાં કુલ ચાર વિકેટ) આ મૅચનો સુપરહીરો હતો. પંજાબની જીતમાં બૅટિંગમાં કૅપ્ટન શ્રેયસ ઐયર (૭૨ રન, ૪૧ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર) અને પ્રભસિમરન સિંહ (૫૪ રન, ૩૬ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર)ના મોટા યોગદાનો હતા. બેંગલૂરુ પ્રથમ અને મુંબઈ ત્રીજા નંબર પર છે.

ચેન્નઈના ડેવાલ્ડ બ્રેવિસે જાડેજાના બૉલમાં શશાંક સિંહ (૨૩ રન)નો અદ્ભુત કૅચ પકડ્યો હતો. બ્રેવિસ બે વાર બાઉન્ડરી લાઇનની આરપાર ગયો હતો અને ત્રીજા પ્રયાસમાં કૅચ ઝીલી લીધો હતો. એ પહેલાં, પંજાબ વતી સૅમ કરૅને (૮૮ રન, ૪૭ બૉલ, ચાર સિક્સર, નવ ફોર) સૌથી મોટું યોગદાન આપ્યું હતું. ■

# ઇન્સ્ટાગ્રામ પર કોહલી સૌથી વધુ ફૉલો થઈ રહ્યો છે

## સચિન સહિત ઘણા ભૂતપૂર્વ ખેલાડીઓના પણ કરોડો ફૅન-ફૉલોઇંગ

નવી દિલ્હી: ભારતના કેટલાક ક્રિકેટર એવા છે જેમને ઇન્સ્ટાગ્રામ પર સૌથી વધુ ફૉલો કરવામાં આવી રહ્યા છે. તમે નહીં માનો, પણ એમાં કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓનો પણ સમાવેશ છે. ઉલ્લેખનીય છે કે મહેન્દ્રસિંહ ધોની સોશિયલ મીડિયામાં જરાય સક્રિય નથી.

(૧) વિરાટ કોહલી: ૨૭૦.૩ મિલિયન ફૉલોઅર્સ સાથે કિંગ કોહલી મોખરે છે. ભારતનો અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુનો આ ભૂતપૂર્વ કૅપ્ટન સોશિયલ મીડિયાનો પણ બાદશાહ છે.

(૨) સચિન તેન્ડુલકર: ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા લિટલ ચૅમ્પિયનના ૫૦.૪ મિલિયન ફૉલોઅર્સ છે.

(૩) રોહિત શર્મા: 'હિટમૅન' તરીકે પ્રખ્યાત આ ભારતીય કૅપ્ટનના ૪૩.૧ મિલિયન ફૉલોઅર્સ છે.

(૪) સુરેશ રૈના: 'મિ. આઇપીએલ' તરીકે જાણીતા આ ભૂતપૂર્વ બૅટ્સમૅનનું ફૅન-ફૉલોઇંગ



આજે પણ ઘણું મોટું છે. તેના ૨૭.૬ મિલિયન ફૉલોઅર્સ છે. મીડિયામાં તે ફૅમિલી ટાઇમ, ફિટનેસ અને ક્યારે સંગીતનો શોખ શૅર કરે છે.

(૫) કેએલ રાહુલ: આ વિકેટકીપર-બૅટ્સમૅન અને ઍક્ટર સુનીલ શેટ્ટીના જમાઈ રાહુલના ૨૨.૧ મિલિયન ફૉલોઅર્સ છે. શાંત સ્વભાવ તેની સૌથી મોટી ખાસિયત છે. તે સ્ટાઇલિશ પર્સનાલિટી માટે જાણીતો છે તેમ જ બૉલીવૂડ-અભિનેત્રી આથિયા શેટ્ટીનો પતિ હોવા બદલ પણ ચર્ચામાં રહેતો હોય છે. ■

# કુલદીપે રિન્કુને ખરેખર બે તમાચા લગાવ્યા? કેકેઆરે આ ખુલાસો બહાર પાડ્યો છે

નવી દિલ્હી: ક્યારેક બે મિત્રો વચ્ચેની મજાકમસ્તીને ગંભીરતાથી લેવાતી હોય છે. ખાસ કરીને ક્રિકેટના મેદાન પર (હજારો પ્રેક્ષકો અને કરોડો ટીવી-દર્શકોની વચ્ચે) કંઈક હટકે બને એટલે હવે તો સોશિયલ મીડિયામાં પળવારમાં વાઇરલ થઈ જાય છે. આજે એવું જ બન્યું. મંગળવારે પાટનગર દિલ્હીમાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ની અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) વચ્ચે મૅચ હતી અને એમાં કેકેઆરની ટીમે ૧૪ રનથી વિજય મેળવ્યો ત્યાર બાદ બન્ને ટીમના ખેલાડીઓ મેદાન પર ઊભા રહીને ગપ્પાં મારી રહ્યા હતા ત્યારે એક ઘટના બની હતી જે વાઇરલ થતાં કેકેઆરના ફ્રૅન્ચાઇઝીએ ગણતરીના કલાકોમાં સ્પષ્ટતા બહાર પાડવી પડી હતી.

કોલકાતા અને દિલ્હીના ખેલાડીઓ મૅચ પછી મેદાન પર ઊભા હતા ત્યારે દિલ્હીના સ્પિનર કુલદીપ યાદવે વાતમાંને વાતમાં કોલકતાના બૅટ્સમૅન રિન્કુ સિંહને હળવેકથી એક નહીં, પણ બે તમાચા લગાવી દીધા હતા. આ ઘટનાનો વીડિયો ચગી ગયો હતો.



હકીકત એ છે કે કુલદીપ અને રિન્કુ ઉત્તર પ્રદેશની ટીમમાં સાથે રમી ચૂક્યા છે અને તેમની વચ્ચે બહુ સારી મિત્રતા છે. તેઓ મેદાન પર વાતચીત કરી રહ્યા હતા અને એકમેકની રમૂજ પર બન્ને હસી રહ્યા હતા ત્યારે કુલદીપે રિન્કુને ગાલ પર હળવો લાફો લગાવ્યો હતો. રિન્કુ થોડો ચોંકી ગયો હતો. તે કંઈક પ્રતિક્રિયા આપે એ પહેલાં કુલદીપે બીજો લાફો મારી દીધો હતો.

જોકે આ માત્ર મસ્તીમજાક જ હતી. બીજું, આ વીડિયોનો કોઈ ઑડિયો ન હોવાથી ઘણા ક્રિકેટપ્રેમીઓ સમજી નહોતા શક્યા કે કુલદીપે રિન્કુને મસ્તીમાં લાફો માર્યો કે બન્ને વચ્ચે કંઈક અણબનાવ થયો હતો?

જોકે કેકેઆરે ખુલાસો બહાર પાડ્યો હતો જેમાં આ માત્ર મસ્તીમજાક જ હતી એવી સ્પષ્ટતા સાથે જણાવાયું હતું કે મીડિયા (સનસની) વિરુદ્ધ (દોસ્તો કે બીચ કા) રિયાલિટી! આ બન્ને વચ્ચે તો ગાઢ મિત્રતા છે. યુપીની ટીમમાં સાથે રમ્યા ત્યારથી તેમની વચ્ચે પાકી દોસ્તી છે.'

નવી વીડિયો ક્લિપમાં રિન્કુને આ ઘટનામાં હસતો અને વાતચીત કરતો બતાવાયો એટલે ક્રિકેટપ્રેમીઓની શંકા સાવ દૂર થઈ ગઈ હતી.

૨૦૦૮ની પ્રથમ આઇપીએલની એક મૅચ બાદ મુંબઈ ઇન્ડિયન્સના હરભજન સિંહે મૅચ દરમ્યાન વારંવાર ઉશ્કેરણી કરનાર કિંગ્સ ઇલેવન પંજાબના એસ. શ્રીસાન્તને તમાચો મારી દીધો હતો જેને પગલે શ્રીસાન્ત રડ્યો હતો. એ ઘટના ટીવી પર ખૂબ વાઇરલ થઈ હતી. પછીથી ભજ્જીએ જાહેરમાં શ્રીસાન્તની માફી માગી હતી અને પોતે આવું નહોતું કરવું જોઈતું એવું કહ્યું હતું. ■

# ચાર બાળકોની માતા મૅરી કૉમે પતિ સાથે છૂટાછેડા લીધા

ચુરાચંદ્રપુર (મણિપુર): છ વખત મુક્કાબાજીમાં વર્લ્ડ ચૅમ્પિયન બનેલી ભારતીય બૉક્સર અને બે જોડિયા પુત્ર સહિત કુલ ચાર બાળકોની માતા મૅરી કૉમે પતિ તથા ભૂતપૂર્વ ફૂટબોલર કારુન્ગ ઑન્ખોલેર સાથે છૂટાછેડા લઈ લીધા હોવાની વાતને સમર્થન આપ્યું છે. ઑન્ખોલેરથી મૅરી કૉમને બે ટ્વિન્સ પુત્રો તેમ જ ત્રીજો પુત્ર જન્મ્યો હતો. તેમણે એક બાળકીને દત્તક લીધી હતી. એ જોતાં તેઓ ચાર સંતાનોના માતા-પિતા છે. જોકે ઑલિમ્પિક મેડલ વિજેતા મૅરીએ આપસી સહમતીથી ડિવૉર્સ લઈ લીધા હોવાનું જણાવ્યું છે. જોકે મૅરી કૉમે બિઝનેસ-પાર્ટનર હિતેશ ચૌધરી સાથે કે એક મહિલા બૉક્સરના પતિ સાથે રિલેશનશિપ હોવાની વાતને સાફ નકારી કાઢી છે. ■

# વૈભવે ફોન પર પપ્પા સાથે 'પ્રણામ'થી વાતચીત શરૂ કરી અને 'પ્રણામ' સાથે પૂરી કરી!

## ૨૦૧૭માં વૈભવને તેના પપ્પા તેડીને ધોનીની મૅચ જોવા લઈ ગયા હતા: ૧૨મી મેએ ધોનીની જ ટીમ સામે રમશે!

જયપુર: ત્રણ દિવસ પહેલાં અહીં ગુજરાત ટાઇટન્સ (જીટી) સામેની મૅચમાં રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ના ૧૪ વર્ષના ટાબરિયા વૈભવ સૂર્યવંશીએ ઐતિહાસિક સદી ફટકારીને રાજસ્થાનની ટીમને પ્લે-ઑફ માટેની રેસમાં જીવંત રાખી એને પગલે વૈભવ વિશે દરરોજ નાની-નાની વાતો બહાર આવે છે. ટી-૨૦ ક્રિકેટના આ યંગેસ્ટ સેન્ચુરિયને આઇપીએલમાં સૌથી ઝડપે (૩૫ બૉલમાં) સેન્ચુરી કરવાનો ભારતીય વિક્રમ રચ્યો અને એક જ દાવમાં ૧૧ સિક્સર ફટકારવાના મુરલી વિજયના ભારતીય વિક્રમની બરાબરી કરી હતી. તેણે આ ઉપરાંત બીજા કેટલાક વિક્રમો પણ રચ્યા હતા.

વૈભવ સૂર્યવંશી બિહારના સમસ્તીપુર જિલ્લાનો છે. રાજસ્થાનની યાદગાર જીત બાદ વૈભવને તેની ટીમ દ્વારા પૂછવામાં આવ્યું કે 'તું સૌથી પહેલો ફોન-કૉલ કોને કરવાનું પસંદ કરીશ?' વૈભવે તરત જવાબમાં કહ્યું, 'પહેલો કૉલ પપ્પાને જ કરીશ, ઑફકોર્સ.'

એ સમયે વૈભવની બાજુમાં તેના કોચ રોમી સર પણ ઊભા હતા. વૈભવે તેના પપ્પા સંજીવ સૂર્યવંશીને કૉલ કરીને સૌથી પહેલાં તેમને પ્રણામ કર્યા અને પછી વાતચીત શરૂ કરી હતી.



વૈભવના પપ્પા સંજીવ અને મમ્મી આરતી (વચ્ચે). ૨૦૧૭માં વૈભવ છ વર્ષનો હતો ત્યારે તેના પપ્પા તેને ધોનીની પુણે ટીમની મૅચ જોવા લઈ ગયા હતા. (જમણે)

રોમી સરે વૈભવના પપ્પાને પૂછ્યું કે 'કેમ છો તમે?' વૈભવના પપ્પા ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું, 'મને એવું લાગે છે કે હું સપનું જોઈ રહ્યો છું. મારા તો માનવામાં જ નથી આવતું. મારો દીકરો છેલ્લા ત્રણ-ચાર મહિનાથી તમારી સાથે જ હતો. તમે બધાએ તેના પર્ફોર્મન્સમાં મોટું પરિવર્તન લાવી દીધું.'

રોમી સરે તેમને વિનમ્રતાથી શ્રેય પાછો આપતાં કહ્યું, 'નહીં સર. આ તમારી જ મહેનતનું પરિણામ છે.'

સંજીવ સૂર્યવંશીએ કહ્યું, 'વૈભવની મમ્મી પણ બેહદ ખુશ છે. તે ફોન પર જ છે. અમને સતત ફોન-કૉલ આવ્યા જ કરે છે.' છેલ્લે વૈભવે તેના પપ્પાને 'પ્રણામ' કહીને ફોન પરની વાતચીત પૂરી કરી હતી.

૨૦૧૭માં વૈભવ છ વર્ષનો હતો ત્યારે તેના પપ્પા સંજીવ સૂર્યવંશી તેને તેડીને ધોનીની પુણે ટીમની મૅચ જોવા લઈ ગયા હતા. નવાઈની વાત એ છે કે આગામી ૧૨મી મેએ વૈભવ સૂર્યવંશી ચેન્નઈમાં ધોનીની જ સીએસકેની ટીમ સામે રમતો હશે. ■

# આજે વૈભવ સૂર્યવંશીને કોણ વહેલો આઉટ કરશે? બુમરાહ કે બીજું કોઈ?

જયપુર: મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમ છેલ્લી પાંચેય મૅચ જીતી છે, પરંતુ રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ને ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશી નામના છોકરડાએ સ્પર્ધાની બહાર જતા અટકાવ્યું છે અને આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) એ જ ટીનેજર સામે મુંબઈના બોલર્સની કસોટી થશે. જસપ્રીત બુમરાહ વર્લ્ડ-ક્લાસ યૉર્કરમાં તેની વિકેટ લેશે કે બીજો કોઈ બોલર એ હવે આજે જોવું રહ્યું.

કૅપ્ટન સંજુ સૅમસનને સ્નાયુઓનો દુખાવો થયો અને તેના સ્થાને સૂર્યવંશીને ડેબ્યૂ કરવાનો મોકો મળી ગયો અને હવે તે રાજસ્થાનનો લાડલો ક્રિકેટર બની ગયો છે.

આજે ઇતિહાસની દૃષ્ટિએ મુંબઈ માટે જીતવું અઘરું છે. રાજસ્થાન જયપુરમાં મુંબઈ સામે છેલ્લી પાંચેય મૅચ જીત્યું છે. રાજસ્થાનની ટીમ આ શહેરમાં છેલ્લે ૨૦૧૨માં મુંબઈ સામે હારી હતી.

સંદીપ શર્મા ૧૨ મુકાબલામાં પાંચ વખત રોહિતની વિકેટ લઈ ચૂક્યો છે.

સૂર્યકુમાર યાદવ ફૉર્મમાં રમી રહ્યો છે એ મુંબઈ માટે સૌથી આનંદની વાત છે. આઇપીએલમાં સતત ૧૦ ઇનિંગ્સમાં પચીસ કે વધુ રન કરવાના રૉબિન ઉથપ્પાની તેણે બરાબરી કરી છે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| चाकर | શિવજી |
| चावट | સ્વાદિષ્ટ |
| चविष्ट | ટીખળી |
| चलाख | નોકર |
| चंद्रमौळी | ચતુર |

## ઓળખાણ પડી?

૧૯૭૦ના દાયકામાં સ્ત્રી હક માટે લડત ચલાવનાર અને પાણીવાળી બાઈ તરીકે જાણીતા બનેલા આ સમાજવાદી નેતાની ઓળખાણ પડી?



અ) તારા રેડ્ડી બ) મૃણાલ ગોરે ક) અહિલ્યા રાંગણેકર ડ) મેધા પાટકર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | ૨ મ | ૩ ક | ડં | | ૪ ઘ | ૫ ડિ | ૬ યા | ળ | |
| ૭ હ | રે | ડ | | ૮ પુ | | ૯ પ | દ | | ૧૦ ખ |
| સ્ય | | ૧૧ ક | ન | સ્ત | ર | | ૧૨ દ્ય | વ | ત |
| ૧૩ મ | ન | | | ક્ષ | | ૧૪ સુ | સ્ત | | મ |
| ય | | ૧૫ પ | ૧૬ હે | લ | ગા | મ | | ૧૭ ફ | |
| | ૧૮ મ | હા | લ | ય | | ૧૯ સા | ગ | રિ | ત |
| ૨૦ ક | ર | ડી | | | ૨૧ જો | મ | | યા | |
| ૨૨ ર | ણ | | ૨૩ આ | તં | ક | | ૨૪ ક્ષ | દ | ૨૫ વ |
| પી | | ૨૬ ર | ખે | | ૨૭ ર | ૨૮ જ | ત | | ર |
| ણ | | ૨૯ ત | ટ | સ્થ | | ૩૦ બ | ર | બા | દ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | ૯ | ૧૦ | | | | |
| | | | | | | | ૧૧ | | |
| | ૧૨ | | ૧૩ | | | ૧૪ | | | |
| ૧૫ | | ૧૬ | | | ૧૭ | | | ૧૮ | |
| | | ૧૯ | | | | | ૨૦ | | |
| ૨૧ | ૨૨ | | | | ૨૩ | ૨૪ | | | ૨૫ |
| ૨૬ | | | ૨૭ | | | | | | |
| | | ૨૮ | | | | | | ૨૯ | |
| ૩૦ | | | | ૩૧ | | | | | |

### આડી ચાવી

(૧) નાગરિકપણું (૫)
(૫) સાધન-સંપત્તિના સ્રોત (૪)
(૮) તું ત્યાં શું ..... ગયો હતો? (૩)
(૯) 'રોકવું' નું આજ્ઞાર્થ (૨)
(૧૧) ગોડાઉન, સામાન રાખવાની જગા (૩)
(૧૩) ટક્કર (૫)
(૧૫) જે રાજ ચલાવે તે (૪)
(૧૭) પોપટ (૨)
(૧૮) ચોપડો (૨)
(૧૯) એક ધાતુ (૩)
(૨૦) આશ્ચર્યજનક ઉદ્ગાર (૨)
(૨૧) મૃત્યુના દેવ (૨)
(૨૩) પ્રત્યક્ષ, હાજરાહજુર (૩)
(૨૬) એક ચંચળ ધાતુ (૨)
(૨૭) રમતમાં જ ચિત્તવાળું (૫)
(૨૮) નક્કર, મજબૂત, દૃઢ (૨)
(૨૯) બાણ (૨)
(૩૦) મોટું શહેર (૩)
(૩૧) કંઈ જ ન માગવાનું વ્રત (૬)

### ઊભી ચાવી

(૧) જે મર્દ નથી તે (૩)
(૨) ઝેરી અઘાર (૨)
(૩) રૂઢિ, પરંપરા, ધારો (૩)
(૪) આકાશમાં ચમકે (૨)
(૬) જતન (૪)
(૭) નોકરોની સત્તાવાળું રાજતંત્ર (૫)
(૧૦) કડકાઈ, સખ્તાઈ, કટાક્ષ (૪)
(૧૨) વજન, બોજ (૨)
(૧૩) આમનેસામને, અંદરોદર (૬)
(૧૪) ભલે, હશે (૨)
(૧૫) સમયસર આવવું તે (૬)
(૧૬) માટે (૨)
(૧૮) પસંદ કરે (૨)
(૨૦) સનાતન, ટળે નહીં તેવું (૩)
(૨૨) મોંઘવારીમાં મધ્યમવર્ગનો ..... થાય (૨)
(૨૩) સામેની કે વિરોધી ક્રિયા (૪)
(૨૪) પિતૃ શ્રાદ્ધ કરવાનું સ્થળ (૨)
(૨૫) સતત, એકધારું (૪)
(૨૮) શ્રીનાથજીનો પ્રસાદ (૨)
(૨૯) આકરું, સખત, તીક્ષ્ણ (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ ભાઈના જમાઈના દીકરાની મમ્મી ભાઈને શું કહી બોલાવે એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) દાદા બ) કાકા ક) પપ્પા ડ) મામા

## જાણવા જેવું

ડાંગ જિલ્લાના આદિવાસીઓનું સંગીતનું સાધન પાવરી ખાસ કરીને દૂધીમાંથી બને છે. દૂધીને કોતરી, બિયા કાઢી, પોલી કરી ઉપલા છેડે વાંસની બે પોલી સળીઓમાં કાણા પાડી નીચલા છેડે બળદનું શિંગડુ અથવા તો તાડનાં પાનનું ભૂંગળું બનાવાય છે. વચ્ચેના જોડાણ મધના મીણથી કરવામાં આવે છે.

## સુડોકુ-૮૦૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | ૯ | ૮ | ૧ | | ૪ | |
| | | ૫ | | ૬ | ૨ | | | ૯ |
| | | | ૪ | | | ૨ | | ૧ |
| ૫ | ૩ | ૯ | | | | ૪ | | |
| ૨ | | | ૧ | | ૯ | | | ૭ |
| | | ૭ | | | | ૯ | ૨ | ૫ |
| ૬ | | ૮ | | | ૪ | | | |
| ૯ | | | ૫ | ૧ | | ૬ | | |
| | ૪ | | ૨ | ૯ | ૬ | ૭ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૭ | ૧ | ૪ | ૬ | ૨ | ૩ | ૯ |
| ૪ | ૬ | ૩ | ૨ | ૯ | ૭ | ૮ | ૫ | ૧ |
| ૧ | ૨ | ૯ | ૮ | ૩ | ૫ | ૪ | ૭ | ૬ |
| ૬ | ૯ | ૧ | ૭ | ૮ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૪ | ૮ | ૫ | ૧ | ૩ | ૬ | ૯ | ૭ |
| ૩ | ૭ | ૫ | ૯ | ૬ | ૪ | ૧ | ૨ | ૮ |
| ૫ | ૧ | ૨ | ૩ | ૭ | ૮ | ૯ | ૬ | ૪ |
| ૭ | ૮ | ૪ | ૬ | ૨ | ૯ | ૫ | ૧ | ૩ |
| ૯ | ૩ | ૬ | ૪ | ૫ | ૧ | ૭ | ૮ | ૨ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

અહીં એક ધાતુ - મેટલ સંતાઈને બેઠી છે એ શોધી કાઢો. જતી વખતે ધ્યાન રાખજો, પહેલો ખંડ પસાર કરવો આસાન નથી.

## નોંધી રાખો

માણસ માત્ર ભૂલને પાત્ર એ ખરું, પણ ભૂલ થઈ જાય એના કરતા થયેલી ભૂલ સુધારવામાં ન આવે એ વધુ ખરાબ છે.

## માઈન્ડ ગેમ

ભારતના વિવિધ શહેરની અનેક આશ્ચર્ય પમાડતી ખાસિયતો છે. વિસ્તારની દૃષ્ટિએ દેશનું સૌથી મોટું શહેર કયું છે એ જણાવો.

અ) દિલ્હી બ) બેંગ્લુરુ ક) મુંબઈ ડ) વિશાખાપટ્ટનમ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| गंडा | મંતરેલો દોરો |
| गड | કિલ્લો |
| गडी | સાથી |
| गप्प | ચૂપ |
| गस्त | ચોકીપહેરો |

ઓળખાણ પડી?
Inland Taipan

માઈન્ડ ગેમ
૯૧%

ગુજરાત મોરી મોરી રે
નણંદ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
કાર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) નુતન વિપીન શાહ (૨૦) પુષ્પા પટેલ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) મહેશ દોશી (૨૪) વિણા સંપટ (૨૫) અલકા વાણી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) દિપીકા દોશી (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) નિતિન જયંતિલાલ બજરિયા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ધીરેન ઉદેશી (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૬) અંબરીશ ઓઝા

# હોટેલિયર સંજય શાહને કચ્છના તત્કાલીન કલેક્ટર પ્રદીપ શર્માએ ફાળવેલી ૫.૯૨ કરોડની મિલકત ઈડીએ જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મહેસૂલ વિભાગના અધિકારીઓ સાથે મળીને જાણીતા હોટેલિયર સંજય શાહને કચ્છના તત્કાલીન કલેક્ટર પ્રદીપ શર્માએ સરકારી જમીનની ફાળવણી મામલે ઇડીએ મોટી કાર્યવાહી કરતાં રૂા. ૫.૯૨ કરોડની સ્થાવર મિલકતને કામચલાઉ ધોરણે જપ્ત કરી હતી.

આ જપ્તીમાં લેવાયેલી મિલકતોમાં ભુજમાં આવેલા કેટલાક પ્લોટ સામેલ હોવાનું જાણવા મળ્યું હતું.

ઇડીએ છેતરપિંડી અને ગેરરીતિ બદલ સીઆઇડી, ક્રાઇમ બ્રાન્ચ, બોર્ડર ઝોન, ભુજની એફઆઇઆરના આધારે કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા અને હોટેલિયર સંજય શાહ કેસના સંદર્ભમાં ઇડીએ તપાસ હાથ ધરી હતી. સીઆઇડી ક્રાઇમ બ્રાંચ - બોર્ડર ઝોન ભુજ દ્વારા છેતરપિંડી અંગેનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસની તપાસમાં ઇડીએ ઝંપલાવ્યા બાદ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ તપાસ કરી હતી અને રૂા. ૫.૯૨ કરોડની સ્થાવર મિલકત કામચલાઉ જપ્ત કરવામાં આવી છે.

ઇડીની તપાસમાં સામે આવ્યું કે, પ્રદીપ શર્મા અન્ય મહેસૂલી અધિકારીઓ સાથે મળીને સરકારી જમીનની ગેરકાયદેસર ફાળવણીમાં સામેલ હતા. વ્યવસાયે હોટેલિયર એવા સંજય શાહને ફાળવાયેલી વિવિધ જમીનની ફાળવણીનો ભારે ચર્ચાસ્પદ મુદ્દો સપાટી પર આવ્યા બાદ આ પ્રકરણને ફોજદારીનું સ્વરૂપ મળ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, પ્રદીપ શર્માએ ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી ઉપર ગુજરાતની એક યુવતીની જાસૂસી કરાવવાના આરોપ મૂક્યા હતા તથા આ અંગે સર્વોચ્ચ અદાલતમાં ઍફિડેવિટ પણ દાખલ કરી હતી. આ આરોપોનો રેલો ગુજરાતના તત્કાલીન રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન અમિત શાહ સુધી પણ પહોંચ્યો હતો. પ્રદીપ શર્માના ભાઈ કુલદીપ શર્મા ગુજરાતમાં આઈપીએસ ઑફિસર હતા. ગોધરાકાંડને પગલે ફાટી નીકળેલાં હુલ્લડો બાદ જે આઈપીએસ અધિકારીઓ તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી સામે પડ્યા હતા તેમાં કુલદીપ શર્મા સામેલ હતા.

અમદાવાદની સ્થાનિક અદાલતે પ્રદીપ શર્માને વર્ષ ૨૦૦૪માં નોંધાયેલા ભ્રષ્ટાચારના કેસમાં પાંચ વર્ષની જેલ તથા રૂ.૭૫ હજારના દંડની સજા તાજેતરમાં ફટકારી હતી. ■

# અમદાવાદના ચંડોળામાં બીજા દિવસે પણ ડિમોલિશન કાર્યવાહી યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના મિની બાંગ્લાદેશ તરીકે ઓળખાતા ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશન કાર્યવાહી બીજા દિવસે પણ યથાવત્ રહી હતી. બુધવારે પણ ત્યાં બાકીની ગેરકાયદેસર મિલકતો તોડવાનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. આ વિસ્તારમાં અંદાજિત બે હજાર જેટલા બાંગ્લાદેશના નાગરિકો દ્વારા બનાવવામાં આવેલાં કાચાં-પાકાં ઝૂંપડાં દૂર કરવામાં આવ્યાં હતાં. આ અંગે ગુજરાતના ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ રાજ્ય મંત્રીમંડળ સાથે બેઠક કરી વધુ વિગતવાર માહિતી આપીવ હતી. રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ચંડોળા તળાવ વિસ્તારના ડિમોલિશન અંગે સ્પષ્ટ માહિતી શેર કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે બાંગ્લાદેશી ઘૂસણખોરોએ પચાવી પાડેલી ૧.૨૫ લાખ ચોરસ મીટરથી વધુ જમીન ખાલી કરાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કામગીરી માત્ર ઇમારતો તોડવા માટે નહીં, પરંતુ ગેરકાયદે પ્રવૃત્તિઓને નાબૂદ કરવા માટે હાથ ધરવામાં આવી છે.

હર્ષ સંઘવીએ ચોંકાવનારો ખુલાસો કરતાં કહ્યું હતું કે, રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા પકડાયેલા બાંગ્લાદેશીઓમાં અલકાયદા સાથે સંકળાયેલા ચાર શંકાસ્પદ બાંગ્લાદેશીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત, સમગ્ર વિસ્તારમાંથી અત્યાર સુધીમાં સૌથી વધુ માત્રામાં ડ્રગ્સનો જથ્થો પણ ઝડપાયો, જે આ વિસ્તારના ગુનાહિત દોરની ગંભીરતાને દર્શાવે છે.

વધુમાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સ્થાનિક મુસ્લિમ સગીર છોકરીઓને બાંગ્લાદેશી ઘૂસણખોરો દ્વારા જુદા જુદા ઘાટે ઉતારી વેશ્યાવૃત્તિ માટે મજબૂર કરવામાં આવતી હતી, જે અત્યંત દુઃખદ અને શરમજનક છે. રાજ્ય સરકારે આવાં દુષ્કૃત્યો પર સંપૂર્ણ રોક લગાવવાનો સંકલ્પ લીધો છે. ■

# ગુજરાતના પેન્શનરોને મોટી રાહત: હયાતીની ખરાઈ માટે બેંક કે કચેરીમાં નહીં જવું પડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પેન્શનર્સના હિતમાં રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો હતો. પેન્શનરો અને તેમાં પણ ખાસ કરીને વૃદ્ધ પેન્શનરોને અવર-જવરમાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા હયાતી (લાઇફ સર્ટિફિકેટ)ની ખરાઈ માટેની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે. હાલની પ્રક્રિયા મુજબ રાજ્યના પેન્શનરોએ હયાતીની ખરાઈ માટે સંબંધિત કચેરી અથવા બેંકમાં જવું પડે છે. જેમાં વૃદ્ધ પેન્શનરોને શારીરિક અશક્તતાને પરિણામે અનેક મુશ્કેલીઓ પડે છે.

રાજ્ય સરકાર દ્વારા આ પ્રક્રિયાને સરળ કરવા માટે હવે હયાતીની ખરાઇની સેવા પેન્શનરોને વિનામૂલ્યે તેમના ઘરઆંગણે જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. હયાતીની ખરાઇ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. રાજ્યની પોસ્ટ ઓફિસ/ઇન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેન્ક મારફત પેન્શનરોને આ સેવા ઉપલબ્ધ થશે. આ સેવા અંતર્ગત પેન્શનરોના ઘર-આંગણે રૂબરૂ મુલાકાત કરી હયાતીની ખરાઈ સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવશે.

આ સેવા પેન્શનરોને મદદ કરવા માટે એક વધારાના વિકલ્પ તરીકે કાર્યરત કરવામાં આવી છે. હાલના હયાતીની ખરાઇના અન્ય વિકલ્પો રાબેતા મુજબ ચાલુ રહેશે. રાજ્યના પેન્શનરો દ્વારા મળેલી રજૂઆતો બાદ રાજ્ય સરકાર દ્વારા આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો હતો. આ નિર્ણયથી રાજ્યના આશરે પાંચ લાખથી વધુ પેન્શનરોને આ સેવાનો લાભ મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૮ માં વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકની દેશવ્યાપી શરૂઆત કરાવી હતી ત્યારે બેંકિંગ સેવા આપ કે દ્વાર મુખ્ય વિઝન હતું. આ વિઝનના ભાગરૂપે જ ગુજરાત સરકાર દ્વારા આ પહેલ હાથ ધરવામાં આવી હતી. ■

# સુરતમાંથી ૧૧ વર્ષના વિદ્યાર્થી સાથે ભાગેલી ૨૩ વર્ષીય શિક્ષિકા શામળાજીથી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના પુણાગામ વિસ્તારમાં ૨૩ વર્ષીય શિક્ષિકા ૧૧ વર્ષના વિદ્યાર્થીનું અપહરણ કરી પોતાની સાથે લઈ ગઈ હોવાની ઘટના બહાર આવતા ચકચાર મચી ગઈ હતી. આ ઘટના બાદ પુણા પોલીસ હરકતમાં આવી હતી અને પોલીસે તપાસ બાદ શિક્ષિકા અને વિદ્યાર્થીને શામળાજી બોર્ડર પાસેથી શોધી કાઢવામાં આવ્યાં હતાં. પોલીસે વિદ્યાર્થીને હેમખેમ પરિવારને સોંપી શિક્ષિકાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની તપાસ દરમિયાન પોલીસની મોટી ચૂક બહાર આવી હતી અને અગત્યનો પુરાવો પોલીસ કર્મચારીઓ દ્વારા જ સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરને આપી સોશિયલ મીડિયામાં વાયરલ કરાવવામાં આવ્યો હતો. આ બાબતે પુણા પોલીસ ઇન્સ્પેક્ટરે તપાસના આદેશ આપ્યા હતા.

સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં ૧૧ વર્ષના બાળકનું અપહરણ તેને અભ્યાસ કરાવતી ૨૩ વર્ષીય શિક્ષિકા દ્વારા કરવામાં આવ્યું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ બાદ પુણા પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી અને ૧૧ વર્ષીય વિદ્યાર્થીને લઈને ભાગી ગયેલી શિક્ષિકા માનસી નાઈની શોધખોળ કરવામાં આવી હતી.

ઘટનાની તપાસ દરમિયાન પોલીસના હાથે એક સીસીટીવી પણ લાગ્યા હતા. જેમાં વિદ્યાર્થી શિક્ષિકા માનસી સાથે જતી હોવાનું દેખાઈ રહ્યું હતું. આ ઉપરાંત શિક્ષિકા દ્વારા એક દુકાન પરથી કોઈ વસ્તુ ખરીદી તેનું રોકડમાં પેમેન્ટ કર્યું હોવાના ફૂટેજ પણ પોલીસને મળ્યા હતા. પોલીસ દ્વારા શિક્ષિકાને પકડવા માટે અલગ અલગ ટીમો તૈયાર કરવામાં આવી હતી. ત્યારે પોલીસને એવી માહિતી મળી હતી કે, શિક્ષિકા માનસી વિદ્યાર્થી સાથે રાજસ્થાનથી ગુજરાત પરત આવી રહી છે.

બાતમીના આધારે પોલીસે શામળાજી બોર્ડર પાસેથી શિક્ષિકા માનસીને ઝડપી પાડી હતી અને માનસી સાથે વિદ્યાર્થી પણ પોલીસને મળી આવ્યો હતો. પુણા પોલીસની ટીમ દ્વારા શિક્ષિકા અને વિદ્યાર્થીને સુરત લાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ વિદ્યાર્થીને પોતાના પરિવારને સોંપવામાં આવ્યો હતો. વિદ્યાર્થી સુરક્ષિત મળતા પરિવારે પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. તો બીજી તરફ પુણા પોલીસ દ્વારા શિક્ષિકા માનસી નાઈની પૂછપરછ કરવામાં આવી હતી. ■

# કાર ડ્રાઈવિંગ લાઈસન્સ માટે અરજી કરતા ૫૭ ટકા ગુજરાતીઓ નાપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વાહનોની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે, વાહનો વધવાની સાથે લોકો લાઈસન્સ માટે પણ મોટા પ્રમાણમાં અરજી કરી રહ્યા છે. એક રિપોર્ટ પ્રમાણે, ગુજરાતમાં કાર ડ્રાઇવિંગ લાઈસન્સ માટે અરજી કરતાં ૫૭ ટકા લોકો નાપાસ થાય છે. સારથી વેબસાઇટના તાજેતરના ડેટા અનુસાર, અરજદારોને ડ્રાઇવિંગ લાઈસન્સ ટેસ્ટ પાસ કરવામાં મુશ્કેલી પડી રહી છે, જેમાં પાસ થવા માટે સરેરાશ ત્રણ પ્રયાસોની જરૂર પડે છે. ૨૦૨૪-૨૫માં, ૭.૫૮ લાખ લોકોએ ૨૦.૫ લાખ ડ્રાઇવિંગ ટેસ્ટ આપ્યા હતા. તેમાંથી ફક્ત ૬ લાખ લોકોએ જ સફળતાપૂર્વક તેમના લાઈસન્સ મેળવ્યા હતા.

ફોર વ્હિલરના ટેસ્ટમાં નાપાસ થવાનો દર વધારે હતો. ૫૭ ટકા અરજદારો પ્રક્ટિકલ પરીક્ષામાં નાપાસ થયા હોવાનું આરટીઓ અધિકારીએ જણાવ્યું હતું. ટુ વ્હિલરના ડ્રાઇવિંગ લાઈસન્સ માટે અરજીકર્તા પૈકી માત્ર ૧૫ ટકા જ નાપાસ થયા હતા. આરટીઓ અધિકારીઓના જણાવ્યા મુજબ, આશરે ૪૦ ટકા અરજદારોએ ટુ વ્હિલર અને લાઇટ મોટર વ્હિકલ લાઈસન્સ માટે અરજી કરી હતી. જેમાં કાર, ઓટો-રિક્ષા, જીપ, વાન, ટેક્સી અને મિની ટ્રકનો સમાવેશ થાય છે.

આરટીઓ અધિકારીઓના કહેવા પ્રમાણે, એલએમવી ટેસ્ટમાં ૮૦ ટકા થી વધુ ફેઇલ અપ-ગ્રેડિયન્ટ અને રિવર્સ ટેસ્ટમાં થયા હતા. જ્યારે બાકીના ૨૦ ટકાને પાર્કિંગ અને અંગ્રેજી ૮ ટ્રેક પરીક્ષણમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે ડ્રાઇવિંગ લાઈસન્સ લેનારાઓએ આ નિપૂણતા મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

અધિકારીના કહેવા મુજબ, ૨૦૧૨ માં રજૂ કરાયેલા વિશિષ્ટ પરીક્ષણ ટ્રેકમાં ટુ-વ્હિલર્સ માટે ૮-આકારનો કોર્સ, બોક્સ પાર્કિંગ, રિવર્સ પાર્કિંગ અને અપ-ગ્રેડિયન્ટ ટેસ્ટ સહિત કાર માટે વિવિધ મેન્યુવરેબિલિટી ટેસ્ટનો સમાવેશ થાય છે. રિવર્સ ટેસ્ટ આપતા મોટાભાગના એલએમવી લાઈસન્સ અરજદારો નિર્ણયની ભૂલો કરે છે. ગ્રેડિયન્ટ ટેસ્ટમાં, જ્યારે તેમને આગળ વધવાનો સંકેત મળે છે, ત્યારે ઘણા લોકો તેમની કારને પાછળની તરફ ધસતી અટકાવી શકતા નથી અને તેથી તેમને ગેરલાયક ઠેરવવામાં આવે છે. ટુ-વ્હિલર લાઈસન્સ ટેસ્ટમાં, ઉમેદવારો સામાન્ય રીતે સવારી કરતી વખતે તેમના પગ જમીનને સ્પર્શ કરે છે ત્યારે નિષ્ફળ જાય છે.

ઘણા યુવાનો ૧૮ વર્ષના થતાં જ લર્નિંગ લાઈસન્સ માટે અરજી કરે છે, જે એલએમવીમાં નિષ્ફળતા દરમાં વધારો કરે છે. અધિકારીના કહેવા પ્રમાણે, માતા-પિતા તેમના બાળકોને ગેરકાયદે રીતે વાહન ચલાવવાથી રોકવા માટે લર્નિંગ લાઈસન્સ મેળવવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. ■

# ભુજ-મુંબઈ વચ્ચે વધુ એક ફ્લાઈટને મળી મંજૂરી, ૧૦ મેથી પ્રારંભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ભુજથી મુંબઈ સુધી મોટી સંખ્યામાં લોકોની અવજ્ર-જવર રહે છે, ત્યારે ભુજથી મુંબઈ અને વિદેશના મુસાફરો માટે વધુ એક ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભુજથી સવારના સમયે બે ફ્લાઈટ શરૂ છે, ત્યારે બપોરના સમયે વધુ એક ફ્લાઈટ શરૂ કરવાને લઈને સ્થાનિકો અને કચ્છના સાંસદ દ્વારા લેખિત-મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. એર ઇન્ડિયાની સેવાને મંજૂરી મળી છે, ત્યારે બપોરના સમય માટે આગામી ૧૦ મેથી નવી ફ્લાઇટની શરૂઆત થશે.

ભુજ-મુંબઈ વચ્ચે સવારે બે વિમાન સેવા કાર્યરત છે. જેમાં મોટી સંખ્યામાં મુસાફરી કરતાં સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. જ્યારે બંને ફ્લાઈટ સવારના સમયે હોવાથી બપોરના સમયે ત્રીજી વિમાની સેવા શરૂ કરવાને લઈને મુસાફરોની માગ હતી. જ્યારે આ બાબતે કચ્છના સાંસદે પણ નવી ફ્લાઇટ બાબતે લેખિત-મૌખિક રજૂઆત કરી હતી. એર ઈન્ડિયાએ મંજૂરી આપી છે, જેથી હવે બપોર બાદ હવે કચ્છથી મુંબઈ અવરજવર થઈ શકશે.

મુંબઈ-કચ્છ વચ્ચે આગામી ૧૦ મેથી વધુ એક વિમાન સેવા શરૂ થવાની છે. જેમાં મુંબઈથી બપોરે ૧૨:૧૦ વાગ્યે ફ્લાઈટ ઉપડીને બપોરે ૧:૩૫ વાગ્યે ભુજ પહોંચાડશે. જ્યારે ભુજથી પરત ફરવા માટે ભુજ એરપોર્ટથી બપોરે ૨:૦૫ વાગ્યેથી ફ્લાઈટ ઉપડીને ૩:૪૦ વાગ્યે મુંબઈ પહોંચાડશે. ■

# ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે ચાર દિવસ ગાજવીજ સાથે માવઠાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં ગરમીનો પારો ઊંચો જતો જોવા મળી રહ્યો છે. તેવામાં બુધવારે (૩૦ એપ્રિલ, ૨૦૨૫)ના રોજ કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ જિલ્લામાં હિટવેવને પગલે યલો ઍલર્ટ અને રાજકોટમાં ઑરેન્જ ઍલર્ટની આગાહી કરી હતી. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી નોંધાવાની શક્યતા છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૩ મેથી ૬ મે દરમિયાન રાજ્યનાં છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી હતી.

હવામાન વિભાગ અમદાવાદના ડાયરેક્ટરે જણાવ્યું હતું કે, બુધવારે રાજ્યના પાંચ જિલ્લામાં હિટવેવની આગાહી છે. આ પછી તાપમાનમાં ૨-૪ ડિગ્રી મહત્તમ તાપમાન ઘટવાની શક્યતા છે, ત્યારે ૭૨ કલાક બાદ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાથી રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી થશે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૩ મે, ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠા અને ૪ મેના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, અમરેલી અને ભાવનગર જિલ્લાનાં છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની શક્યતા છે.

રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં માવઠાની આગાહી કરી છે. જેમાં ૫ મે, ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ગીર સોમનાથ અમરેલી અને ભાવનગર જિલ્લાનાં છૂટાછવાયાં વિસ્તારોમાં મેઘગર્જના સાથે માવઠાની શક્યતા છે.

જ્યારે ૬ મે, ૨૦૨૫ના રોજ સૌરાષ્ટ્રના રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાનાં છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગે કરી હતી. ■

# મેગા ડિમોલિશનના કાર્યવાહી મુદ્દે હર્ષ સંઘવીનું નિવેદન: એક ઇંચ જમીન પણ છોડવામાં નહીં આવે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર મહાનગરપાલિકા દ્વારા ગુજરાતના ઇતિહાસના સૌથી મોટા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન ૨૦૦૦ થી વધુ પોલીસકર્મીઓની હાજરી રાખવામાં આવી હતી. ભારતમાં ગેરકાયદે આવેલા બાંગ્લાદેશીઓ દ્વારા કબ્જે કરવામાં આવેલી જમીનને તંત્ર દ્વારા ખાલી કરાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. એટલું જ નહીં પરંતુ અલકાયદા સાથે સંકળાયેલા ૪ બાંગ્લાદેશીઓને ઝડપી લેવામા આવ્યા છે.

ડિમોલિશન બાબતે હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સુરક્ષા માટે નિર્ધારિત જગ્યા ખાલી કરાવી છે અને એક ઇંચ પણ છોડવામાં નહીં આવે. જ્યાં ગેરકાયદે પ્રવૃત્તિઓ થતી હશે તે સ્થળોની ઓળખ કરી કાર્યવાહી થશે. રાજ્ય સરકાર ખાતરી કરશે કે ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ દ્વારા કબજે કરાયેલી જમીન ખાલી કરવામાં આવે. અમે જે વિસ્તારમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોને પકડવામાં આવ્યા હતા ત્યાં ગેરકાયદેસર અતિક્રમણને તોડી પાડવામાં આવ્યાં. અમે ખાતરી કરીશું કે સરકારી જમીન ખાલી કરવામાં આવે.' લલ્લુ બિહારીએ ગેરકાયદે ભારતમાં આવેલા બાંગ્લાદેશીઓને નકલી ભાડા કરાર અને આધાર કાર્ડ બનાવ્યા હતા. જેથી અમદાવાદ પોલીસે લલ્લુ બિહારી વિરુદ્ધ પણ એફઆઈઆર પણ નોંધીને કાર્યવાહી શરૂ કરી હતી. ■

# પહલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં સુરતમાં વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે. આતંકવાદી હુમલાના વિરોધમાં સુરતમાં પણ ખાદ્ય તેલ વેપારી મહામંડળ અને અનાજ એસોસિએશન દ્વારા બંધ પાળવામાં આવ્યું હતું. વેપારીઓ દ્વારા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ પણ અપર્ણ કરવામાં આવી હતી. આ સાથે સરકારને વિનંતી પણ કરી હતી કે, આતંકવાદી હુમલાનો બદલો લેવામાં આવે. સુરતના વેપારીઓએ કહ્યું હતું કે, સરકાર દ્વારા જે કાર્યવાહી કરવામાં આવી તે પૂરતી નથી, દુશ્મનોને આનાથી પણ વધારે કડક જવાબ આપવો જોઈએ. એટલું જ નહીં પરંતુ વેપારીઓ દિલ્હી જઈને રૂબરૂ રજૂઆત કરવાના તેવું વેપારીઓએ જણાવ્યું હતું. સુરતના ખાદ્ય તેલ વેપારી મહામંડળ અને અનાજ એસોસિએશન દ્વારા વડા પ્રધાનને વિનંતી પત્ર આપીને રજૂઆત કરવામાં આવશે. ■

# અમદાવાદ એરપોર્ટ પરથી ૩૭ કરોડના ગાંજા સાથે ચાર જણ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ એરપોર્ટ પર એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા ગુપ્ત માહિતીના આધારે મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. એર ઈન્ટેલિજન્સ યુનિટે ડીઆરઆઈ સાથે મળી સંયુક્ત ઓપરેશન કરીને એરપોર્ટ પરથી રૂપિયા ૩૭ કરોડનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. આ સંયુક્ત ઓપરેશન હેઠળ ફ્લાઈટ નંબર ટીજી ૩૪૩માં બૅંગકોકથી અમદાવાદમાં આવી રહેલા ચાર ભારતીયોની ધરપકડ કરવામાં આવી હતી. મહત્ત્વની વાત એ છે કે, છેલ્લા ૧૦ દિવસમાં આ બીજી મોટી કાર્યવાહી કરવામાં આવી જેમાં મોટી માત્રામાં ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, આ મુસાફરો પાસે રહેલી છ જેટલી ટ્રોલી બેગની તપાસ કરતા ૭૨ પેકેટ મળી આવ્યાં હતાં.

એર ઈન્ટેલિજન્સ યુનિટ અને ડીઆરઆઈ દ્વારા બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. ડીઆરઆઈને ગુપ્ત માહિતી મળી હતી કે, કેટલાક મુસાફરો ગાંજા લઈને ભારત પરત ફરવાના છે. આ માહિતીના આધારે કાર્યવાહી કરવામાં આવી અને ડીઆરઆઈ અધિકારીઓએ અમદાવાદ કસ્ટમ વિભાગની મદદથી બૅંગકોકથી પરત ફરી રહેલા ચાર મુસાફરને તપાસ માટે રોક્યા હતાં, જ્યારે તેમની છ ટ્રોલી બેગ ખોલવામાં આવી, ત્યારે તેમાં બ્રાન્ડેડ નાસ્તાના પેકેટમાં છુપાયેલા લીલા ગઠ્ઠાવાળા પદાર્થના પેકેટ મળી આવ્યા હતાં. તપાસ કરવામાં આવી ત્યારે પુષ્ટિ થઈ કે તે હાઇડ્રોપોનિક ગાંજો હતો, જે હાઇટેક ટૅકનોલૉજીનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવતા ગાંજાની ખૂબ જ શક્તિશાળી શ્રેણીનો હોવાનું પણ જાણવા મળ્યું હતું. ■

# ૬૮ વર્ષ બાદ સિંગતેલ-કપાસિયાનો ભાવ એક સરખો થયો: મોંઘવારીથી ત્રસ્ત લોકોને હાશકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં ખાદ્યતેલના ભાવમાં સતત ઘટાડો થતા અસહ્ય મોંઘવારીથી ત્રસ્ત મધ્યમવર્ગના લોકોએ રાહત મળી છે. જેને કારણે ૬૮ વર્ષમાં પહેલીવાર સિંગતેલ અને કપાસિયા તેલના ડબાનો ભાવ એક સરખો થઈ ગયો હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું. ભાવની વાત કરવામાં આવે તો સિંગતેલના એક ડબ્બાના ભાવમાં ૧૫ રૂપિયા અને કપાસિયા તેલમાં ૧૦ રૂપિયાનો ઘટાડો થતાં ડબાનો ભાવ ૨૩૫૦ રૂપિયા થઈ ગયો હતો.

છેલ્લા એક જ મહિનામાં સિંગતેલના ભાવમાં ૧૦૦ રૂપિયા અને કપાસિયા તેલના ડબ્બામાં ૭૫ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. તેલના ભાવમાં સતત ઘટાડો થવાનું મુખ્ય કારણ નવી મગફળીની આવક તેમજ આયાતી તેલના સ્ટોક પર નિર્ભર હોય છે. છેલ્લાં ૬૮ વર્ષમાં પહેલી વાર સિંગતેલ-કપાસિયા તેલના ભાવ સરખા થયા છે. ૨૦૨૨ પછી સિંગતેલ આટલા નીચા ભાવે આવ્યું છે, જે અગાઉ ૩ હજાર રૂપિયા સુધી ભાવ પહોંચ્યો હતો. ■

# અમદાવાદમાં રથયાત્રાની તૈયારીઓનો શુભારંભ, અખાત્રીજે ચંદન પૂજા કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રાની તૈયારીઓનો અખાત્રીજના દિવસથી શુભારંભ કરવામાં આવ્યો હતો. અક્ષય તૃતિયાના પવિત્ર અવસરે જગન્નાથ મંદિરમાં ઐતિહાસિક રથની ચંદન પૂજા વિધિવત્ કરવામાં આવી હતી. પૂજા વિધિમાં ચંદનનો ઉપયોગ થતો હોવાથી આ યાત્રાને ચંદન યાત્રા પણ કહેવામાં આવે છે. અત્યારે રથના પૈડાં અને અન્ય ભાગોનું સમારકામનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

આ વર્ષે રથયાત્રામાં નવી બે બાબતો જોવા મળશે. જેમાં પહેલી વાત કે, આતંકવાદ દૂર થાય અને આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકો માટે ભગવાન જગન્નાથને પ્રાર્થના કરવામાં આવશે અને બીજી વાત એ કે, ગરમીનો પારો વધતાં ઠંડક મળે તે માટે ભગવાનને લીલા નાળિયેર અને નારિયેર પાણી અર્પણ કરાયાં હતાં. આ વર્ષે યોજાનાર રથયાત્રાની પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ■

# મહેસૂલી કર્મચારીઓ એક દિવસની માસ સીએલ પર ઊતર્યા, કામગીરી બંધ રહેતા લોકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકાર સામેની અનેક પડતર માગણીઓ પૂરી ના થતા રાજ્ય મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા માસ સીએલની જાહેરાત કરી હતી. રાજ્યભરના ૪૦૦૦થી વધુ રેવન્યૂ કર્મચારીઓ એક દિવસની માસ સીએલ પર ઊતરી જતા સરકારી કચેરીઓ ખાલીખમ જોવા મળી હતી. એનએથી માડી રેશનકાર્ડ સહિતના કામગીરી બંધ રહેતા કામ અર્થે સરકારી કચેરી ખાતે આવતા લાભાર્થીઓને ધક્કો ખાવો પડ્યો હતો.

મહેસૂલી કર્મચારીઓ એક દિવસની માસ સીએલ પર ઊતરી જતા જિલ્લાની તમામ કચેરીઓમાં કામગીરી બંધ રહી હતી. રાજ્ય મહેસૂલી કર્મચારી છેલ્લા ઘણા સમયથી સિનિયોરિટી યાદી પ્રસિદ્ધ કરવા, પ્રમોશન, અન્ય જિલ્લામાં ટ્રાન્સફર કરેલા કર્મચારીઓને પાછા લાવવા માટેની સરકાર પાસે માગ કરી રહ્યા છે, પરંતુ સરકાર દ્વારા તેમની પડતર માગણીઓ સ્વીકારવામાં ના આવતી હોય બુધવારે કર્મચારીઓ એક દિવસની માસ સીએલ પર ઊતર્યા હતા. કોઠી કચેરી ખાતે કર્મચારીઓ ભેગા પોસ્ટર બેનર સાથે સૂત્રોચ્ચારો કરી વિરોધ નોંધાવ્યો હતો. ■

# બાન્દ્રાના મૉલની આગની તપાસ માત્ર નામ પૂરતી થશે?

**એનસીપીના નેતા એવા માલિકની રાજકીય વગને લીધે ઉપર-ઉપરથી તપાસ કરી ભીનું સંકેલાવાની શક્યતા : બાવીસ કલાકે સંપૂર્ણપણે આગ બુઝાઈ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાન્દ્રા (પશ્ચિમ)માં લિકિંગ રોડ પર આવેલા ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના લિંક સ્કવેર મૉલમાં મંગળવારે વહેલી સવારે ફાટી નીકળેલી આગ છેક બાવીસ કલાકે એટલે કે મંગળવારે મોડી રાતના ૧.૪૧ વાગે નિયંત્રણમાં આવી હતી, જોકે કૂલિંગ ઓપેરશન મોડે સુધી ચાલ્યું હતું. પ્રાથમિક તપાસ મુજબ બિલ્ડિંગમાં રહેતી ફાયર સેફ્ટી સિસ્ટમ બરોબર કામ કરતી ન હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી અને આગ બુઝાવવા માટે મદદરૂપ થઈ શકી નહોતી. આગ લાગવાનું ચોક્કસ કારણ ફાયરબ્રિગ્રેડ દ્વારા તપાસ થયા બાદ જાણી શકાશે એવું માનવામાં આવી રહ્યું છે. જોકે સૂત્રોના જણાવ્યા મુજબ મૉલમાં મોટા પાયા પર ગેરકાયદે બાંધકામ હતું અને મૉલના માલિક અને એનસીપીના નેતા ઝીશાન સિદ્દીકીની રાજકીય વગને કારણે આગની દુર્ઘટનાની ઊંડી તપાસ થવાની શક્યતા બહુ ઓછી છે. ફાયરબ્રિગ્રેડ દ્વારા દેખાવ પૂરતી આ ઘટનાની તપાસ થયા બાદ બધુ ભીનું સંકેલાઈ જવાની શક્યતા છે.

મોલમાં તોડફોડ અને ગેરકાયદે ફેરફારોના આરોપો લાગ્યા છે ત્યારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જાહેરાત કરી છે કે બાંદ્રા આગની તપાસ માટે જોઈન્ટ કમિશનર ડી. ગંગાધરનની નિમણૂક કરવામાં આવી છે.

બાન્દ્રામાં લિકિંગ રોડ પર આવેલા ત્રણ બેઝમેન્ટ સહિત ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના કમર્શિયલ લિંક સ્વેકર મોલમાં બેઝમેન્ટમાં રહેલા ક્રોમાના શોરૂમમાં મંગળવારે વહેલી સવારના ૩.૫૮ વાગે અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા જ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મૉલમાં અત્તર, કપડાં, ઈલેક્ટ્રિક સામાન જેવા જ્વલનીશ વસ્તુઓને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. તેમાં પાછું અહીં મોટા પ્રમાણમાં ગેરકાયદે બાંધકામ હોવાને કારણે અને કાચની બિલ્ડિંગ હોવાથી ધુમાડો બહાર નીકળી નહીં શકવાને કારણે ફાયરબ્રિગેડને આગ બુઝાવવામાં ભારે તકલીફ થઈ હતી.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં આ બિલ્ડિંગમાં રહેલી ફાયરસેફટી સિસ્ટમ બરોબર કામ કરતી ન હોવાને કારણે આગ લાગ્યા બાદ તેને બુઝાવવામાં મદદ મળી શકી નહોતી. જ્વલનશીલ આઈટમોના સ્ટોકને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. તેમાં પાછું અહીં મોટા પ્રમાણમાં ગેરકાયદે રીતે સ્ટ્રક્ચરલ ફેરફાર કરવામાં આવ્યા હતા, તેને કારણે ફાયરબ્રિગેડને આગ બુઝાવવામાં ભારે તકલીફ થઈ હતી. ફાયરબ્રિગેડ અને પાલિકાના એચ-વેસ્ટ વોર્ડ દ્વારા તપાસ ચાલુ કરવામાં આવી છે, જેમાં બિલ્ડિંગની સુરક્ષા યંત્રણાની સાથે જ ફાયર ઓડિટ અને બાંધકામના નિયમોનું ઉલ્લંઘન કરાયું હતું કે તેની તપાસ કરાશે. જોકે સૂત્રોના જણાવ્યા મુજબ મૉલના માલિક રાજકીય નેતા હોવાને કારણે તપાસમાં કંઈ બહાર આવવાનું નથી. ■

## જો પાકિસ્તાની પ્રોડક્ટ વેચી છે તો...

# ભાજપની મુંબઈના દુકાનદારોને ચેતવણી

**પક્ષના લઘુમતી મોરચાએ તોડફોડ કરવાની ધમકી આપી છે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ભાજપ લઘુમતી મોરચાના મુંબઈ એકમે પહલગામ હુમલાને પગલે માહિમમાં દુકાનોને પાકિસ્તાની ઉત્પાદનોનો બહિષ્કાર કરવાની તેમ જ આવા ઉત્પાદનો રાખવાનું બંધ કરવાની ચેતવણી આપી છે. સત્તાધારી ભાજપની માઈનોરિટી શાખાએ માહિમ વિસ્તારમાં વિરોધ મોર્ચો પણ કાઢ્યો હતો.

પાર્ટીએ એવી દુકાનોને પત્રો મોકલ્યા છે જે પાકિસ્તાની ઉત્પાદનો વેચતી હતી, જેમાં મોટાભાગના મસાલાનો સમાવેશ થાય છે. પત્રમાં કહેવામાં આવ્યું છે: અમારા ધ્યાનમાં આવ્યું છે કે માહિમમાં કેટલીક દુકાનો પાકિસ્તાની મસાલા અને અન્ય રસોઈની સામગ્રી વેચી રહી છે. અમે અહીં કડક ચેતવણી આપીએ છીએ કે તાત્કાલિક તમામ પાકિસ્તાની ઉત્પાદનોનું વેચાણ બંધ કરો.

પત્રમાં ઉમેર્યું હતું કે પાકિસ્તાની માલ વેચતી દુકાનોને ‘ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે અને તેમના કાર્યો માટે સંપૂર્ણપણે જવાબદાર ઠેરવવામાં આવશે’.

‘જો આમ ન થાય તો, અમે, જવાબદાર નાગરિકો તરીકે, કાર્યવાહી કરવા માટે મજબૂર થઈશું,’ એમ પત્રમાં જણાવાયું છે. પત્રની એક નકલ માહિમ પોલીસ સ્ટેશનને પણ મોકલવામાં આવી છે.

મ્યુનિસિપલ વોર્ડ ૧૯૦ના ભૂતપૂર્વ કોર્પોરેટર શીતલ ગંભીરના નેતૃત્વ હેઠળ દુકાનો અને ગોદામોની મુલાકાત લેનારું જૂથ માહિમમાં ફરી રહ્યું હતું. ભાજપ લઘુમતી મોરચાના મુંબઈ એકમના મહાસચિવ અગ્નેલો ફર્નાન્ડિઝે જણાવ્યું હતું કે, અમે દુકાનોને ઉત્પાદનોનો નાશ કરવા અથવા ફેંકી દેવા માટે સમયમર્યાદા આપી છે. જો તેઓ આમ નહીં કરે, તો અમે દુકાનોમાં તોડફોડ કરીશું, એમ ફર્નાન્ડિઝે જણાવ્યું હતું.

માહિમના રહેવાસીઓએ જણાવ્યું હતું કે કેટલીક દુકાનોમાં વેચાતી પાકિસ્તાની વસ્તુઓ જેમ કે મસાલા અને સલવાર કમીઝના સેટ છે. જોકે, આ ઉત્પાદનો સીધા પાકિસ્તાનથી આયાત કરવામાં આવતા નથી. માલ દુબઈ થઈને આવે છે, માહિમના રહેવાસી ફારૂક ધાલાએ જણાવ્યું હતું.

ગયા અઠવાડિયે શિવાજી પાર્ક પોલીસ સ્ટેશને દાદર બજાર વિસ્તારમાં મુસ્લિમ ફેરિયાઓ સાથે દુર્વ્યવહાર અને હુમલો કરવા બદલ માહિમ વિધાનસભા મતવિસ્તાર એકમના પ્રમુખ અક્ષતા તેંડુલકર સહિત નવ ભાજપ કાર્યકરો સામે કેસ નોંધ્યો હતો. આ ફરિયાદ એક ફેરિયા દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેંડુલકર અને તેના જૂથે સહાયકોને તેમના ધર્મ વિશે પૂછ્યું હતું. તેંડુલકરે કહ્યું છે કે બજારમાં ફેરિયાઓમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી ઇમિગ્રન્ટ્સ પણ હતા તેવી ફરિયાદો બાદ તેંડુલકરે બજારની મુલાકાત લીધી હતી. ■

# ત્રીજી વખત શપથ લીધાના પાંચ મહિના પછી ફડણવીસ સત્તાવાર નિવાસસ્થાને શિફ્ટ થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધાના લગભગ પાંચ મહિના પછી દેવેન્દ્ર ફડણવીસ બુધવારે દક્ષિણ મુંબઈમાં આવેલા તેમના સત્તાવાર નિવાસસ્થાન ‘વર્ષા’માં ગયા હતા.

લગભગ સાડા પાંચ વર્ષના અંતરાલ પછી ફડણવીસ એ જ જગ્યાએ રહેશે, જેમાં ૨૦૧૪થી ૨૦૧૯ સુધીના મુખ્ય પ્રધાન તરીકેના તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન તેમનું સત્તાવાર નિવાસ હતો. મુખ્ય પ્રધાન તરીકેનો તેમનો બીજો કાર્યકાળ ફક્ત ૮૦ કલાક ચાલ્યો હતો તે પછી તેમણે નવેમ્બર ૨૦૧૯માં બંગલો ખાલી કર્યો હતો. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ આઘાડી (એમવીએ) સરકાર દરમિયાન વિરોધ પક્ષના નેતા બન્યા પછી ફડણવીસ ‘સાગર’માં ગયા જ્યાં તેઓ નાયબ મુખ્ય પ્રધાન તરીકે રહેતા હતા.

પાંચમી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા છતાં ફડણવીસ આટલા દિવસો સુધી ‘સાગર’માં જ રહ્યા હતા. બુધવારે એક્સ પર એક પોસ્ટમાં ફડણવીસના પત્ની અમૃતાએ જણાવ્યું હતું કે અક્ષય તૃતીયાના શુભ દિવસ નિમિત્તે એક નાની પૂજા કરવામાં આવી હતી. પૂજા બાદ વર્ષા ખાતે ‘ગૃહપ્રવેશ’ કરવામાં આવ્યો હતો.

ફેબ્રુઆરીમાં શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે દાવો કર્યો હતો કે ગુવાહાટીમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની કામાખ્યા મંદિરની મુલાકાત દરમિયાન બલિદાન આપવામાં આવેલી ભેંસોના શિંગડા ‘વર્ષા’ના પરિસરમાં દફનાવવામાં આવ્યા હતા જેથી મુખ્ય પ્રધાનપદ એકનાથ શિંદે સિવાય બીજા કોઈને ન જાય.

રાઉતના દાવાઓને ફગાવી દેતા ફડણવીસે તે સમયે કહ્યું હતું કે, ‘એકનાથ શિંદે ‘વર્ષા’ બંગલો ખાલી કરે પછી હું તેમાં રહેવા જઈશ. કેટલાક નાના સમારકામ પણ કરવામાં આવી રહ્યા છે. મારી પુત્રી ધોરણ ૧૦ માં છે, તેણે વિનંતી કરી હતી કે અમે તેની પરીક્ષા પછી જ શિફ્ટ થઈએ. આ જ કારણ છે કે હું હજુ સુધી રહેવા ગયો નથી.’ ■



# ૯૨.૬%: સીએમની દીકરીને દસમામાં આટલા ટકા મળ્યા

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની પુત્રી દિવિજાએ દસમા ધોરણની પરીક્ષામાં ૯૨.૬ ટકા મેળવ્યા હોવાનું સીએમનાં પત્ની અમૃતા ફડણવીસે જણાવ્યું હતું.

અમારી દીકરી દિવિજાએ દસમા ધોરણની બોર્ડની પરીક્ષામાં ૯૨.૬૦ ટકા મેળવતા અમે બધા રાજીના રેડ થઈ ગયા છીએ એમ ફડણવીસે જણાવ્યું હતું.

ચીફ એક્ઝિક્યુટિવ જોસેફ ઇમેન્યુઅલે બુધવારે જણાવ્યું હતું કે ‘કાઉન્સિલ ફોર ધ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સ (સીઆઇએસસીઇ) ની ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓના પરિણામો જાહેર કરવામાં આવ્યાં છે. બંને પરીક્ષામાં છોકરીઓએ છોકરાઓને પાછળ રાખી દીધા છે. અલબત્ત ફરક નજીવો છે. ધોરણ ૧૦ની પરીક્ષામાં છોકરીઓની પાસ થવાની ટકાવારી ૯૯.૪૫ રહી હતી, જ્યારે છોકરાઓની પાસ થવાની ટકાવારી ૯૮.૬૪ હતી. (પીટીઆઈ)■

# દસમા-બારમાનું પરિણામ મેના પ્રથમ પખવાડિયામાં

મુંબઈ: મહારાષ્ટ્ર બોર્ડના દસમા અને બારમા ધોરણના રિઝલ્ટ મે મહિનાના પ્રથમ પંદર દિવસમાં જાહેર કરાય એવી શક્યતા છે. મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશનના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યાનુસાર બારમા ધોરણનું પરિણામ ૧૨મી અથવા ૧૩મી મેની આસપાસ આવશે, જ્યારે દસમા ધોરણનું રિઝલ્ટ પણ ૧૫મી અથવા ૧૬મી મેના રોજ જાહેર થવાની શક્યતા છે.

પુણે ડિવિઝન બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે દસમા અને બારમા ધોરણની પરીક્ષાઓ બાદ તમામ શિક્ષકોએ પેપર તપાસવાનું કામ સમયસર પૂર્ણ કર્યું છે. હાલમાં ગ્રેડ ચકાસણીનું કામ ચાલી રહ્યું છે. રાજ્યના શિક્ષણ પ્રધાન દ્વારા ટૂંક સમયમાં રિઝલ્ટ જાહેર કરવાની તારીખ જાહેર કરવામાં આવશે, એમ તેમણે સ્પષ્ટતા પણ કરી હતી.

૧૧મી મે સુધી ચકાસણનું કામ પૂર્ણ થવાની શક્યતા છે ત્યાર બાદ રિઝલ્ટ ઓનલાઇન જાહેર કરાશે. રિઝલ્ટ કઇ વેબસાઇટ પર જાહેર કરાશે વગેરે બાબચો આગામી અઠવાડિયામાં જણાવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

આ વખતે પહેલી વખતે દસમા અને બારમા ધોરણની પરીક્ષા દસ દિવસ વહેલી લેવાઇ હતી જેમાં ૧૫.૨૪ લાખ વિદ્યાર્થીએ બારમાની અને ૧૬.૩૯ લાખ વિદ્યાર્થીએ દસમાની પરીક્ષા આપી હતી. ■

## હિન્દુ સંત પ્રજ્ઞાનંદ સરસ્વતી મહારાજની ગર્જના...

# ઔરંગઝેબની કબર ફડણવીસ નહીં હટાવે તો એ કામ સનાતનધર્મીઓ કરશે: પ્રજ્ઞાનંદ સરસ્વતી મહારાજ

નાગપુર: હિન્દુ સંત પ્રજ્ઞાનંદ સરસ્વતી મહારાજે કહ્યું છે કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની પ્રથમ ફરજ રાજ્યમાંથી મોગલ બાદશાહ ઔરંગઝેબ અને અન્ય આક્રમણખોરોની કબરો દૂર કરવાની હતી. દ્વારકા શારદા જ્યોતિષ પીઠના શંકરાચાર્ય (વડા)એ એમ પણ કહ્યું હતું કે જો સરકાર આ નહીં કરી શકે તો સનાતન ધર્મના અનુયાયીઓ એ જવાબદારી પૂરી કરશે.

મંગળવારે નાગપુરમાં મરાઠી ન્યૂઝ ચેનલ એબીપી માઝા સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે જમીન તમે ઔરંગઝેબને આપી હતી. આજે એના વંશજો કટ્ટરપંથીઓ અને ઉગ્રવાદીઓ તરીકે - હિન્દુઓ પર હુમલો કરી રહ્યા છે. મેં અગાઉ પણ કહ્યું છે અને ફરીથી કહું છું કે દેવેન્દ્ર ફડણવીસની પહેલી જવાબદારી મહારાષ્ટ્રમાંથી ઔરંગઝેબ અને અન્ય આક્રમણખોરોની કબરો દૂર કરવાની છે. જો સરકાર નિષ્ફળ રહી તો આ કામ કરવા માટે ‘સનાતન ધર્મીઓ’એ આગળ આવવું પડશે.

છત્રપતિ સંભાજી નગર શહેરથી લગભગ પચીસ કિલોમીટર દૂર ખુલતાબાદ શહેરમાં આવેલી ઔરંગઝેબની કબરને હટાવવાની માગને પગલે ગયા મહિને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી. જમણેરી જૂથો દ્વારા તેને દૂર કરવાની ધમકી મળતા કબરની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

ઔરંગઝેબની કબર હટાવવા માટે જમણેરી પાંખની સંસ્થા દ્વારા કરવામાં આવેલા આંદોલન દરમિયાન એક સમુદાયના પવિત્ર પુસ્તકને સળગાવી દેવામાં આવ્યું હોવાની અફવાઓ વચ્ચે ૧૭ માર્ચના રોજ નાગપુરના કેટલાક વિસ્તારમાં હિંસા ફાટી નીકળી હતી અને પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

ફડણવીસ ઔરંગઝેબની કબર દૂર કરશે એવી તેમને અપેક્ષા હતી કે કેમ એ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે ‘કબર હજી પણ ત્યાં જ કેમ છે? અપેક્ષાનો સવાલ જ નથી. આપણા દેશની મહાન હસ્તીઓને મુશ્કેલીમાં મુકનાર, જે ધર્મ પરિવર્તન કરાવનારા અને આપણાં મંદિરો અને ધાર્મિક સ્થળોનો નાશ કરનારાઓ અત્યાર સુધીમાં નાબૂદ થઈ ગયા હોવા જોઈએ. તેના (ઔરંગઝેબના) અને વંશજોના ઇતિહાસ અથવા તેમની કબરોને આ દેશમાં મંજૂરી આપવી જોઈતી ન હતી.’ (પીટીઆઈ)■

# સંઘને આતંકવાદી સંગઠન ગણાવી કૉંગ્રેસી હુસૈન દલવાઈએ વિવાદ છેડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા હુસૈન દલવાઈએ કેરળ આરએસએસ નેતાના નિવેદન પર વળતો પ્રહાર કર્યો. આ સમય દરમિયાન તેમણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે આરએસએસને આતંકવાદી સંગઠન ગણાવ્યું છે. દલવાઈએ કહ્યું કે પાકિસ્તાનમાં આઈએસઆઈ છે અને ભારતમાં આરએસએસ છે.

કોંગ્રેસના નેતા હુસૈન દલવાઈએ કહ્યું હતું કે, ‘આરએસએસ એક આતંકવાદી સંગઠન છે. તેઓ જે રીતે બોલ્યા, જેમ કે કેરળના એક નેતાએ કહ્યું કે પાકિસ્તાનમાં આઈએસઆઈ અને અહીં આરએસએસ. ઘરમાં તલવારો અને છરીઓ રાખવી એ કોઈ મુદ્દો ન હોવો જોઈએ, અહીં શાંતિ હોવી જોઈએ. જો આતંકવાદી આરએસએસ અહીં શાંતિને ખલેલ પહોંચાડવા માગે છે, તો જનતાએ તેના પર ધ્યાન આપવું જોઈએ.’

### આરએસએસએ સ્પષ્ટતા આપવી જોઈએ

તેમણે વધુમાં કહ્યું હતું કે, ‘શું આરએસએસ અહીં એ જ રીતે કામ કરવાનું શરૂ કરી રહ્યું છે જે રીતે આઈએસઆઈ પાકિસ્તાનમાં કામ કરે છે? આરએસએસના સભ્યોએ સ્પષ્ટ કરવું જોઈએ કે શું તેઓ આતંકવાદી સંગઠન છે.’

### કેરળના આરએસએસ નેતાએ છરી રાખવા વિશે શું કહ્યું હતું

તમને જણાવી દઈએ કે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ કેરળના કાસરગોડ જિલ્લામાં આરએસએસના વરિષ્ઠ નેતા કે. પ્રભાકર ભટે કહ્યું કે હિન્દુઓએ સ્વરક્ષા માટે ઘરમાં તલવારો અને છરીઓ રાખવા જોઈએ. પ્રભાકર ભટે એમ પણ કહ્યું હતું કે જો પહલગામ હુમલા દરમિયાન હિન્દુઓએ તલવારો બતાવી હોત તો તે પૂરતું થઈ રહ્યું હોત. તેમણે કહ્યું કે છ ઇંચની છરી રાખવા માટે કોઈ લાઇસન્સની જરૂર નથી. તેમના નિવેદન પર, કોંગ્રેસ નેતા હુસૈન દલવાઈએ આરએસએસ પર નિશાન સાધ્યું છે અને તેને આતંકવાદી સંગઠન ગણાવ્યું છે. ■

# પહલગામ મુદ્દે બોલાવો સંસદનું વિશેષ સત્ર: કૉંગ્રેસને શરદ પવારનો ટેકો

થાણે: એનસીપી (એસપી)ના વડા શરદ પવારે બુધવારે પહલગામ આતંકવાદી હુમલા પર ચર્ચા કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવાની કોંગ્રેસની માગણીને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે આનાથી દેશમાં એકતાનો સંદેશ જશે.

અહીં ‘તુળજા ભવાની’ મંદિરમાં પ્રતિષ્ઠા સમારોહમાં હાજરી આપ્યા બાદ પત્રકાર પરિષદને સંબોધતા, પવારે કાશ્મીરમાં પ્રવાસીઓના હત્યાકાંડને દેશ પર હુમલો ગણાવ્યો અને કહ્યું કે કેન્દ્ર આ મામલે જે પણ પગલાં લેશે તેમાં તેઓ તેમને સમર્થન આપશે.

‘અમારા કેટલાક સાથીઓએ (સંસદના ખાસ સત્ર બોલાવવાની) માગણી કરી છે. આખો દેશ આ મુદ્દા પર એક છે. બધા પક્ષો અને સંસદ એક છે. (પહલગામ પર) એક ખાસ સત્ર દુનિયાને આ સંદેશ મોકલવા માટે ઉપયોગી થશે,’ એમ પવારે કહ્યું હતું.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને પહલગામ આતંકવાદી હુમલા પર ચર્ચા કરવા અને સામૂહિક સંકલ્પ દર્શાવવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવા વિનંતી કરી છે.



**શુભમ્ કરોતી...:** અક્ષય તૃતીયાના શુભ મુહૂર્તે થાણેના પાચપાખાડીના ગણેશવાડી વિસ્તારમાં તુળજાપુર મંદિરની પ્રતિકૃતિ ધરાવતા મંદિરમાં એનસીપી-એસપીના પ્રમુખ શરદ પવાર અને તેમનાં પત્ની પ્રતિભા પવારના હસ્તે પૂજા કરવામાં આવી હતી. આ નિમિત્તે ભક્તોની જબરદસ્ત ભીડ જામી હતી. (જયપ્રકાશ કેળકર)

‘વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના સાથીદારો જે પણ પગલાં લેશે તેને અમે સંપૂર્ણ સમર્થન આપીશું,’ એમ ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાને કહ્યું હતું અને ઉમેર્યું કે આવા મામલાઓમાં ધર્મ, જાતિ અને ભાષાને સામેલ ન કરવી જોઈએ.

મીડિયા સાથેની વાતચીત દરમિયાન તેમણે શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા અને તેમના પિતરાઈ ભાઈ રાજ ઠાકરે વચ્ચે સમાધાનની શક્યતા વિશેના પ્રશ્નનો પણ જવાબ આપ્યો હતો. ‘જો આવું થાય છે, તો તે સારા માટે છે. જ્યારે બે પરિવારો એક સાથે આવે છે, ત્યારે તે હંમેશા સકારાત્મક વિકાસ હોય છે,’ એમ તેમણે કહ્યું હતું. ■

# કોસ્ટલ રોડના વરલી જેટ્ટી પર બનશે હેલીપેડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ કોસ્ટલ રોડ પર હેલીપેડ બનાવી શકાય કે નહીં તેનો અભ્યાસ કરવા માટે નીમવામાં આવેલા પવન હંસ લિમિટેડે પોતાનો રિપોર્ટ મુંબઈ મહાનગરપાલિકાને સોંપી દીધો છે, તે મુજબ વરલી જેટ્ટી પર મધ્યમ સાઈઝનું હેલી પેડ બનાવવામાં આવવાનું છે. તે માટે કોસ્ટલ રેગ્યુલેશન ઝોનથી લઈને જુદી જુદી સરકારી એજન્સીઓ પાસેથી મંજૂરી મેળવવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવવાની હોવાનું કોસ્ટલ રોડ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અધિકારીએ જણાવ્યું હતું. પાલિકાએ પવન હંસ લિમિટેડને કોસ્ટલ રોડ પર હેલી પેડ બનાવી શકાય કે નહીં તે માટે ફિઝિબિલિટી સ્ટડી કરવા માટે નીમી હતી.તેના રિપોર્ટ મુજબ કોસ્ટલ રોડના બાંધકામ દરમ્યાન વરલી ડેરીની સામે રો-મટિરિયલના હેરફેર માટે બનાવેલી વરલી જેટ્ટી પર જ હેલીપેડ બનાવી શકાશે. હાલ કોસ્ટલ રોડ પર વરલી જેટ્ટી અને અમરસન્સ ગાર્ડન નજીક જેટ્ટી છે. કોસ્ટલ રોડનું કામ પૂરું થયા પછી પણ સુરક્ષાને ધ્યાનમાં રાખીને વરલી જેટ્ટીને તોડી પાડવાને બદલે રાખી મૂકવામાં આવી હતી. ■

## સરકારી ક્વૉટાનો ફ્લૅટ

# સબ-ઈન્સ્પેક્ટરની વિધવા પાસેથી ૫૦ લાખ પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મિનિસ્ટર ક્વૉટામાં ૧૦ ટકાના ડિસ્કાઉન્ટ સાથે મ્હાડાનો ફ્લૅટ અપાવવાને બહાને સબ-ઈન્સ્પેક્ટરની વિધવા પાસેથી ૫૦ લાખ રૂપિયા કથિત રીતે પડાવવા બદલ પોલીસે બોરીવલીના શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. કાંદિવલીમાં રહેતી ૫૮ વર્ષની મહિલાનો પતિ ૨૦૧૭માં પોલીસ દળમાંથી નિવૃત્ત થયો હતો અને લિવર કૅન્સરને કારણે ૨૦૨૪માં તેનું નિધન થયું હતું. કૅન્સરનું નિદાન થયા પછી નિવૃત્ત સબ-ઈન્સ્પેક્ટરને સારવાર માટે બોરીવલીની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. એ દરમિયાન મહિલા કિરણ મહાડિક ઉર્ફે બંટીના સંપર્કમાં આવી હતી. મહિલાના પરિવાર સાથે મિત્રતા કરનારા બંટીએ મંત્રાલયમાં સારી વગ ધરાવતા લોકો સાથે તેની ઓળખાણ હોવાનું કહ્યું હતું.

એફઆઈઆર અનુસાર પોલીસ અધિકારીના નિધન પછી મહાડિકે બોરીવલીના ચીકુવાડી વિસ્તારમાં મ્હાડાનો ફ્લૅટ ૧૦ ટકા ડિસ્કાઉન્ટમાં અપાવવાની ખાતરી આપી હતી. આ માટે રાજકીય લાગવગ ધરાવતા મંદાર બોરકરની મદદ મળી રહેશે, એવું જુઠ્ઠાણું ચલાવ્યું હતું.

ફ્લૅટની કિંમત ૭૦ લાખ રૂપિયા હોવાનો દાવો મહાડિકે કર્યો હતો. પોતાની પાસે આટલી રકમ ન હોવાનું મહિલાએ કહેતાં મહાડિકે પહેલાં ૨૦ લાખ રૂપિયા ચૂકવવાનું કહ્યું હતું. બાકીની રકમની લોન કરાવી આપવાની વાત તેણે ઉચ્ચારી હતી. જોકે બાદમાં મહાડિકે ૫૦ લાખ રૂપિયા માગ્યા હતા. ■

# ભૂરાજકીય તણાવ સાથે બજાજ ટ્વિન્સની આગેવાનીએ વેચવાલી વધતા બજાર અથડાઇ ગયું, બેન્ચમાર્કે સુધારો ગુમાવ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ નાપાક પાકિસ્તાન સાથે યુદ્ધના ચણભણાટ વચ્ચે વધેલા ભૂરાજકીય તણાવ વધવા સાથે બજાજ ટ્વીન્સ શેરોની આગેવાનીએ વેતવાલીનું દબામ વધતા બંને બેન્ચમાર્ક સત્ર દરમિયાનનો સુધારો ગુમાવીને સાધારણ ઘટાડા સાથે નેગેટીવ ઝોનમાં લપસી ગયા હતા. જોકે, વિદેશી ભંડોળના સતત આંતરપ્રવાહે બજારોમાં ઘટાડાને મર્યાદિત રાખ્યો હતો.

બેન્ચમાર્ક સેન્સેક્સ ૪૬.૧૪ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા ઘટીને ૮૦,૨૪૨.૨૪ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૦,૫૨૫.૬૧ પોઇન્ટની ઊંચી સપાટી અને ૭૯,૮૭૯.૧૫ પોઇન્ટની નીચી સપાટી ૬૪૬.૪૬ પોઈન્ટની અફડાતફડી સાથે ફંગોળાયો હતો. નિફ્ટી ૧.૭૫ પોઈન્ટ અથવા ૦.૦૧ ટકા ઘટીને ૨૪,૩૩૪.૨૦ પોઇન્ટના સ્તરે સ્થિર થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી, બજાજ ફિનસર્વમાં પાંચ ટકાથી વધુ કડાકો હતો, જ્યારે બજાજ ફાઇનાન્સ પણ લગભગ પાંચ ટકા તૂટ્યો હતો. સેન્સેક્સના ૩૦-શેર પેકમાંથી ટોપ લુઝર્સની યાદીમાં રહેલા અન્ય શેરોમાં ટાટા મોટર્સ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટાટા સ્ટીલ અને એશિયન પેઇન્ટ્સનો સમાવેશ થાય છે. મારુતિ, ભારતી એરટેલ, પાવર ગ્રીડ, હિન્દુસ્તાન યુનિલિવર અને એચડીએફસીઈ બેંકનો ટોપ ગેઇનર્સ શેરોની યાદીમાં સમાવેશ હતો. નિફ્ટીના શેરોમાં મારુતિ સુઝુકી, એચડીએફસી લાઇફ, ભારતી એરટેલ, એસબીઆઈ લાઇફ ઇન્શ્યોરન્સ, પાવર ગ્રીડ કોર્પ મુખ્ય વધનાર શેર હતા, જ્યારે બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ, ટ્રેન્ટ, ટાટા મોટર્સ, એસબીઆઈ મુખ્ય ઘટનાર શેર હતા. એનએસઇના આઇપઓ સંદર્ભે સેબીએ જણાવ્યું હતું કે તે અમુક મહત્ત્વના મુદ્દાના ઉકેલ માટે એક્સચેન્જ સાથે ચર્ચામાં છે.

સેકટરલ ધોરણે રિયલ્ટી ઇન્ડેક્સ લગભગ બે ટકા અને ટેલિકોમ ઇન્ડેક્સ એક ટકા વધ્યા હતા, જ્યારે મીડિયા, પીએસયુ બેંક શેરઆંક બે ટકા અને આઇટી, બેંક, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કેપિટલ ગુડ્સ શેરઆંક ૦.૫ ટકા ઘટ્યા હતા. સીઇઓ સુમંત કથપલિયાને પદથી દૂર કરાયા બાદ ઇન્ડસઇન્ડ બેન્કના શેરમાં ત્રણેક ટકાનો કડાકો નોંધાયો હતો.

બજાજ ફિનસર્વ સવારના સત્રમાં લગભગ સાતેક ડકા તૂટ્યો હતો. કંપનીએ મંગળવારે માર્ચ ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ૧૪ ટકાના વધારા સાથે રૂ. ૨,૪૧૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એફએમસીજી કંપની બજાજ ફાઇનાન્સે મંગળવારે માર્ચ ૨૦૨૫ના ક્વાર્ટરમાં ૧૬ ટકાના વધારા સાથે રૂ. ૩,૯૪૦ કરોડનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

કોર્પોરેટ ટ્રેનિંગ અને ડિજિટલ લર્નિંગ સોલ્યુશન્સ પ્રોવાઇડર વેગન્સ લર્નિંગ લિમિટેડ બીજી મે, ૨૦૨૫ના રોજ ૩૦.૮૦ લાખ ફ્રેશ ઇક્વિટી અને ૧૬ લાખ ઇક્વિટી શેરની ઑફર ફોર સેલ મળીને કુલ રૂ. ૩૮.૩૮ કરોડની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે, જેની પ્રાઇઝ બેન્ડ રૂ.૭૮થી રૂ. ૮૨ પ્રતિ શેર છે. લોટ સાઇઝ ૧,૬૦૦ ઇક્વિટી શેરની છે.

બીએસઈ મીડકેપ ઈન્ડેક્સ ૦.૭ ટકા ઘટ્યો હતા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૭ ટકા ઘટ્યો હતો. વિશ્વની સૌથી મોટી વર્કિંગ કેપિટલ ઇકોસિસ્ટમનું નિર્માણ કરતી વીફિન સોલ્યુશન્સ લિમિટેડએ ઓડિટેડ નાણાકીય વર્ષ ૨૦૨૫ સંકલિત નાણાકીય કામગીરીમાં ૨૨૧.૮૫ ટકાની વાર્ષિક ધોરણની વૃદ્ધિ સાથે રૂ. ૮૦.૪૪ કરોડની કુલ આવક અને ૮૦.૮૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૩.૩૮ કરોડનો ચોખ્ખો નફો અને ૨૬.૧૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૬.૧૫ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

ગેન્સોલ એન્જિનિયરિંગમાં સતત ૧૫મા દિવસે પાંચ ટકાની નીચલી સર્કિટ લાગી હતી. મોટોરોલાએ તેની એજ ૬૦ સિરિઝના ત્રીજા ફોન, મોટોરોલા એજ ૬૦ પ્રોનું લોન્ચિંગ કર્યુ છે, જે મીડિયાટેક ડાયમેન્સિટી ૮૩૫૦ એક્સટ્રીમ દ્વારા સંચાલિત છે અને તેમાં ૬.૭ ઇંચ ક્વાડ કર્વ્ડ ડિસ્પ્લે છે જેમાં પેન્ટોન દ્વારા રંગ ચોકસાઈ માટે સમર્થન છે. આ સેગમેન્ટમાં એકમાત્ર ૫૦ એમપીના બે અને ૫૦ એક્સ એઆઇ કેમેરા સિસ્ટમ સાથેનો ફોન ૬૦૦૦ એમએએચ બેટરી ધરાવે છે.

''આ મહિને વ્યાપક બજારે સારું પ્રદર્શન કર્યું, જેનું મુખ્ય કારણ ટેરિફ જોખમોમાં ઘટાડો, સંભવિત યુએસ-ભારત વેપાર સોદો અને મજબૂત એફઆઇઆઇ પ્રવાહ છે. જોકે, ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ અને ચોથા ક્વાર્ટરના મંદ પરિણામો દ્વારા ગતિ મર્યાદિત થઇ રહી છે. આ નકારાત્મક પૂર્વગ્રહ નજીકના ગાળામાં ચાલુ રહેવાની ધારણા છે, પરંતુ લાંબા ગાળાનું દૃષ્ટિકોણ સકારાત્મક રહે છે. પરિણામે, કોઈપણ કોન્સોલિડેશનના તબક્કાનો ઉપયોગ રોકાણની તક તરીકે થવાની સંભાવના, જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના સંશોધન વડા વિનોદ નાયરે વ્યક્ત કરી છે.

એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ અને શાંઘાઈ એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થિર થયા હતા જ્યારે ટોકિયોનો નિક્કી ૨૨૫ અને હોંગકોંગનો હેંગ સેંગ બેન્ચમાર્ક પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યા હતા. યુરોપમાં બજારો ઊંચા ભાવે ક્વોટ થયા હતા. મંગળવારે યુએસ બજારો હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા.

એક્સચટેન્જના ડેટા અનુસાર, મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨,૩૮૫.૬૧ કરોડ રૂપિયાના ઇક્વિટી શેરોની ખરીદી નોંધાવી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૯૨ ટકા ઘટીને ૬૩.૬૬ ડોલર પ્રતિ બેરલ થયો હતો.

મંગળવારે બીએસઇ બેન્ચમાર્ક ૭૦.૦૧ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા વધીને ૮૦,૨૮૮.૩૮ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૭.૪૫ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકાના નજીવા વધારા સાથે ૨૪,૩૩૫.૯૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. ગુરુવારે 'મહારાષ્ટ્ર દિવસ' નિમિત્તે શેરબજાર બંધ રહેશે.

# ડૉલર સામે રૂપિયો ૪૨ પૈસા ઊંચકાયો

મુંબઈઃ ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારત સાથે વેપાર વાટાઘાટો સકારાત્મક દિશામાં આગળ વધી રહી હોવાનું જણાવતાં અમેરિકા સાથે ટ્રેડ ડીલ થવાનો આશાવાદ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વધુ રૂ. ૨૩૮૫.૬૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૫ પૈસા ઊંચકાઈને ૮૪.૫૪ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં ભારત-પાક વચ્ચે રાજકીય ભૌગોલિક તણાવ સપાટી પર હોવાથી સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૬૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૧૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૧૫ અને ઉપરમાં ૮૪.૪૭ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૪૨ પૈસા વધીને ૮૪.૫૪ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૭ પૈસા વધીને બંધ રહ્યો હતો. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળના પહેલા ૧૦૦ દિવસ બાબતે વ્હાઈટ હાઉસમાં કરેલા સંબોધનમાં જણાવ્યું હતું કે ભારત સાથે વેપાર વાટાઘાટો સારી રીતે ચાલી રહી છે અને ટ્રેડ ડીલ અંગેનો આશાવાદ વ્યક્ત કર્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાથી અને આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૮૧ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી બજારનાં સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૦ ટકા વધીને ૯૯.૪૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૬.૧૪ પૉઈન્ટનો અને ૧.૭૫ પૉઈન્ટનો ઘટાડો આવતા સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે-અમદાવાદ**

**સાબરમતી-સરખેજ સેક્શનના દ્વિકરણના સંબંધમાં વિવિધ કામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી **ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ) |||,** પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે મુજબ ઈ-ટેન્ડર નોટીસ પ્રસ્તુત કરે છે. **(૧) કામનું નામ તેના સ્થળ સહિતઃ ઈ-ટેન્ડર નોટીસ નં. ડેપ્યુ.સીઈ(સી)|||/એડીઆઈ/એસબીઆઈ-એસઈજે/૦૧ (RI-૧):** પશ્ચિમ રેલવે ઉપર ભાવનગર ડિવિઝનના સાબરમતી-સરખેજ સેક્શનના દ્વિકરણના સંબંધમાં સાબરમતી D કેબિન (સહિત) થી સરખેજ (સહિત) સુધી કામની સફળ પૂર્ણતા માટે જરૂરી એવા ફોર્મેશનમાં અર્થકામ, બ્લેન્કેટીંગ, ટ્રોલી રેફ્યુજીસ અને (પીચીંગ, ટો વોલ, ફ્લોર પ્રોટેક્ટશન જેવા પરચુરણ કામ સહિત) મુખ્ય બ્રિજીસ, નાના બ્રિજીસ, RUBs/LHSs અને રેલવે ફલાયઓવરના બાંધકામ, બિલ્ડીંગ માળખાઓ, પેસેન્જર્સ પ્લેટફોર્મ, આસપાસના વિસ્તારના બાંધકામ, LC ગેટ લોજીસ, LC રોડ્સના બાંધકામ, પોઈન્ટ્સ અને ક્રોસિંગ્સ સહિત બ્રોડગેજ મુખ્ય લાઈન, લૂપ લાઈન્સને પાથરવાના અને જોડવાના, ટ્રેકનું ટેમ્પીંગ, LWRs ના ડિસ્ટ્રેસીંગ, પી.વે સામગ્રીના પરિવહન, સ્ટોન બલાસ્ટની આપૂર્તિ કરવાના અને જાળવવાના અને અન્ય સંબંધિત સિવિલ એન્જિનિયરીંગ કામ, સિગ્નલીંગ અને ટેલિકોમ, ઈલેક્ટ્રિકલ અને TRD કામ. **(૨) કામની અંદાજીત પડતરઃ** ₹ ૧૪૪,૪૯,૦૨,૯૪૫.૦૦ **(૩) જમા કરાવવાની અર્નેસ્ટમનીઃ** ₹ ૭૩,૭૪,૫૦૦.૦૦ **(૪) પૂર્ણ કરવાનો સમયગાળોઃ** ૨૪ (ચોવીસ) મહિના **(૫) બીડ નિયત તારીખઃ** તા.૨૦-૦૫-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે **(૬) બીડ સિક્યુરીટીની મૂળ BG ની ભૌતિક રજૂઆત :** તા.૧૯-૦૫-૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી. **(૭) ટેકનિકલ બિડ ખુલવાની તારીખ :** તા.૨૦-૦૫-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે. **(૮) ટેન્ડર સિસ્ટમ :** બે પેકેટ સિસ્ટમ. **(૯) બધા ટેન્ડરરો દ્વારા પરિશિષ્ટ-V માં આપેલ મુજબ સર્ટિફીકેટ જમા કરાવવું આવશ્યક છે. જેના આધારે ટેન્ડરરોની પાત્રતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. (૧૦) વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ** www.ireps.gov.in ડેપ્યુ. ચીફ એન્જીનીયર, (બાંધકામ)||| ની ઓફિસ, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'A' વિંગ, નિર્માણ ભવન, જીસીએસ હોસ્પિટલ સામે, અસારવા, અમદાવાદ-૩૮૨૩૪૫.

CPM-002

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# ખાંડમાં ₹ ૬થી ૧૦નો ધીમો સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. છ અને રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના સુધારા સાથે રૂ. ૩૯૩૨થી ૩૯૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ વધીને રૂ. ૪૦૧૨થી ૪૦૬૨માં થયા હતા.

# અખાત્રીજના સપરમા દહાડે સોનામાં ₹ ૧૬૫૦નો અને ચાંદીમાં ₹ ૩૨૭૬નો કડાકોઃ માગ ખૂલવાનો આશાવાદ

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરનો તણાવ હળવો થવાનો આશાવાદ અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ નિરસ રહેતાં ભાવમાં અનુક્રમે ૧.૧ ટકાનો અને ૨.૨ ટકાનો ઘટાડો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૫ પૈસા મજબૂત થયો હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૪૪થી ૧૬૫૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨૭૬નો કડાકો બોલાઈ ગયો હતો અને ભાવ રૂ. ૯૫,૦૦૦ની સપાટીની અંદર ઊતરી ગયા હતા. આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૨૭૬ના ગાબડાં સાથે રૂ. ૯૪,૧૧૪ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતાં સોનાના ભાવ દબાણ હેઠળ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૪૪ના કડાકા સાથે રૂ. ૯૩,૯૮૩ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૬૫૦ના કડાકા સાથે તૂટીને રૂ. ૯૪,૩૬૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે મધ્યસત્ર સુધી જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી પાંખી રહી હતી, પરંતુ આજે સોનાચાંદી જેવી કિંમતી ધાતુઓ ખરીદવા માટે સપરમો ગણાતો અખાત્રીજનો દિવસ હોવાથી પાછોતરા સત્રમાં માગ ખૂલવાનો જ્વેલરો આશાવાદ સેવી રહ્યા હતા. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરનો તણાવ હળવો થતાં સલામતી માટેની માગ નિરસ રહેવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં પણ સુધારાતરફી વલણ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨૭૯.૫૧ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા ઘટીને ૩૨૮૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૨૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં ૦.૧ ટકાનો સુધારો આવ્યો હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું એબીસી રિફાઈનરીનાં ઈન્સ્ટિટ્યૂશનલ માર્કેટ વિભાગના હેડ નિકોલસ ફ્રેપેલે જણાવ્યું હતું. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગઈકાલે ઑટો ટૅરિફ હળવો કરવાનો આદેશ આપ્યો હતો અને તેની ટ્રેડ ટીમે વિદેશી વેપારી ભાગીદાર સાથેની પહેલી ડીલની જાહેરાત કરી હતી. જોકે, ટ્રમ્પનું વહીવટીતંત્ર ટૅરિફ હળવા કરી રહ્યા હોવા છતાં દર એકંદરે ઊંચા હોવાથી રોકાણકારોનો વિશ્વાસ નબળો પડ્યો હોવાનું કેપિટલ ડૉટ કૉમના ફાઈનાન્સિયલ માર્કેટના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવ્યું હતું.

હાલના તબક્કે બજાર વર્તુળોની નજર ફેડરલનાં વ્યાજદરમાં કપાત અંગે નિર્ણાયક પુરવાર થાય તેવા આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરનાં ડેટા પર અને શુક્રવારે જાહેર થનારા નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ છે. જોકે, આ વર્ષના અંત સુધીમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૯૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો આશાવાદ ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે.

# ચીનના ઉત્પાદનના ડેટા નબળા આવતા વિશ્વ બજાર પાછળ ધાતુમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનના વર્તમાન એપ્રિલ મહિનાના ઉત્પાદનના ડેટા નબળા આવ્યા હોવાથી આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપરની આગેવાની હેઠળ વિવિધ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૭ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

ટ્રેડ વૉરની ચિંતા હેઠળ વર્તમાન મહિનાનો ચીનનો ઔદ્યોગિક ઉત્પાદનનો આંક આગલા માર્ચ મહિનાના ૫૦.૫ પૉઈન્ટ સામે ઘટીને ૪૯ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ સાથે લંડન ખાતે સત્રના આરંભે કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકાના ઘટાડા સાથે ટનદીઠ ૯૩૭૯.૫૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે કોપરમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહી હતી અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૮૫૫, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૮૨૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૮૧૬ અને કોપર આર્મિચર તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને અનુક્રમે રૂ. ૮૦૬ અને રૂ. ૭૪૪ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે કોપરની આગેવાની હેઠળ અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં ઘટાડો આવ્યો હતો, જેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૫૪૫, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૫૮૦, ઝિન્ક સ્લેબ અને ટીનના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૨૫૨ અને રૂ. ૨૭૯૩ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૨૩૮ અને રૂ. ૧૩૫૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી વપરાશકાર ઉદ્યોગની માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૫ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# દેશી-આયાતી તેલમાં આગળ ધપતો ઘટાડો

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૦૬ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૩ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો, આરબીડી પામોલિન અને સિંગતેલમાં રૂ. ૧૦નો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આગળ ધપ્યો હતો, જ્યારે સન રિફાઈન્ડ અને સરસવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યા હતા.

દરમિયાન કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસની પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન એપ્રિલ મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા માર્ચ મહિનાના ૧૦,૬૬,૪૭૭ ટન સામે ૫.૦૯ ટકા વધીને ૧૧,૨૦,૭૪૭ ટનની સપાટીએ રહી હતી. તેમ જ આજે ઈન્ડોનેશિયાએ આગામી મે મહિના માટે ક્રૂડ પામતેલના રેફરન્સ રેટ જે એપ્રિલ મહિના માટે ટનદીઠ ૯૬૧.૫૪ ડૉલર હતા તે ઘટાડીને ૯૨૪.૪૬ ડૉલર નિર્ધારિત કર્યા હોવાના અહેવાલ હતા. વધુમાં આજે ગુજરાતનાં ગોંડલ મથકે મગફળીની ૧૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૬૦માં અને રાજકોટની મંડીમાં ૩૬૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૫૦માં થયા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૧૫ અને રૂ. ૧૩૫૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડન અનુક્રમે રૂ. ૧૨૨૫ અને રૂ. ૧૨૫૦, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૧ અને રૂચી તથા રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦થી ૧૨૪૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, સિંગતેલના રૂ. ૧૩૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫ અને સરસવના રૂ. ૧૩૩૦ના મથાળે રહ્યા હતા.

**मुंबई इमारत दुरुस्ती व पुनर्रचना मंडळ, मुंबई (म्हाडाचा घटक)**

उपमुख्य अधिकारी/पुगा, गृहनिर्माण भवन, कक्ष क्र. ३७२, दुसरा मजला, कलानगर, वांद्रे(पु), मुंबई-५१

म्हाडा MHADA

जाहीरात क्रमांक : ०२/२०२५

**जाहिरात**

मुंबई इमारत दुरुस्ती व पुनर्रचना मंडळाच्या अखत्यारीतील उपकर प्राप्त इमारतीमधील ज्या भाडेकरु / रहिवाशी यांना निष्कासन सूचना (व्हेकेशन नोटीस) देऊन इमारत खाली करण्यात आलेली आहे व त्यांच्या मूळ इमारतीचा अरुंद भूखंड , आरक्षण, रस्ता रुंदीकरण इत्यादी कारणामुळे पुनर्विकास शक्य नाही. तसेच उपकरप्राप्त इमारती पुनर्रचित झालेल्या आहेत, परंतु कमी गाळे बांधले गेले आहेत अशा वंचित मुळ भाडेकरु / रहिवाशी यांना यापूर्वी मंडळाद्वारे पुनर्रचित / पुनर्विकसित इमारतीमध्ये कायमस्वरुपी गाळा देण्यात आलेला नाही व त्यांचे वारसदार संक्रमण शिबीरात स्वत: अधिवास धारण करीत आहेत. अशा ख-याखु-या मूळ भाडेकरु / रहिवाशी अथवा त्यांचे वारसदार यांचेकडून **दि.०१/०५/२०२५ सकाळी १०.०० वाजता पासून ते २०/०५/२०२५ रात्री ११.५९ पर्यंत** बृहतसूचीवरुन पात्रता निश्चित करुन गाळे वितरणासाठी ऑनलाईन अर्ज मागविण्यात येत आहेत. अर्जदाराची नोंदणी व ऑनलाईन अर्ज भरण्याची पध्दत म्हाडा संकेतस्थळ **masterlist.mhada.gov.in** वर उपलब्ध आहे.

**ऑनलाईन अर्ज करण्याची कार्यपध्दत खालील प्रमाणे.**

Step -१. सर्वप्रथम अर्जदार यांनी म्हाडा संकेतस्थळ www.mhada.gov.in. वर citizen corner मध्ये जाऊन Application for Masterlist वर Click करुन नोंदणी (Registration) करावे.

**अथवा**

**masterlist.mhada.gov.in** या संकेतस्थळावर जावून Registration करावे.

Step-२. Login करण्यासाठी नोंदणी (Registration) करताना वापरलेल्या e-mail ID व पासवर्ड (Password) ने Login करावे.

**सदर e-mail ID व पासवर्ड (Password) जतन करुन ठेवावा.**

Step-३. Login केल्यानंतर आपणांस अर्ज करण्याच्या सुचना व पध्दती [Guidelines/ User Manual] दिसून येईल. त्यानुसार आपणांस अर्ज करणे सोपे होईल.

सूचना :-

१] नोंदणी(Registration) करताना अर्जदाराचा वैध मोबाईल नंबर आणि ई-मेल पत्ता असणे आवश्यक आहे.

२) अर्ज भरण्याच्यावेळी अर्जदाराकडे खालील कागदपत्रांच्या Scanned Copy असणे आवश्यक आहे.

i] अर्जदाराचा रंगीत फोटो. (jpg format)

ii] अर्जदाराच्या हस्ताक्षर किंवा अंगठयाचा ठसा आदीचा फोटो ( jpg format )

iii] आधार कार्ड (pdf Format)

iv] व्हेकेशन नोटीस , जुन्या इमारतीतील गाळ्यांची भाडेपावती, विद्यूत देयक, संक्रमण शिबीरातील गाळ्याचे वितरण आदेश व ताबा पावती (pdf Format)

v] हस्तांतरण करारनामा (Transfer Agreement) (pdf Format)

**टीप :-**

१. ज्यांना यापूर्वी बृहतसूची समितीने पात्र घोषित केलेले आहे अशा व्यक्तींनी नव्याने अर्ज दाखल करु नये. तसेच ज्या अर्जदारांनी ऑनलाईन पध्दतीने अर्ज दाखल केला आहे अशा अर्जदारांनी पुनश्च नव्याने अर्ज दाखल करु नये.

२. तथापि, ज्यांनी यापुर्वी बृहतसुचीकरीता ऑफलाईन पध्दतीने अर्ज केलेला आहे परंतु त्यांचे प्रकरण अद्याप प्रलंबित आहे अशा व्यक्तीनी नव्याने ऑनलाईन अर्ज दाखल करावा.

३. अर्ज यशस्वीरित्या Submit केल्यानंतर, अर्जदाराने स्वत: प्रमाणित केलेले, अर्जासोबत ऑनलाईन दाखल केलेले कागदपत्र ३० दिवसांच्या कालावधीत खाली नमूद केलेल्या पत्त्यावर जमा करावीत.

**पत्ता:- खोली क्र. ३७२, दुसरा मजला, म्हाडा गृहनिर्माण भवन, कलानगर, बांद्रा पुर्व, मुंबई - ५१.**

४. सुनावणीच्या वेळेस अर्जदाराने सर्व Upload केलेल्या कागदपत्रांच्या मूळ प्रती व त्यासंबंधीत कागदपत्रे सोबत आणणे बंधनकारक आहे.

अर्जदाराची पात्रता व पुनर्रचित / पुनर्विकसित गाळ्याचे वितरण याबाबत म्हाडा अधिनियम १९७६ व विनियम १९८१ तसेच शासनाचे व म्हाडाचे नूतन धोरणातील तरतुदीमधील धोरणानुसार गुणवत्तेवर निर्णय घेण्यात येईल.

सही/-
मुख्य अधिकारी,
मुंबई इमारत दुरुस्ती व पुनर्रचना मंडळ, मुंबई

CPRO/A/369

म्हाडा-गृहनिर्माण क्षेत्रातील देशातील अग्रगण्य संस्था

Follow us mhadaofficial

# વર્ષ ૨૦૨૪-૨૫માં એરંડાનું ઉત્પાદન ૨૧ ટકા ઘટવાનો ઉદ્યોગનો અંદાજ

નવી દિલ્હીઃ ગત જુલાઈ મહિનાથી શરૂ થયેલા વર્તમાન પાક વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રતિકૂળ હવામાનને કારણે દેશમાં એરંડાનું ઉત્પાદન ૨૧ ટકા ઘટીને ૧૫.૬ લાખ ટન આસપાસ રહેવાની શક્યતા સ્થાનિક અગ્રણી ઔદ્યોગિક સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને તૃતિય અંદાજ મૂક્યો છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે અગાઉ એસોસિયેશને ૧૮.૨ લાખ ટનના ઉત્પાદનનો અંદાજ મૂક્યો હતો, પરંતુ આ વર્ષે વાવેતર વિસ્તારમાં ઘટાડો અને પ્રતિકૂળ હવામાનને કારણે ઊપજમાં પણ ઘટાડો થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં અંદાજમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

એસોસિયેશનના જણાવ્યાનુસાર ગત ફેબ્રુઆરી મહિનાથી એરંડાના મુખ્ય ઉત્પાદક રાજ્યો ગુજરાત અને રાજસ્થાનમાં તાપમાનમાં થયેલા વધારાને માઠી અસર પડી છે. તેમાં પણ ખાસ કરીને પાછોતરા અને પુનઃ વાવેતર થયું હોય તેવા જિલ્લાઓમાં વધુ માઠી અસર પડી છે.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આ વર્ષે દેશમાં એરંડાનો વાવેતર વિસ્તાર આગલા વર્ષ ૨૦૨૩-૨૪ના ૯.૮૮ લાખ હેક્ટર સામે ૧૨ ટકા ઘટીને ૮.૬૮ લાખ હેક્ટરના સ્તરે રહ્યો હતો. આ વર્ષે એરંડાના અગ્રણી ઉત્પાદક રાજ્ય ગુજરાતમાં ઉત્પાદન ગત સાલના ૧૫.૭૪ લાખ ટન સામે ૧૨.૨૬ લાખ ટન રહેવાનો તેમ જ રાજસ્થાન, આંધ્ર પ્રદેશ તથા તેલંગણામાં પણ ઉત્પાદન ઘટવાની શક્યતા એસોસિયેશને વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે આગામી ચતુર્થ અંદાજ મે મહિનામાં સર્વેક્ષણ થયા બાદ જાહેર કરવામાં આવશે.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

૧લી મે, ૨૦૨૫

# ગુજરાત ગૌરવ દિવસની

## સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ





ગુજરાત ગૌરવ દિવસ
પંચમહાલ ૨૦૨૫



ભવ્ય ગુજરાત, દિવ્ય ગુજરાત

**જય જય ગરવી ગુજરાત**

પંચમહાલને ₹**૬૫૦ કરોડ**થી વધુની રકમના
કુલ **૮૫** વિકાસકાર્યોની ભેટ

ગુજરાતના માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રતજી**
સમારોહનું અધ્યક્ષસ્થાન શોભાવશે

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત ગૌરવ દિવસના વિવિધ કાર્યક્રમોનું આયોજન

તારીખ ૧-૫-૨૦૨૫, ગુરુવાર

**પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરીનું લોકાર્પણ**
**સમયઃ** સવારે ૧૦:૧૦ વાગે
**સ્થળઃ** પંચામૃત ડેરી પાસે, ગોધરા.

**લોકાર્પણ અને ભૂમિપૂજન તથા શસ્ત્ર પ્રદર્શન**
**સમયઃ** સવારે ૧૦:૩૦ વાગે
**સ્થળઃ** રામ દરબાર મંદિર પાસે, છબનપુર,
ગોધરા-લુણાવાડા રોડ, ગોધરા.

**પોલીસ પરેડ નિરીક્ષણ**
**સમયઃ** સાંજે ૬:૦૦ વાગે
**સ્થળઃ** વાવડી ચોકડી પાસે, ગોધરા-બામરોલી રોડ, ગોધરા.

**સાંસ્કૃતિક કાર્યક્રમ**
**સમયઃ** સાંજે ૭:૩૦ વાગે
**સ્થળઃ** એસ.આર.પી. ગ્રાઉન્ડ, પંચામૃત ડેરી પાસે, ગોધરા.